TUESDAY
૧૨-૦૧-૨૦૨૧
વિ.સં. ૨૦૭૭, માગશર વદ ૧૪
અંક : ૮૪
કુલ પાના : ૧૦

સત્ય માટે, સત્ય સાથે સતત..

# ચક્રવાત

રાજકોટથી પ્રસિદ્ધ થતું અને સમગ્ર ગુજરાતમાં બહોળો ફેલાવો ધરાવતું દૈનિક અખબાર

નોકરી શોધતા લોકો માટે
ખુશખબર
ચક્રવાત દૈનિક સમાચારપત્રમાં દર બુધવારે તથા દર શનિવારે નોકરીની અપડેટ વાંચતા રહો
નોકરીની એડ આપવા માટે સંપર્ક : મો.૯૧૦૬૬૧૭૮૬૭

● મેનેજિંગ તંત્રીશ્રી : જિજ્ઞેશભાઈ કાલાવડીયા ● તંત્રીશ્રી : યાકુબ આર. બાદી ● એસો. એડીટર : જે.પી. જાડેજા ● હેડ ઓફિસ : ચક્રવાત ભવન, અંબાજી કડવા પ્લોટ, આનંદ બંગલા ચોક પાસે, મવડી રોડ, રાજકોટ. ● વર્ષ : ૭ ● RNI Reg. No.GUJGUJ/2013/66120 ●કિંમત રૂા. ૪

### કૃષિ કાયદા પર તમે રોક લગાવશો કે અમે પગલાં ભરીએ? : સુપ્રીમ કોર્ટ દ્વારા કૃષિકાયદા પર સ્ટે લાવવાની વિચારણા

# કોને પુછીને કાયદા બનાવ્યા હતા?? સુપ્રિમ સવાલ

(જી.એન.એસ)ન્યુ દિલ્હી,તા.૧૧

સુપ્રીમ કોર્ટે કૃષિ કાનૂનો પર આજે સખત વલણ અપનાવતાં સરકારને ફટકાર લગાવી છે. કોર્ટે સરકારને સીધો સવાલ કર્યો કે તે કાનૂનને સ્થગિત કરે છે કે પછી તેના પર રોક લગાવી દે? કોર્ટે કહ્યું કે ખેડૂતોની ચિંતાઓને કમિટીની સામે રાખવાની જરૂર છે. તેમણે પૂર્વ ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા આર એમ લોઢાની અધ્યક્ષતામાં કમિટિ બનાવવાનું સૂચન પણ આપ્યું. લોઢા સ્પોટ ફિક્સિંગ મામલામાં બનાવાયેલી કમિટિના અધ્યક્ષ પણ હતા. કોર્ટે ખેડૂત આંદોલન પર સરકારના વિવાદને ઉકેલવાની રીત સામે પણ નારાજગી વ્યક્ત કરી છે. સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે સરકારને તીખા સવાલો પણ પુછ્યા હતા. નોંધનીય છે કે આ મામલાને કાલે ફરીથી સાંભળવામાં આવશે અને તેમાં કમિટીના ગઠનને લઈને મોટો નિર્ણય સામે આવી શકે છે.

**આ જો તમે નહીં રોકો તો અમે રોકી દઇશું કાયદા, સરકારે જે પ્રકારે કામ લીધું તેનાથી કોર્ટે નિરાશા વ્યક્ત કરી**

સુપ્રીમ કોર્ટે કેન્દ્રને કહ્યું કે અમે નથી સમજતાં કે તમે યોગ્ય રીતે મામલાને હેન્ડલ કર્યો છે. કોર્ટે કહ્યું કે, અમે અત્યારે કાનૂનના મેરિટ પર જઈ રહ્યા નથી પણ અમારી ચિંતા હાલની ગ્રાઉન્ડ સ્થિતિને લઈને છે જે ખેડૂતોના પ્રદર્શનને કારણે થઈ છે. ખેડૂત સંગઠનોના વકીલ દુષ્યંત દવેએ કહ્યું કે, અમે ૨૬ જાન્યુઆરીને ટ્રેક્ટર માર્ચ કરવા જઈ રહ્યા નથી. તેઓએ કહ્યું કે આટલો મહત્વપુર્ણ કાયદો કેવી રીતે સંસદમાં ચર્ચા વગર ધ્વનિમતથી પાસ કરી દેવાયો.





ચીફ જસ્ટિસે કહ્યું કે અમને ખુશી થઈ છે કે દવેએ આમ કહ્યું. સુપ્રીમ કોર્ટે કહ્યું કે અમે પ્રદર્શનની વિરોધમાં નથી પણ જો કાનૂન પર રોક લગાવી દેવામાં આવે છે તો ખેડૂત શું પ્રદર્શન સ્થળથી પોતાના ઘરે પરત જતાં રહેશે? સુપ્રીમ કોર્ટે કહ્યું કે, ખેડૂત કાનૂન પરત ખેંચવા ઈચ્છે છે જ્યારે સરકાર મુદ્દાઓ પર વાત કરવા માગે છે. અમે અત્યારે કમિટી બનાવીશું અને કમિટીની વાતચીત ચાલુ રહેવા સુધી કાનૂનના અમલ પર અમે સ્ટે મૂકીશું.

જ્યારે સોલિસિટર જનરલે કમિટી માટે નામની ભલામણ માટે એક દિવસનો સમય માગ્યો તો ઝત્રૈએ કહ્યું કે, અમે રિટાયર થઈ રહ્યા છીએ. અમે આદેશ જાહેર કરીશું. તેના પર એટોર્ની જનરલે કહ્યું કે, આદેશને કાલે આપજો, ઉતાવળ ન કરો. તો સીજેઆઈએ કહ્યું કે, કેમ નહીં? અમે તમને બહુ લાંબો રસ્તો આપ્યો છે. અમને ધીરજ પર લેક્ચર ન આપો. અમે નક્કી કરીશું કે ક્યારે આદેશ આપવાનો છે. અમે આદેશનો અમુક ભાગ આજે આપી શકીએ છીએ અને બાકીનો કાલે.

વરિષ્ઠ વકીલ હરીશ સાલ્વેએ કહ્યું કે, જો કોર્ટ કાનૂન પર રોક લગાવે છે તો ખેડૂત પોતાનું આંદોલન પરત લઈ લે. તેના પર ચીફ જસ્ટિસે કહ્યું કે મિસ્ટર સાલ્વે, બધું એક આદેશથી હાંસલ કરી શકાતું નથી. ખેડૂત કમિટી પાસે જશે. કોર્ટ એ આદેશ પારિત કરી શકતી નથી કે નાગરિક પ્રદર્શન કરી શકતા નથી. સ્થિતિ દિવસે ને દિવસે ખરાબ થઈ રહી છે. ખેડૂત આત્મહત્યા કરી રહ્યા છે. ખેડૂત કાયદાના વિરોધમાં પ્રદર્શન કરી રહ્યા છે. તેઓને પોતાની સમસ્યાઓ કમિટીને સામે કહેવા દો. આ કમિટીના રિપોર્ટ ફાઈલ કર્યા બાદ કાનૂન પર કોઈ નિર્ણય લેવામાં આવશે. ચીફ જસ્ટિસે કહ્યું કે કોર્ટ કોઈપણ નાગરિકને એ આદેશ આપી શકતી નથી કે તમે પ્રદર્શન ના કરો. હા એ ચોક્કસ કહી શકાય કે તમે આ જગ્યાએ પ્રદર્શન કરો. જો કોઈ ઘટના બને છે તો તેના માટે જવાબદાર બધા રહેશે. ચીફ જસ્ટિસે કહ્યું કે અમને લાગે છે કે જે રીતે ધરણા પ્રદર્શન પર હરકતો (ઢોલ-નગારા વગેરે) થઈ રહી છે તેને જોતા લાગે છે કે એક દિવસ શાંતિપૂર્ણ પ્રદર્શનમાં કંઈક ઘટિત થઈ શકે છે. અમે નથી ઈચ્છતા કે કોઈ ઘાયલ થાય.

**તમે મામલાને હેન્ડલ નથી કરી રહ્યા, અમારે જ પગલાં લેવાં પડશે, થોડા સમય માટે પ્રતિબંધ લગાવવામાં વાંધો શુ છે? : સુપ્રિમ**

#### દિલ્હી,મહારાષ્ટ્ર,યુપી,એમપી, રાજસ્થાન-ગુજરાતમાં બર્ડ ફ્લુની પુષ્ટિ

## બર્ડ ફ્લૂનો પ્રકોપ : નવ રાજ્યોમાં અનેક પક્ષીઓના મોત

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૧૧

કોરોના વાયરસ સંક્રમણની વચ્ચે બર્ડ ફ્લૂ મોટો ખતરો બની રહ્યા છે અને મહારાષ્ટ્ર બાદ દિલ્હીમાં પણ તેની પુષ્ટિ થઈ ચૂકી છે. મહારાષ્ટ્રના પરભણી જિલ્લાના મુપરમ્બા ગામમાં બર્ડ ફ્લૂથી ૯૦૦ મરઘીના મોત થયા છે. તો દિલ્હીમાં પણ ૮ પક્ષીમાં બર્ડફ્લૂની પુષ્ટિ થઈ છે.

આપને જણાવી દઈએ કે કેરળથી શરૂ થયેલ બર્ડ ફ્લૂ અત્યાર સુધી ૯ રાજ્યોને પોતાની ઝપટમાં લઈ ચૂક્યું છે. બર્ડ ફ્લૂ કેરળ સિવાય ગુજરાત, હરિયાણા, મધ્યપ્રદેશ, હિમાચલ પ્રદેશ, રાજસ્થાન, મહારાષ્ટ્ર, દિલ્હી અને ઉત્તર પ્રદેશ પહોંચી ચૂક્યો છે. આ રાજ્યોમાં કાગડાઓ સિવાય મોટી સંખ્યામાં બીજા પક્ષીઓના મોત થયા છે. ત્યારબાદ ખતરાને જોતા અન્ય રાજ્યોના પશુ અને પક્ષી વિભાગોને એલર્ટ પર રાખી દેવામાં આવ્યા છે.

મહારાષ્ટ્રના પરભણી જિલ્લામાં ૯૦૦ મરઘીઓનાં મોત પછી નમૂનાઓ ભોપાલ લેબમાં તપાસ માટે મોકલવામાં આવ્યા હતા, જ્યાં અહેવાલમાં બર્ડ ફ્લૂની પુષ્ટિ થઈ છે.



ત્યારબાદ ૧ કિલોમીટરના અંતર્ગત આવતા તમામ પોલ્ટ્રી ફાર્મમાં હાજર તમામ મરઘાં અને અન્ય પક્ષીઓને ખત્મ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તેની સાથે જ ૧૦ કિમીની અંદર આવતા તમામ પક્ષીઓની ખરીદી પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. પ્રશાસને આ ગામને સંક્રમિત ઝોન જાહેર કર્યો છે અને ગામના તમામ લોકોનું મેડિકલ ચેકઅપ કરવામાં આવી રહ્યું છે.

બર્ડ ફ્લૂના જોખમને ધ્યાનમાં રાખીને દિલ્હી સરકારે કડક પગલા લીધા છે અને ૧૦ દિવસ માટે પૂર્વ દિલ્હીની ગાઝીપુર મુર્ગા મંડીને બંધ કરી દીધી છે. આ સિવાય સરકારે જીવંત પક્ષીઓની આયાત પર પણ પ્રતિબંધ મૂક્યો છે. કેન્દ્ર સરકારે બર્ડ ફ્લૂના જોખમ પર નજર રાખવા માટે કંટ્રોલ રૂમ બનાવ્યો છે અને કેન્દ્રીય પશુપાલન મંત્રાલય દ્વારા તમામ રાજ્યોને જરૂરી દિશા નિર્દેશ રજૂ કરી દીધો છે.

**ચક્રવાતની ભવિષ્યવાણી સાચી ઠરી....!!**




ચક્રવાતમાં પ્રસિદ્ધ થયેલ ભવિષ્યવાણી કે ચૂંટણી નજીક આવતા જ કોરોના ભાગી જશે તે આજે શબ્દશઃ સાચી પડી છે. મોરબી પંથકમાં આજે ભાજપના નવ નિયુક્ત ઉપપ્રમુખના સ્વાગત માટે જાણે કોરોના વોરિયર્સ કોરોના સામે જંગ ખેલવા મેદાનમા આવી ગાય હોય તેમ ભાજપના કાર્યકરો સોશિયલ ડિસ્ટન્સના ધજાગરા ઉડાવતા જોવામળ્યા હતા. ઉપરની તસ્વિર જોતા સામાન્ય માણસ સામે બળુકો બનતો કાયદો ભાજપના મહામાનવો સામે વામનરૂપ ધરી ઝુકી પડ્યો હોય તેવું માલૂમ પડે છે.




## એર ઈન્ડિયાની ચાર મહિલા પાયલટોએ ૧૬ હજાર કિ.મી. કાપી રચ્યો ઈતિહાસ

(જી.એન.એસ.)બેંગ્લુરુ,તા.૧૧

એર ઈન્ડિયાની મહિલા પાઈલટોએ સૌથી લાંબા મનાતા ઉડ્ડયન માર્ગને સફળતાથી પાર કરી ઉત્તર ધ્રુવ પર ઊડ્ડયન કરીને એક નવો ઈતિહાસ સર્જ્યો હતો. સાન ફ્રાન્સિસ્કોથી ઉત્તર ધ્રુવ થઈને આ ફ્લાઈટ બેંગાલુરુ પહોંચી હતી. એર ઈન્ડિયાએ આ મહિલા ટીમને બિરદાવતાં ટ્વીટ કરી હતી કે વેલકમ હોમ. અમને તમારા પર ગર્વ છે. અમે AI176 ફ્લાઈટના તમામ પેસેંજર્સને અભિનંદન આપીએ છીએ જેઓ આ ઐતિહાસિક પ્રવાસના સાક્ષી બન્યા. આ ફ્લાઈટમાં તમામ સ્ટાફ મહિલાઓનો બનેલો હતો. એ લોકોએ ૧૬ હજાર કિલોમીટરનું અંતર સફળતાથી કાપ્યું હતું. આ ફ્લાઈટને લોકેશનની વિગત સોશ્યલ મિડિયા દ્વારા એર ઈન્ડિયા પોતે આપતું રહ્યું હતું. મુખ્ય પાઈલટ તરીકે ઝોયા અગ્રવાલ હતી. તેના સહાયક પાઈલટોમાં પાપાગરી તન્મય, કેપ્ટન શિવાની અને કેપ્ટન આકાંક્ષા સોનવણે હતી. એર ઈન્ડિયાના ઈતિહાસમાં મહિલા પાઈલટો દ્વારા મેળવવામાં આવેલી આ પહેલવહેલી ઐતિહાસિક સિદ્ધિ હતી. ઉડ્ડયન શરૂ કરતાં પહેલાં કેપ્ટન ઝોયાએ કહ્યું કે અમારી પહેલાં પણ નોર્થ પૉલ સુધી ઉડ્ડયન થયું છે. અમારી સિદ્ધિ એટલા માટે અલગ હતી કે અમારી ફ્લાઈટમાં તમામ સ્ટાફ મહિલાઓનો બનેલો હતો.

## WHOના કલર કોડેડ નકશામાં લદાખ, જમ્મુ, કાશ્મીર અલગ રંગથી બતાવાતા ભારે વિવાદ

(જી.એન.એસ)જિનિવા,તા.૧૧

વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને પોતાની વેબસાઈટ પર દુનિયાના તમામ દેશોને અલગ અલગ રંગોથી વર્ણવ્યા છે, પરંતુ આમાં ખાસ તો એ છે કે એને ભારતને દેખાડતી વખતે લદાખ અને જમ્મુ-કાશ્મીરને અલગ રંગથી દેખાડ્યા છે. ત્યાર પછી બ્રિટનમાં ભારતીય પ્રવાસીઓ તરફથી અમુક નારાજગી ભરેલાં રિએક્શન સામે આવી રહ્યાં છે. એક મીડિયા રિપોર્ટના જણાવ્યા પ્રમાણે, તાજેતરમાં જ કેન્દ્રશાસિત પ્રદેશ બનાવવામાં આવેલા જમ્મુ-કાશ્મીર અને લદાખને ગ્રે રંગમાં બતાવવામાં આવ્યું છે, જ્યારે આખા ભારતને વાદળી રંગનું બતાવવામાં આવ્યું છે. આ નકશો વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનના કોવિડ-૧૯ ડેશબોર્ડર પર લાગેલો છે, જ્યાં કોરોનાના તાજેતરના કેસ અંગે માહિતી મળે છે. જોકે વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને આ સ્પષ્ટ કરી દીધું છે કે તેઓ નકશાના સંબંધમાં સંયુક્ત રાષ્ટ્રના દિશાનિર્દેશનું પાલન કરે છે. લંડનમાં રહેતા એક આઈટી કન્સલ્ટન્ટે આ નકશાને જોયો તો તેમાં લદાખ અને જમ્મુ-કાશ્મીર ભારતથી અલગ છે, તો તે અચંબામાં પડી ગયો અને તેણે એવું કહ્યું કે આની પાછળ ચીનનો હાથ હોઈ શકે છે, કારણ કે ચીન WHOને સૌથી વધુ ફંડિંગ આપે છે.

## શું હવે બધા દેશ પોતાનો કોરોના બનાવશે?? જાપાનમાં પણ મળ્યો ખતરનાક નવો સ્ટ્રેન

(જી.એન.એસ.)ટોક્યો,તા.૧૧

ચીનના વુહાન શહેરમાંથી નીકળેલ કોરોના વાયરસ સતત પોતાના નવા-નવા સ્વરૂપ ધારણ કરતાં ખૂબ જ સંક્રમક થઈ રહ્યું છે. બ્રિટન, દક્ષિણ આફ્રિકા બાદ હવે જાપાનમાં પણ કોરોના વાયરસનો એક નવો મ્યુટેટ સ્ટ્રેન મળ્યો છે. નિષ્ણાતોએ ચેતવણી આપી છે કે કોરોના વાયરસનો આ નવો સ્ટ્રેન બ્રિટનમાં જોવા મળેલા સ્ટ્રેનની જેમ જ ખૂબ જ વધુ સંક્રમક છે. કોરોના વાયરસનો આ નવો સ્ટ્રેન અત્યાર સુધી જોવા મળ્યો નહોતો અને બ્રાઝીલથી પાછા આવેલા ૪ લોકોમાં જોવા મળ્યો છે.નિક્કેઈ એશિયાના રિપોર્ટ પ્રમાણે આ સંક્રમિત પેસેન્જર બે જાન્યુઆરીના રોજ બ્રાઝીલથી જાપાનના હનેદા એરપોર્ટ પર ઉતર્યા હતા. આ લોકોમાં મહિલાઓ અને પુરુષ બંને સામેલ છે. આ તમામ લોકોનો એરપોર્ટ પર ટેસ્ટ થયો હતો અને હવે રિઝલ્ટ પોઝિટિવ આવ્યા છે. જે ત્રણ લોકોમાં કોરોના વાયરસનો નવો સ્ટ્રેન જોવા મળ્યો છે તેમાં શ્વાસ લેવામાં મુશ્કેલી, તાવ અને ગળામાં મુશ્કેલી જોવા મળી છે. બ્લૂમબર્ગના રિપોર્ટના મતે અંદાજે ૪૦ વર્ષના એક વ્યક્તિમાં જાપાના પાછા ફરતા કોઈ લક્ષણ દેખાયા નહોતા પરંતુ બાદમાં તેને હોસ્પિટલમાં દાખલ કરવો પડ્યો. પીડિત વ્યક્તિને શ્વાસ લેવામાં મુશ્કેલી થઈ રહી છે. આ તમામ લોકોની તપાસ કરાઈ હતી જેમાં કોરોના વાયરસના એક નવા સ્ટ્રેનની ખબર પડી છે. દેશના સ્વાસ્થ્ય મંત્રાલયે વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનને કોરોનાના આ નવા સ્ટ્રેન અંગે માહિતી આપી દીધી છે.

જાપાને ઝડપથી ફેલાતા કોરોના વાયરસના સંક્રમણને રોકવા માટે ઈમરજન્સી સ્થિતિની જાહેરાત કરી દીધી છે. આ ઈમરજન્સીની સ્થિતિ સાત ફેબ્રુઆરી સુધી ચાલુ રહેશે.

## સીરમ ઈન્સ્ટિટ્યૂટને કોવીશીલ્ડનો ઓર્ડર : ડોઝની કિંમત રૂા.૨૦૦

(જી.એન.એસ)ન્યુ દિલ્હી,તા.૧૧

કેન્દ્ર સરકારે ઓક્સફોર્ડ-એસ્ટ્રેજેનેકાની વેક્સિન કોવીશીલ્ડ માટે સીરમ ઈન્સ્ટીટ્યૂટ ઓફ ઈન્ડિયાને ઓર્ડર આપી દીધો છે. વેક્સિનના એક ડોઝની કિંમત ૨૦૦ રૂપિયા હશે. કોવીશીલ્ડના દર સપ્તાહે એક કરોડથી વધુ ડોઝની સપ્લાઈ કરવામાં આવી શકે છે. સરકારે વેક્સિનેશન માટે ૧૬ જાન્યુઆરીની તારીખ નક્કી કરી છે. ભારતના ડ્રગ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયાએ ત્રણ જાન્યુઆરીએ કોવીશીલ્ડને મંજૂરી આપી હતી. એસ્ટ્રાજેનેકાએ વેક્સિનની ઓવરઓલ ઈફેક્ટિવનેસ ૯૦% સુધી હોવાનો દાવો કર્યો હતો.

# આપણો બાપો, નરેન્દ્રભાઈની બીડી પીવે છે કોથળીના રૂપિયા પણ નરેન્દ્રભાઈ આપે છે

### ભાજપના દિગ્ગજ નેતા પબુભા માણેકના બફાટનો વીડિયો વાયરલ થતા લોકોમાં તરેહ તરેહની ચર્ચા

ચક્રવાત ટીમ રાજકોટ,તા.૧૦

દેવભૂમી દ્વારકા જિલ્લાના લાંબા ગામ ખાતે આજે કિસાન સર્વોદય યોજનાના લોકાર્પણ કાર્યક્રમમાં ભાજપના દિગ્ગજ નેતા અને તાજેતરમાં મોરારીદાસ હરીયાણી સામે વિવાદને કારણે ચર્ચામાં આવેલા પબુભા માણેકનો વ્યસનોને ઉત્તજન આપે તે પ્રકારનો વિવાદીત બયાનો સાથેનો વીડિયો વાયરલ થતા દેવભૂમી દ્વારકા જિલ્લામાં આ મુદ્દો ‘‘ટોક ઓફ ધી ડિસ્ટ્રીક્ટ’’ બની ગયો છે. આપણને વિમા મળી જાય તેવી વાત કરતા કરતા પબુભા ઓલા ડોસાઓ માટેની પણ યોજના છે કે જેમાં બીડી,હોકા કે કોથળી પીતા હોય તો પાંચ-દસ હજારનો ખર્ચો હોય તો તેમાં પણ ૬ હજાર નરેન્દ્રભાઈ દે છે અને આપણો બાપો સવારમાં ઉઠીને નરેન્દ્રભાઈની બીડી પીવે છે.



આવું વ્યસનને ઉત્તેજન આપતું બફાટ કરતા તેમજ ગુજરાતમાં દારૂબંધી છે છતાં પણ ખુલ્લેઆમ દારૂ મળી રહ્યો છે તેવો આડકતરી રીતે સ્વિકાર કરતા ભાજપ પક્ષના કાર્યકરો સહિત લોકોમાં પણ આવા વાણી વિલાસ પ્રત્યે ભારોભાર રોષ જોવા મળી રહ્યો છે. દ્વારકા પંથકમાં પબુભા માણેકની ગણતરી માથાભારે નેતામાં થતી હોય વારંવાર ચર્ચાનો વિષય બની રહે છે. તેની સામે ખુદ ભાજપ હાઈકમાન્ડ પણ પગલાં લેતા ૧૦૦ વખત વિચાર કરે તેવી પરિસ્થિતિ જન્મી છે. પબુભા પોતાના વાણી અને વર્તનથી અવાર-નવાર આ પ્રકારની પરિસ્થિતિ સર્જતા હોવાથી તેમની સામે કોઈ શિક્ષાત્મક પગલાં લેવામાં આવતા નથી. તેને આજના છેલ્લી પાટીના રાજકારણની બલીહારી કહી શકાય.

# ઊનાના આમોદ્રા ગામે સરકારી જમીનમાં ગેરકાયદેસર પથ્થરની ખાણ ઝડપાઈ

ચક્રવાત ટીમ કૈલાશ ભટ્ટ,તા.૧૧

ઊના તાલુકાના આમોદ્રા ગામે આવેલ ધોળીવાવ વિસ્તારમાં ગે.કા. ચાલતી પથ્થરની ખાણમાં ખનીજ ચોરી તથી હોવાની બાતમી આધારે ગીરસોમનાથ જીલ્લા પો.હેડ.કો. એલ.સી.બી પી.જે વાઢેર, એસ એસ ડોડીયા, રાજુભાઈ ગઢીયા સહીતની ટીમ ઊના વિસ્તારમાં પેટ્રોલીંગમાં હોય એ દરમ્યાન બાતમી આધારે રેઈડ કરતા ગે.કા. ખાણ માંથી ચકરડી, ટ્રેક્ટર, જનરેટર સહીતનો મુદામાલ પકડી પાડી ખાણ ખનીજ વિભાગને રીપોર્ટ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

ધોળીવાવ વિસ્તારમાં સર્વે નં.૧૦૫ પૈકી ,૧ પૈકી ૨ જમીન બાજુમાં આવેલ ખરાબાની જમીનમાં જયેશ દેવાયતભાઈ પરમાર તેમજ વિજય માનસિગભાઈ લખણોતરા ગે.કા. પાસપરમીટ વગર ખાણમાં પથ્થરો કાઢી બહાર સપ્લાય કરવામાં આવતા હોય.

જે અંગેની બાતમી આધારે ગીરસોમનાથ જીલ્લા એલ સી બી બ્રાંન્ચની ટીમે રેઈડ કરતા સ્થળ પરથી ગે.કા. પથ્થર કાપવાની ચકરડી ૩, પથ્થર ભરેલુ ટ્રેક્ટર એક નં.જીજે ૧૧ એએસ ૨૬૦૪ તેમજ ઈલેક્ટ્રીક મોટર, જરેટર ૧, સહીતનો કુલ રૂ.૧૦ લાખનો મુદામાલ ઝડપી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરેલ અને આ અંગે જીલ્લા ભૂસ્તર શાસ્ત્રી ખાણ ખનીજ વિભાગને જાણ કરતા સ્થળ પર ગે.કા. ચાલતી ખાણમાં ખનન કરેલ જે અંગેનો રીપોર્ટ તૈયાર કરવા કાર્યવાહી હાથ ધરેલ છે.

# રાજ્યનાં શહેરોમાં ધીમે ધીમે તાપમાનનો પારો ઉંચે ચડ્યો

### વાદળછાયા વાતાવરણ વચ્ચે ભાવનગર જિલ્લામાં કેટલાક સ્થળોએ કમોસમી માવઠું થતા ખેડૂતો ચિંતામાં



રાજકોટ,તા.૧૧

રાજ્યનાં મોટાભાગનાં શહેરોમાં એક પખવાડીયા સુધી કાતિલ ઠંડી બાદ આજે સતત બીજા દિવસે નલિયા તથા ગિરનાર પર્વત સિવાયના તમામ સ્થળોએ લઘુતમ તાપમાનનો પારો ૧૧ થી ૨૧ ડીગ્રી વચ્ચે નોંધાવા પામ્યો હતો. આજે નલિયા ખાતે ગઈકાલની સરખામણીમાં ૩ થી ૪ ડીગ્રી પારો નીચે પટકાયો હતો. જ્યારે અન્ય શહેરોમાં પારો નજીવો ઉંચે ચડ્યો હતો. આજે ભાવનગર જિલ્લાનાં કેટલાક વિસ્તારોમાં કમોસમી માવઠું થતા ખેડૂતોમાં ચિંતાનું મોજું જન્મ્યુ છે. રાજ્યમાં તા.૧૪ સુધી વાદળછાયુ વાતાવરણ રહેશે તેમજ વહેલી સવારે ધુમ્મસનું સામ્રાજ્ય સતત વધતું રહેશે. રાજ્યમાં વાદળછાયા વાતાવરણ વચ્ચે તા.૧૩ સુધી કેટલાક સ્થળોએ હળવો કમોસમી વરસાદની સંભાવના સર્જાયેલ છે. રાજ્યમાં આજે નલિયા ખાતે ૪.૮, ગિરનાર પર્વત ૮.૬, ભૂજ ૧૧, કંડલા વિમાન મથક ૧૧.૬, કંડલા બંદર ૧૨.૧, ડીસા ૧૨.૫, કેશોદ ૧૩.૫, પોરબંદર ૧૩.૬, જૂનાગઢ ૧૩.૬, સુરેન્દ્રનગર ૧૪, અમરેલી ૧૫, દ્વારકા ૧૫, ગાંધીનગર ૧૬, વિદ્યાનગર ૧૬.૬, વલસાડ ૧૫.૫, અમદાવાદ ૧૭.૪, વડોદરા ૧૭.૪, ઓખા ૧૭.૬, ભાવનગર ૧૭.૮, મહુવા ૧૯.૧, વેરાવળ ૧૯.૩, સુરત ૨૦.૪ અને દિવ ૨૦.૫ ડીગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયુ હતું.

# જૂનાગઢમાં બેંકના કર્મચારીઓને સન્માનિત કરવામાં આવ્યા



### જૂનાગઢ રેડીમેઈડ કલોથ એસોસિએશન દ્વારા સન્માન

ચક્રવાત ટીમ જૂનાગઢ,તા.૧૧

જૂનાગઢ મા કોરોના કાળ બાદ વેપારી મિત્રોના સાથ અને સહકાર બેંક ના અધિકારીઓ નું સન્માન કરવામાં આવ્યું હતું . વર્ષો થી વેપારીઓ સાથે સુમેળ ભર્યો બેંકનો વહીવટ ચલાવતી એકમાત્ર જૂનાગઢની કોમર્શિયલ કો,ઓપરેટિવ બેંકના કર્મચારીઓનું શહેરની ઈન્દ્રલોક હોટેલ સ્થિત સન્માન કરવામાં આવ્યું હતુ જેમાં કોકો બેંકના ચેરમેન, ઉપાધ્યક્ષ મેનેજિંગ ડિરેકટર , અગ્રણી ડોલરભાઈ કોટેચા, કાળુભાઈ સુખવાણી, સહિતના અગ્રણી કાપડ બજારના વેપારીઓ સરકારના આદેશ અને કોવિડ ગાઈડ લાઈનનું પાલન કરી આગેવાનો ઉપસ્થિત રહયા હતા, અને વેપારી મિત્રો દ્વારા મંગનાથા ના રોડ ના પ્રશ્ને પણ રજૂઆત કરવા આવી હતી અને એશોસીશન ને સાથે રાખી કામ કરવાની બાંહેધરી આપવામાં આવી હતી .ઉપસ્થિત બેન્ક કર્મચારીઓએ જણાવ્યા મુજબ વેપારીઓ સાથે સંકલન થી કામ કરતી કોકો બેંકના વ્યક્તિઓનું નહીં પણ સારી સંસ્થાનું સન્માન કરાયું હતું.

# સુત્રાપાડામાં શૈક્ષણિક મહાસંઘ દ્વારા તાલુકા વોલીબોલ ટુર્નામેન્ટ યોજાઈ

ચક્રવાત ટીમ પારૂલ સોલંકી,તા.૧૧

ગીર સોમનાથ જિલ્લાના સુત્રાપાડા તાલુકામાં શૈક્ષિક મહાસંઘ દ્વારા આયોજિત તાલુકા વોલીબોલ ટુર્નામેન્ટ યોજાઈ. ગીર સોમનાથ જિલ્લાના સુત્રાપાડા તાલુકામાં શૈક્ષિક મહાસંઘ દ્વારા મહાબળ બાપાના પાવન સાનિધ્યમાં વડોદરા ઝાલૈં મુકામે તાલુકા વોલીબોલ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવેલ જેમાં તાલુકાના ૧૨ પે.સેન્ટરની ટીમોએ ભાગ લીધેલ જેમા સુત્રાપાડા પે.સેન્ટર-૧ અને ધામળેજ પે.સેન્ટર વચ્ચે ફાઈનલ મેચમાં ભારે રસાકસી વચ્ચે સુત્રાપાડા પે-સેન્ટર-૧નો વિજય થયેલ.



આ ટુનામેન્ટમાં શૈક્ષિક મહાસંઘ ગીરસોમનાથ જિલ્લા અધ્યક્ષ દિનેશભાઈ પરમાર, જિલ્લા મહામંત્રી દેવાયત્ત ભાઈ ભોળા તાલુકા પ્રા.શિક્ષણાધિકારી ધીરૂભાઈ પરમાર સાહેબ, બી.આર.સી. હરેશભાઈ જાદવ સાહેબ, કે.ની .રમેશભાઈ ખેર ઉપસ્થિત રહેલ.શૈક્ષિક મહાસંઘ ગીર સોમનાથ જિલ્લા અધ્યક્ષ દિનેશભાઈ પરમારના હસ્તે વિજેતા ટીમને શિલ્ડ એનાયત કરવામાં આવેલ અને શૈક્ષિક મહાસંઘના જિલ્લા મહામંત્રી દેવાથતભાઈ ભોળા ના હસ્તે રનર્સઅપ ધામળેજ ટીમને શિલ્ડ એનાયત કરવામાં આવેલ , સુત્રાપાડા તાલુકા અધ્યક્ષ પ્રતાપભાઈ ચૌહાણ અને તાલુકા મંત્રી નગાજણભાઈ બારડના હસ્તે બેસ્ટ શુટર પરેશ વાઘ ને શિલ્ડ એનાયત કરેલ, સુત્રાપાડા પે.સેન્ટરના આચાર્યશ્રીઓ દ્વારા બેસ્ટ નેટી હરીભાઈ ઝાલાને શિલ્ડ એનાયત કરવામાં આવેલ, સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આયોજન તાલુકા ઉપાધ્યક્ષ રમેશભાઈ ડોડીયા અને બાબુભાઈ વાઢેર તેમજ સુત્રાપાડા મહાસંઘની ટીમના નેજા હેઠળ કરવામાં આવેલ. આ ટુર્નામેન્ટને સફળ બનાવવામાં વડોદરા ઝાલા ગામના યુવાનો એ મેદાન અને ભોજનની વ્યવસ્થા કરેલ. તે બદલ મહાસંઘની ટીમ દ્વારા આભાર પ્રગટ કરેલ એમ તાલુકા પ્રચારમંત્રી હિતેષભાઈ ચાંડેરાની યાદીમાં જણાવ્યું હતું.

# બહુજન ક્રાન્તિ મોરચા અને રાષ્ટ્રીય કિસાન મોરચા દ્વારા ખેડૂત આંદોલનને સમર્થન જાહેર



ચક્રવાત ટીમ પારૂલ સોલંકી,તા.૧૧

ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર માં આજથી થી તા. ૧૭ને રવિવારે સવારે ૧૦-૩૦ થી પાણી દરવાજા કોડિનારમાં જિલ્લા ખેડૂત વિરોધી ત્રણ કાનૂન દ્વારા આવનારા સમય મા ખેડૂત ને જે નુકસાન થવાનુ છે અને ખેડૂત પોતાની જ જમીનમાં એક મજૂર બનીને રહી જશે તો આવા ખેડૂત વિરોધી કાનૂન ના વિરોધમાં રાષ્ટ્રવ્યાપી ધરણાં પ્રદર્શન નુ આહવાન રાષ્ટ્રીય કિસાન મોરચા દ્વારા કરવામાં આવ્યું હતુ. તો રાષ્ટ્રીય કિસાન મોરચા અને બહુજન ક્રાંતિ મોરચાના આ આંદોલનમા જોડાઈ ખેડૂતો ને ટેકો આપવા નમ્ર નિવેદન કરવામાં આવ્યું હતું.સૌ લોકોને આ ધરણાં પ્રદર્શનમા જોડાવા અપીલ કરવામાં આવી હતી તેમજ કોવિડ ૧૯ ની ગાઈડલાઈન નુ પાલન કરવા અપીલ કરી હતી. કોડીનાર તાલુકા અને શહેરના અનેક લોકો તેમજ ખેડૂતો મોટી સંખ્યામાં જોડાયેલા હતા.

# ઉના યોગ શિબિરમાં ગૃહ ઉપયોગી વસ્તુઓ બનાવવા વિશે માર્ગદર્શન

ચક્રવાત ટીમ પારૂલ સોલંકી,તા.૧૧

આજ રોજ ઉના તાલુકાના મહિલા ઉપાધ્યક્ષ ઈન્દુ બેન ભાલીયા તેમજ સહ મંત્રી જિજ્ઞાસા બેન દ્વારા યોગ શિબિરનું આયોજન થયું. દેલવાડાના નિવૃત શિક્ષક શ્રી ડાયાભાઈ દ્વારા ખુબ સુંદર રીતે યોગ નું જીવનમાં શું મહત્વ છે? તેમ જ સાચી રીતે પ્રાણાયામ, આસનો, ક્રિયાઓ કેવી રીતે કરી શકાય? તેની ખુબ સરસ ડેમો સાથે સમજ આપી. જે પોતે પણ તેમના જીવનમાં યોગ ના લીધે સ્વસ્થ જીવન ધરાવે છે. સાથે ભેભા પ્રાથમિક શાળાના શિક્ષક કિશોરભાઈ દ્વારા ઘરની એવી અગણિત વસ્તુ સાબુ, અગરબત્તી, સેનીટાઈઝર એવી એકંદરે



૪૦૦ જેટલી વસ્તુ કેવી રીતે બનાવી શકાય ?તેની આછેરી ઝલક આપી.તે પોતાની શાળામાં પણ ઘણાં સમયથી આ કાર્ય કરે છે અને તેમના વિદ્યાર્થીઓ પણ જાતે વસ્તુઓ બનાવે છે. ખરેખર ઉમદા બાબત છે આત્મનિર્ભર ભારત માટે ખરેખર આ પ્રયોગ ઉત્તમ અને સરાહનીય છે. જે શાળામાં યોગ શિબિર નું આયોજન થયું તે શાળાના હીનાબેન તેમજ મમતાબેન દ્વારા યોગ માટેની બેઠક વ્યવસ્થા નું આયોજન થયું. શ્રી ડાયાભાઈ જેમને પોતાનો કિંમતી સમય આ શિબિર માટે આપ્યો તેમનું પુસ્તક દ્વારા સન્માન કરવામાં આવ્યું. રવિવારના સમયે પણ પોતાનો કિંમતી સમય આપ્યો હતો.

# જૂનાગઢમાંથી ૫૦૪ ચોરાઉ મોબાઈલ શોપ સંચાલક ઝડપાયો

(જી.એન.એસ.)જૂનાગઢ,તા.૧૧

જૂનાગઢમાં ચોરીના મોબાઈલો સસ્તા ભાવે ખરીદી કરી તેના સ્પેરપાર્ટસનો અન્ય બંધ મોબાઈલમાં ઉપયોગ કરી એસેમ્બલ અને ડીસેમ્બલ મોબાઈલોના ગેરકાયદેસર વેચાણના રેકેટનો એસઓજી બ્રાંચએ પર્દાફાશ કરી એક મોબાઈલ શોપના સંચાલકની ધરપકડ કરી છે. પકડાયેલા શખ્સ પાસેથી આધાર પુરાવા વગરના જુદી જુદી કંપનીના ૫૦૯ મોબાઈલો તથા એક લેપટોપ મળી કુલ રૂ.૨૭.૯૬ લાખનો મુદામાલ જપ્ત કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

વર્તમાન સમયમાં દિન-પ્રતિદિન મોબાઈલ ચોરી કે ગુમ થવાના કિસ્સાઓ રોજ-બરોજ બની રહ્યા છે. જેને ધ્યાને લઈ ચોરી કે ખોવાઈ ગયેલા મોબાઈલો તેના માલિકોને મળી રહે તે માટે પોલીસના ઉચ્ચ અધિકારીઓની સુચનાથી જૂનાગઢ પોલીસે ખાસ ઝુંબેશ શરૂ કરી છે. જે અંર્તગત એસઓજી બ્રાંચે બાતમીના આધારે ચોરીના મોબાઈલ સસ્તા ભાવે ખરીદી તેના ગેરકાયદે વેચાણના રેકટનો પર્દાફાશ કર્યો છે.

જિલ્લા પોલીસવડા રવિ તેજા વાસમ શેટીએ પત્રકાર પરીષદ યોજી માહિતી આપતા જણાવ્યું કે, એસઓજીના મહેન્દ્ર ડેર, ઘર્મેશ વાઢેળને મળેલ બાતમીના આધારે સ્ટાફએ જૂનાગઢના એમ.જી.રોડ પર કરસ્ટિલ એપાર્ટમેન્ટમાં આવેલ રાજ મોબાઈલમાં તપાસ હાથ ધરી હતી. જેમાં તેનો સંચાલક કાજીમ મહમદ રાજસુમરા ગામેતી (ઉ.વ.૨૬) કોઈપણ આધાર પુરાવા વગર ચોરીના મોબાઈલ સસ્તા ભાવે લઈ તેને એસેમ્બલ બનાવી ગેરકાયદેસર રીતે વેચાણ કરતો હોવાનું જાણવા મળેલ હતુ. તેની દુકાનમાંથી આધાર પુરાવા વગરના જુદી-જુદી કંપનીના ૫૦૪ મોબાઈલો કિં.રૂ.૨૭.૭૬ લાખ તથા લેપટોપ - ૧ મળી કુલ રૂ.૨૭.૯૬ લાખના મુદામાલ સાથે સંચાલક કાજીમની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ઘરવામાં આવી છે.

# યુટ્યૂબ પર આવી નવી શોર્ટ ફિલ્મ પ્રેશર કૂકર

ચક્રવાત ટીમ રાજકોટ,તા.૧૧

પ્રેશર કુકર આમ તો આ શબ્દથી બધા પરિચિત હશે જ, પણ આજે આ શબ્દને અનોખી રીતે ઉપયોગમાં લાવી અને **LIME- CHILLIES ENTERTAINMENT** એક અનોખી શોર્ટ ફિલ્મ લાવી છે, જેમાં રસોડામાં વપરાતા પ્રેશરકૂકરને લઈને એક આખી કહાનીનું સારાંશ કાઢવામાં આવ્યું છે.

સામાન્ય રીતે કૂકરની સીટી વાગ્યા પછી તેની અંદર રહેલ કાચા શાકભાજી કે કાચી દાળ પાકીને બહાર નીકળતી હોય છે, એવું જ કંઈક આ શોર્ટ ફિલ્મ પ્રેશર કૂકરમાં પણ છે, સામાન્ય જીવનમાં જોવામાં આવતી સમસ્યાઓને પ્રેશરકૂકરમાં પકાવીને તમારી સમક્ષ રાખવામાં આવી છે. આ શોર્ટફિલ્મ રાજકોટમાં શૂટ કરવામાં આવી છે



અને સાથે જ તેમાં અનેક નામચીન ચહેરાઓ જોવા મળ્યા છે. કલાકરોની વાત કરીએ તો પીઢ એક્ટર એવા પ્રવીણ પઢીયાર અને સાથે જ રૂપલબેન સોની પણ આ શોર્ટફિલ્મમાં જોવા મળ્યા છે. સાથે જ લીડ રોલની વાત કરીએ તો તેમાં વેદાંગી શાહ અને દર્શન પરમાર નજરે ચઢશે, સાથે જ સ્મિત દોશી અને વત્સલ ડોડીયા પણ આ શોર્ટફિલ્મમાં જોવા મળશે. આ ફિલ્મ રાજકોટના યંગ ડિરેક્ટર હાર્દિક હરસોરા એ ડિરેક્ટ કરી છે, સ્ક્રીપટ મેઘા ગોકાણીએ લખી છે અને ડીઓપી તરીકે આકાશ ગુજરાતી અને કેવિન કુબાવતે ખુબ સારું કામ કર્યું છે. એડિટિંગની વાત કરીએ તો એ પણ કેવિન કુબાવતે કરી છે. આ શોર્ટફિલ્મના પ્રોડ્યુસર મનોજ પટેલ છે, સાથે જ મેકઅપ આર્ટિસ્ટ તરીકે હરેશ તુરીએ ખુબ સારી કામગીરી બજાવી છે.










## વાયરલ ફોટો ઓફ ધ ડે.....



# મુળી અને સાયલામાં ખેડૂત આગેવાનોની ઉપસ્થિતિમાં ખેડૂત જાગૃતિ સંમેલન યોજાયુ



ચક્રવાત ટીમ મુળી, તા.૧૧

મુળી તાલુકાનાં દાધોળીયા ગામે આજે કીશાન સંઘર્ષ સમિતિ આયોજીત ખેડૂત સંમેલન યોજાયું હતુ જેમાં મોટી સંખ્યામાં ખેડૂતો ઉમટી પડ્યા હતા અને આગેવાનો દ્વારા ખેડૂતોને કૃષિ બીલથી થતા નુકસાન બાબતે વાકેફ કર્યા હતાં અને MSP બંધ થતાં ખેડૂતોને મોટી નુકસાની ભોગવવી પડશે અને ખેડૂતોએ પુરતા પ્રમાણમાં ભાવ ન મળવાથી જમીન વેચવી પડશે અને ખેતમજૂરી કરવી પડશે દિલ્હી ખાતે બોર્ડર ઉપર ચાલતાં ખેડુત આંદોલનમાં પણ જોડાવવાની હાંકલ કરી હતી જે ખેડૂતોએ વધાવી દિલ્હી જરૂર પડશે અમો ગુજરાતથી કૂચ કરીશુંનું રણશિંગું ફૂંકાયું હતું ગુજરાત લેવલનાં પ્રશ્નો પણ જેવા કે પાકવિમો, જમીન માપણી ગેરરીતિઓ, SDRF સહાય કૌભાંડ અને કંપનીઓ દ્વારા ખેડૂતોની જમીન વળતર બાબતે ચર્ચા ઓ કરી હતી અને આગામી સમયમાં તેની સામે લડત આપવામાં આવશેનું જણાવ્યું હતું. આ તકે કીશાન સંઘર્ષ સમિતિ ગુજરાત નાં ડાયાભાઈ ગજેરા કીશાન કોંગ્રેસ પ્રમુખ પાલભાઈ આંબલીયા,ચોટીલા ધારાસભ્ય ઋત્વિક મકવાણા, પુર્વ ધારાસભ્ય ઈન્દ્રનીલ રાજ્યગુરુ, અરૂણ મહેતા, હેમંતભાઈ વિરડા, રતનસિંહ ડોડીયા, રામકુભાઈ કરપડા, અલ્પેશ ગાબુ, રાજુભાઈ કરપડા, સહદેવ સિંહ પરમાર, જયસુખભાઈ દુધરેજીયા, સહિત અનેક આગેવાનો અને ખેડૂતો મોટીસંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આજે સુરેન્દ્રનગર જીલ્લામાં ત્રણ સભાનું આયોજન કરાયું હતું જેમાં સવારે મુળી તાલુકાનાં દાધોળીયા, બપોરે મુળીના સરલા ગામે અને સાંજે ૬ કલાકે સાયલાના ખીટલા ગામે ખેડૂત સંમેલન નાં કાર્યક્રમ આપી જાગૃતિ અભિયાન અંતર્ગત આગેવાનો ગામડાઓ સુધી પહોંચી ખેડૂતો ને સમજ આપવામાં આવેલ હતી.

# જામનગર શહેર-જિલ્લામાં જુદા જુદા વિસ્તારોમાં પોલીસે જાહેરનામા ભંગના મામલે દંડાત્મક કાર્યવાહી



ચક્રવાત ટીમ જામનગર, તા.૧૧

જામનગર શહેર-જિલ્લામાં જુદા જુદા વિસ્તારોમાં પોલીસે જાહેરનામા ભંગના મામલે દંડાત્મક કાર્યવાહી યથાવત રાખી છે. જેમાં જુદા જુદા વિસ્તારોમાં માસ્ક વિના નિકળેલાઓ સામે જાહેરનામા ભંગ સહિતની કાર્યવાહી હાથ ધરી હતી. શહેરના ખોડીયાર કોલોનીમાં સીટી સી પોલીસે કરણભાઈ નવીનભાઈ વરસંગા, હિરજી મિસ્ત્રી રોડ પર ધવલભાઈ પ્રવિણભાઈ પીઠડીયા તેમજ દરેડના વિશાલ ચોકમાં પંચ બી પોલીસે મનોજ ભીખાભાઈ ગેડા સામે માસ્ક પહેર્યા વગર બહાર નિકળી જાહેરનામાના ભંગ મામલે કાર્યવાહી હાથ ધરી હતી. કોરોના કાળમાં માસ્ક વિના ઘરની બહાર નિકળવું જોખમી છે.

# ભાયાવદર શહેરમાં યુવા ગ્રુપ દ્વારા લાડવા બનાવી ગાય અને કૂતરાઓને ખવડાવાયા



ચક્રવાત ટીમ વિજય રાડીયા, તા.૧૧

ભાયાવદર સહેર છેલ્લા દશ વર્ષથી સતત ઉતરાયણ પર્વની ઉજવણીના ભાગરૂપે શહેરનાં યુવાન મીત્રો નગરપાલિકાનાં પ્રમુખ નયનભાઈ જીવાણીની આગેવાનીમાં કીશોરભાઈ ભોજાણી, લાલાભાઈ વાછાણી, કાન્તીભાઈ ઝાલાવડીયા, પ્રદીપ ભાઈ વાછાણી, ધીરેનભાઈ માકડીયા, જગદીશ પરસાણીયા, કિશોરભાઈ માકડીયા, કેયુરભાઈ બાવરીયા, જેમીન મકવાણા, અતુલ વાછાણી તેમજ પ્રગટેશ્વર મહાદેવ મંદિરના યુવા ગ્રુપના મીત્રો દ્વારા દર વર્ષે ઉતરાયણ પર્વની ઉજવણી ભાયાવદર સહેરમાં ગાય માતા અને કુતરાઓ માટે ઘઉં ૪૨૫ કીલો, ગોળ ૨૦૦ કીલો, તેલ ૧૦૦ કીલો, તલ ૫ કીલો જેવી વીવીધ સામગ્રીઓ ભેળવીને અંદાજે ૬૦ મણ લાડવા ભાયાવદર પટેલ સમાજમાં બનાવીને સવારે ૪ ટીમ બનાવી ટ્રેક્ટરમાં ભરી શહેરનાં દરેક વીસ્તારમા નાકા ગલીમાં જઈને ગાયમાતા અને કૂતરાઓને વીતરણ કરવામાં આવ્યું છે. આ ઉમીયાજી ગ્રુપ અને ક્રિશ્નાગુપના યુવાનો દ્વારા સહેરમાથી એક પણ રૂપિયાનો ફાળો ન ઉધરાવી પોતાના સ્વખર્ચે કરી દર વર્ષે ઉતરાયણ પર્વની ઉજવણી આવા સેવા કાર્યો કરીને ઉજવે છે શહેરની જનતા આ યુવા મીત્રોના આ સેવા કાર્યોને અભિનંદન આપી બીરદાવે છે.

# મેફેડ્રોન સાથે પકડાયેલી ત્રિપુટી ૫ દિવસના રિમાન્ડ પર

ચક્રવાત ટીમ જામનગર, તા.૧૧

જામનગરમાં કાલાવડ નાકા બહાર રંગમતિ સોસાયટમાં એક મકાનમાં એસઓજીએ દરોડો પાડી મોંઘાદાટ મેફેડ્રોન ડ્રગ્સના બાવન ગ્રામ જથ્થા સાથે ત્રણ શખ્સોને દબોચી લીધા હતા જેની ધરપકડ બાદ આરોપી ત્રિપુટીને કોર્ટમાં રજુ કરી પાંચ દિવસના રીમાન્ડ મેળવી પોલીસે તપાસનો ધમધમાટ હાથ ધર્યો છે.જામનગરમાં સ્પેશ્યલ ઓપરેશન ગ્રૃપે કાલાવડ નાકા બહાર રંગમતિસોસાયટીમાં રહેતા ઈમ્તીયાઝ જુસબભાઈ ખેરાણીના મકાનમાં દરોડો પાડી માદક પદાર્થ મેફેડ્રોનના બાવન ગ્રામ જથ્થા સાથે મકાનધારક ઈમ્તીયાઝ ઉપરાંત બે સાથીદારો તોહીદ હનીફભાઈ ખલીફા અને સલીમ કરીમખાન લોદીને પકડી પાડી રૂ.૫.૨૦ લાખનુ ડ્રગ્સ કબજે કર્યુ હતુ.પોલીસે ત્રણેય સામે એનડીપ ીએસ એકટ હેઠળ ગુનો નોંધ્યો હતો. ૫ કડાયેલા ત્રણેય આરોપીના કોવિડ રીપ ોર્ટ નેગેટીવ આવતા પોલીસે તેની ધરપ કડ કરી કોર્ટમાં રજુ કરી પાંચ દિવસના રીમાન્ડ મેળવી સઘન પુછતાછ શરૂ કરી છે.માદક પદાર્થનો આ જથ્થો લગભગ પખવાડીયા પુર્વે મુંબઈના આસીફ પાસેથી મેળવ્યો હોવાનુ પકડાયેલા આરોપીએ કબુલ્યુ હતુ. આથી પ ોલીસે સપ્લાયરના સગડ મેળવવા માટે તપાસનો દૌર મુંબઈ સુધી લંબાવવા માટે તજવિજ હાથ ધરી છે.જામનગરમાં મોંઘાદાટ નશીલા પદાર્થની હેરાફેરીનુ વધુ એક રેકેટ બહાર આવતા પોલીસે પ કડાયેલા શખ્સોની ઘનિષ્ઠ પુછપરછ સાથે તપાસનો ધમધમાટ હાથ ધર્યો છે. અન્ય કોઈની સંડોવણી છે કે કેમ? સહિતની બાબતોને આવરી પોલીસે જીણવટભરી તપાસ શરૂ કરી છે. અત્રે ઉલ્લેનીય છેકે, જામનગર શહેરના ઢીંચડા રોડ પર આવેલી તિરૂપતી સોસાયટી-૨ વિસ્તારમાંથી પણ સવા ત્રણ માસ પૂર્વે મેફેડ્રોન સાથે પોલીસે ૩ને પકડયા હતાં.

# દિલ્હીમાંથી છેતરપીંડીના આરોપી મહિલા સહિત બે શખ્સોને પકડી પાડતી જામનગર પોલીસ

ચક્રવાત ટીમ જામનગર, તા.૧૧

સોશિયલ મીડિયાના વધી રહેલા ઉપયોગને કારણે અનેક લોકો છેતરપીંડીનો શિકાર બનતા હોય છે. તો લગ્નની લાલચ આપીને લોકો પાસેથી પૈસા પડાવનારા શખ્સોના કિસ્સા પણ સામે આવતા હોય છે, ત્યારે જામનગરમાં આ પ્રકારની એક ઘટના સામે આવી છે. જેમાં જામનગરની એક શિક્ષિકા સાથે shadi.com પરથી નંબર મેળવી રુપિયા ૩૬ લાખની છેતરપીંડી આચરનારા એક નાઈજીરીયન અને એક મહિલા સહિત ૨ શખ્સોને જામનગર સાઈબર ક્રાઈમ સેલે ન્યુ દિલ્હીથી ધરપકડ કરી છે.shadi.com પરથી મેળવ્યા નંબરઆ બનાવની પ્રાપ્ત વિગતો મુજબ જામનગરની એક શિક્ષિકાના shadi.com પર અપલોડ કરેલા બાયોડેટામાંથી



નંબર મેળવી વાતચીત કરી લગ્નની લાલચ આપી અલગ અલગ ગીફ્ટ મોકલવાનું કહી, મહિલાને વિશ્વાસમાં લીદી હતી. જેથી શિક્ષિકાએ કુલ રૂપિયા ૩૬,૮૨,૫૦૦ જેટલી રકમની છેતીપીંડી કર્યાની ફરિયાદ સિટી-એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી.

જેની તપાસ જામનગર સાઈબર ક્રાઈમ સેલને સોંપવામાં આવી હતી. જેમાં સાઈબર સેલે ટેકનીકલ પદ્ધતિથી આરોપીના લોકેશન મેળવી તપાસ કરતા આરોપી ન્યુ દિલ્હી ખાતે હોવાનું સામે આવ્યું હતું. જેથી જિલ્લા પોલીસવડા દિપન ભદ્રનની સૂચનાથી એએસપી નિતેશ પાંડેયના માર્ગદર્શન હેઠળ પીઆઈ કે.જે. ભોયે, એએસઆઈ સુનિલ કાંબલિયા, એએસઆઈ ડી.જે. ભુસા, મહિલા એએસઆઈ સી.કે. રાઠોડ, હે.કો કુલદીપસિંહ જાડેજા, પો.કો. બિપીનકુમાર દેશાણી, ધર્મેશ વનાણી, એલઆર રાહુલ મકવાણા, હે.કો નિર્મળસિંહ જાડેજા તથા ડ્રા. પો.કો. કિશોરસિંહ ગોહિલ, દિવ્યરાજસિંહ ઝાલા સહિતના સ્ટાફે ન્યુ દિલ્હીમાં કુતુબીહાર વિસ્તારમાં ઝન્કાર રોડ પર ગોયલા ડેરી પાસેથી મૂળ નાઈજીરીયાનો આરોપી જહોન ચીબુઝોર ઈઝરાઈલ તથા સવિતા ઈરપ્પા વાલેકર નામના બન્ને શખ્સોની ધરપકડ કરી હતી.૧,૯૧,૦૭૦નો મુદ્દામાલ જપ્તજામન ગર પોલીસે આ બન્ને આરોપીઓ પાસેથી પોલીસે રૂપિયા ૩૦,૭૦૦ની કિંમતના ૧૩ મોબાઈલ/ટેબલેટ, રુપિયા ૪૦૦ની કિંમતની ૩ પેનડ્રાઈવ, રુપિયા ૯૫૦ની કિંમતના ૬ મેમરીકાર્ડ તથા અલગ અલગ બેન્કોના ૧૪ એટીએમ કાર્ડ, જુદી જુદી સરકારી ઓળખ કાર્ડ નંગ ૫ તથા રુપિયા ૧૨,૦૦૦ની કિંમતનું એક ટીવી, રુપિયા ૨,૩૦૦ની કિંમતના ૩ રાઉટર, ૧ હજારની કિંમતના ૨ હોટસ્પોટ તેમજ રુપિયા ૧,૦૦૦૦ની કિંમતનું એક લેપટોપ, ૫ હજારની કિંમતનું સ્પીકર, રુપિયા ૧,૨૭,૫૦૦ની કિંમતની ઈમીટેશન જ્વેલરી અને રુપિયા ૧,૨૨૦ની રોકડ મળી કુલ રુપિયા ૧,૯૧,૦૭૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

# ગીર સોમનાથ જિલ્લામાં ખરાબાની જમીન તથા ગૌચર જમીન પર આવારા તત્વોનો કબ્જો

ચક્રવાત ટીમ ગીર સોમનાથ, તા.૧૧

ગીર સોમનાથમાં તાલાલા તાલુકાનાં બોરવાવ ગામે રાજકીય સાંઠગાંઠ ધરાવતા અસામાજિક તત્વો અને સ્થાનિક પંચાયતના સભ્યો અને સરપંચના મળતીયાઓ દ્વારા ઘણા સમયથી પડતર અને ખરાબાની જમીનો તો ઠીક પરંતુ ગૌચરની જમીનો પણ છોડવામાં નથી આવી, જેની સામે તાલાલા તાલુકાના જાગૃત નાગરિક દ્વારા અવાજ ઉઠાવતા મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી,અને કલેકટર સુધી રજૂઆત અને ફરિયાદ કર્યા છતાંય તંત્ર અંધ બની બેઠું છે. કાર્યવાહીના નામે સ્થાનિક અધિકારીઓ ગામ ની મુલાકાત લઈ આં અસામાજિક ઈસમોને મળી પોતાના ખિસ્સા ગરમ કરે છે અને પોતાના અંગત સ્વાર્થ સાધી માત્ર કાગળો ટેબલો પર ધૂળ ચડાવે છે. જ્યારે મુખ્યમંત્રી લેન્ડ ગ્રેબીંગ ના કાયદાના બંગા ફૂકે છે ત્યારે રૂપિયાના જોર પર આવા અસામાજિક તત્વો પોતાની બાયોં ચડાવી જલસા કરે છે. જાગૃત લોકોને ખોટા કેસો અને કામોમાં સંડોવી દેવાની ધમકીઓ પણ આપે છે ત્યારે ક્યાં સુધી આં યોગ્ય છે.

# રાજકોટ જાહેર માર્ગો પર અવરોધ સર્જનાર સામે પગલા

**એ.ડીવીઝન પોલીસ મથકના વિસ્તારમાં પોલીસ સ્ટાફે હાથ ધરેલ કવાયતમાં બે દંડાયા**

ચક્રવાત ટીમ રાજકોટ, તા.૧૧

શહેરનાં અતિગીચ વિસ્તારોમાં રાહદારીઓ તેમજ વાહનચાલકોને અવરોધ સર્જતા રેકડી-કેબીન ધારકો તેમજ આડેધડ વાહનો પાર્ક કરી મુશ્કેલી સર્જતા હંગામી દબાણકારો વિરૂદ્ધ શહેર એ. ડીવીઝનના પોલીસ ઈન્સ્પેકટર સી.જી. જોષીની સૂચનાથી કોઠારીયા નાકા પોલીસ ચોકીનાં સબ ઈન્સ્પેક્ટર જે.એસ. ભટ્ટ તથા મદદનીશોએ વિસ્તારમાં ઝૂંબેશ ચલાવી હાથ ધરેલ કાર્યવાહીમાં બે શખ્સો વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ તેમજ માર્ગો પરના દબાણો દૂર કરાયા હતા.

# જામનગરના એક જ ક્રિકેટ ગ્રાઉન્ડની પહોળાઈ ઘટે તો રણજી ટ્રોફીની મેચો મળતી થઈ જશે બંધ

ચક્રવાત ટીમ જામનગર, તા.૧૧

લાલ બંગલા સર્કલ પાસે આવેલા અજીતસિંહ પેવેલિયનમાં તંત્ર દ્વારા મ્યુઝિયમ બનાવવાની હિલચાલ શરૂ થઈ છે. જેના કારણે આ ગ્રાઉન્ડમાં હાલ રોજ ક્રિકેટ રમતા ૬૦૦ જેટલા બાળકો કદાચ હવે ક્યારેય જોવા નહિ મળે. મેદાનમાં એક બાજુ સ્વિમિંગ પુલ તો બીજી બાજુ મ્યુઝિયમ બનતાં મેદાનની પહોળાઈ ઘટશે. જેના કારણે એકમાત્ર ક્રિકેટ ગ્રાઉન્ડ ધરાવતાં જામનગરને ભવિષ્યમાં રણજી ટ્રોફીની મેચો મળવાની બંધ પણ થઈ શકે છે જામનગરનાં લાલ બંગલા સર્કલ પાસે આવેલા અજીતસિંહ પેવેલિયનની તસવીરહાલમાં સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન કરી રહ્યું છે અજીતસિંહ પેવેલિયનનો ઉપયોગજામનગરમાં આવેલા એકમાત્ર ક્રિકેટ ગ્રાઉન્ડ અજીતસિંહ પેવેલિયનનો ઉપયોગ હાલ સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન દ્વારા કરવામાં આવી રહ્યો છે. શહેરમાંથી અંદાજે ૬૦૦ જેટલા બાળકો રોજ ત્યાં ક્રિકેટ રમતા જોવા મળે છે. ભારતીય ક્રિકેટ ટીમને વિનુ માંકડ, સલીમ દુરાની, અજય જાડેજા અને રવિન્દ્ર જાડેજા જેવા હોનહાર ખેલાડીઓ આપનાર આ ગ્રાઉન્ડની એક બાજુ સ્વિમિંગ પુલ અને બીજી બાજુ મ્યુઝિયમ બનાવવામાં આવશે તો મેદાન એકદમ સાંકડું થઈ જશે. જેના કારણે જામનગરને ભવિષ્યમાં રણજી ટ્રોફીની મેચો મળવાની બંધ પણ થઈ શકે છે. ધારાસભ્યો અને સાંસદ સારા ગ્રાઉન્ડ માટે સરકારને કરશે રજૂઆતકોંગ્રેસના ધારાસભ્ય વિક્રમ માડમે મેદાનમાં બની રહેલા સ્વિમિંગ પુલ અને મ્યુઝિયમ અંગે ચિંતા વ્યક્ત કરતા કહ્યું હતું કે, કોંગ્રેસ ઘણા સમયથી જામનગર ને સારું સ્ટેડિયમ મળવું જોઈએ તેવી માંગ કરે છે, પણ રાજ્ય સરકાર મેદાન ફાળવવામાં ઉદાસીનતા સેવી રહી હોય તેમ લાગે છે. ધારાસભ્ય હકુભા જાડેજાએ આશાવાદ સેવ્યો છે કે, જ્યારે પણ દેશને સારા ક્રિકેટર ની જરૂર હશે ત્યારે જામનગર તે આપવા માટે તૈયાર છે. સારા ગ્રાઉન્ડ માટે રાજ્ય સરકારમાં રજુઆત કરીશું અને જામનગરને ઉત્તમ સ્ટેડિયમ મળે તેવા પ્રયાસ કરવામાં આવશે. સાંસદ પૂનમ માડમે પણ મેદાનમાં મ્યુઝિયમ બનવા સામે ચિંતા વ્યક્ત કરીને આગામી દિવસોમાં જામનગરને સારું સ્ટેડિયમ મળી રહે તેવા પ્રયાસ કરવામાં આવશે.

# જી.જી.હોસ્પિટલમાં બે વર્ષમાં ૪૬૮૭ ઓપરેશનો

ચક્રવાત ટીમ જામનગર, તા.૧૧

જામનગર "કોરોના ગ્રસ્તદર્દીઓની સારવાર તબીબો – પેરા મેડિકલ સ્ટાફ દ્વારા પીપીઈ કીટ પહેરીની કરવામાં આવતી હોય છે. પરંતુ કેટલાક કોરોનાગ્રસ્તદર્દીઓ એવા છે કે જેમના ઉપર કેટલાક ઓપરેશનો કરવાની પણ જરૂર પડે છે. સામાન્ય સારવારમા કે આઈ.સી.યુ.માં દર્દીની સાવ બાજુમાં વધુ સમય રહેવાનુ હોતું નથી. જ્યારે ઓપરેશનોમાં કોરોનાગ્રસ્ત દર્દીની અત્યંત નજીક રહી તેનાં ખુલ્લા પડેલા અવયવો પર તબીબો અને નર્સોએ કામ કરવાનુ હોય છે. દર્દીના શરીરના અંગો ખોલીને સર્જરી થતી હોય છે. આંતરડા-પેટ સહિતના અંગોમાં કોરોના વાયરસનો કાફલો હોય છે. જેથી સર્જન-નર્સોને ચેપ લાગવાની સંભાવના મહતમ રહે છે." આ વાત કરે છે જામનગર જી.જી. હોસ્પિટલના સર્જરી વિભાગના





સિનિયર મોસ્ટ પ્રોફેસર અને વિભાગના વડા ડો.સુધીર મહેતા. ડો. સુધીર મહેતા વધુમાં જણાવે છે કે, કોરોનાના સમયગાળામાં કુલ ૩૫ કોરોનાના દર્દીઓની સર્જરી કોવિડ હોસ્પિટલમાં કરાઈ છે. જેમાં ૨૦ જેટલી સર્જરી સર્જરી વિભાગ દ્વારા કરવામાં આવી છે. સર્જરી વિભાગના ૧૮ જેટલા ડોકટર્સ-રેસીડન્ટ ડોકટર્સ કોરોનાની ઝપટમાં આવી ગયા હતા. જોકે કોરોનાને હરાવી આ તમામ કોરોના વોરિયર્સ ફરી દર્દીનારાયણોની સેવામાં લાગી ગયા હતા.કોરોનાગ્રસ્ત દર્દીઓમાં થયેલા ઓપરેશનોમાં હોજરીમાં કાણુ, આંતરડામાં કાણુ, આંતરડામાં સડો, આંતરડામાં અટકાવ, એપેન્ડિક્સમાં ચેપ કે તેનુ ફાટી જવુ, પ્રસુતિ બાદ પેટમાં રસીનો ભરાવો, પગમાં સડો કે ગેંગરીન વિગેરેના ઓપરેશનો મુખ્ય છે. કોરોનાગ્રસ્ત થવાના જોખમ વચ્ચે પણ આવા જટીલ ઓપરેશનો સર્જરીના સર્જનો સાવચેતીપૂર્વક તથા સફળતાપૂર્વક પાર પાડવામાં આવ્યા હતા. તેમ પ્રોફેસર- સર્જન ડો. ધર્મેશ વસાવડા જણાવે છે. આ ઉપરાંત જિલ્લાકક્ષાની ૧૨૦૦ બેડની કોવિડ હોસ્પિટલમાં કોવિડ હોસ્પિટલના પ્રારંભથી જ વહિવટી વડા (કોવિડના એડિશનલ સુપ્રિટેન્ડન્ટ) તરીકે સર્જરી વિભાગના જ પ્રોફેસર- સર્જન ડો. ધર્મેશ વસાવડા અને એસોસિયેટ પ્રોફેસર ડો.અમરીશ મહેતા ફરજ બજાવી રહયા છે. આ સર્જનોની સેવાને બિરદાવતાં મેડિસીન વિભાગના વડા ડો.મનિષ મહેતા કહે છે કે જિલ્લાકક્ષાની કોવિડ હોસ્પિટલમાં અમે દર્દીઓની સારવાર સુંદર રીતે કરી શકીઆ છીએ તેનો યશ સર્જરી વિભાગના ડો.ધર્મેશ વસાવડા અને ડો.અમરીશ મહેતાને ફાળે જાય છે. તેમજ કોવિડ-સી બિલ્ડીંગની વહિવટી જવાબદારી ડો.કેતન મહેતા અને ડો. વિરલ સાંગાણીને જાય છે.

# ગઢડા શહેરમાં ખેતી બચાવો અભિયાન અંતર્ગત કોંગ્રેસ પ્રેરિત ખેડૂત મિટિંગ યોજાઈ



ચક્રવાત ટીમ બોટાદ, તા.૧૧

આજ રોજ ગઢડા શહેર અને ગઢડા તાલુકાના કાર્યકર્તાઓની આગેવાની માં ખેતી બચાવો અભિયાન અંતર્ગત કોંગ્રેસ પ્રેરિત મિટિંગ યોજાઈ.જેના અનુસંધાને કોંગ્રેસ આગેવાનો દ્વારા એવું કહેવામાં આવ્યું કે જે કેન્દ્રની ભાજપ સરકારે ખેડૂત વિરૂધ્ધ જે કાયદા ઓ પસાર કરેલ છે તે કાયદાને રદ્દ કરવા સમગ્ર દેશના ખેડૂતો છેલ્લા કેટલાક દિવસોથી લડત લડી રહયા છે ત્યારે દેશના ખેડૂતોને સમર્થન આપવા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા સમગ્ર રાજ્યમાં 'ખેતી બચાવો અભિયાન' અંતર્ગત ખેડૂત મિટિંગ યોજવાનું આયોજન કરેલ . તેના ભાગરૂપે ગઢડા કોંગ્રેસ દ્વારા ભરતભાઈ છૈયા ના ફાર્મ હાઉસ ખાતે બોટાદ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ રમેશભાઈ મેર, હરજીભાઈ વાનાણી કોંગ્રેસ અગ્રણી, સુખદેવ સિંહ ગોહિલ કોંગ્રેસ અગ્રણી, વશરામભાઈ તાવૈયા પુર્વ તાલુકા પ્રમુખ, દિલુભા ગોહિલ, બચુભાઈ ઝાપડીયા દિનેશભાઈ જમોડ તાલુકા કોંગ્રેસ પ્રમુખ ઘનશ્યામભાઈ ચાવડા સાથે જ ગઢડા શહેર અને તાલુકાના કોંગ્રેસના આગેવાનો કાર્યકરો તથા ખેડૂતો મિત્રો પધારેલ. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ગઢડા શહેર કોંગ્રેસ પ્રમુખ પ્રતાપભાઈ છૈયા દ્વારા કરવામાં આવેલ.

# જામનગરના દરેડ ગામે સરકારી જમીનમાં ખડકાયેલા રહેણાંક મકાનો દૂર કરવા તંત્રએ નોટિસ ફટકારી

ચક્રવાત ટીમ જામનગર, તા.૧૧

જામનગરના દરેડ ગામે સરકારી જમીનમાં ખડકાયેલા રહેણાંક મકાનો દૂર કરવા તંત્રએ નોટિસ ફટકારી છે. આ સ્થિતિમાં આ જમીનમાં ગેરકાયદે રહેણાંક મકાનો બનાવી રહેતા આસામીએ રાજયમંત્રીને આવેદન પાઠવ્યું છે. જેમાં રહેણાંક મકાનો તોડાશે તો ૨૦૦૦ પરિવાર નોધારા બનશે. માટે એકમાત્ર આશરો ન છીનવવા વ્યાજબી ફી, દંડ વસૂલી નિયમિત કરી આપવા માંગણી કરી છે. રહેવાસીઓએ કોંગ્રેસના આગેવનો સાથે મંત્રીને પાઠવેલા આવેદનપત્રમાં જણાવ્યું છે કે, દરેડ ગામમાં રે.સ.નં. ૧૩૧,૧૩૨ માં ન્યુ દરેડ નોન ટ્રેડીંગ કોર્પોરેશન (સુચિત)માં એક દાયકા કરતા વધુ સમયથી ગરીબ-શ્રમિક



પરિવારો મકાનનું બાંધકામ કરી કુલ ૧૭૧ પ્લોટમાં બે હજારથી વધુ પરિવારો વસવાટ કરી રહ્યા છે. હવે તંત્ર દ્વારા જાહેર નોટીસ આપી આ તમામ બાંધકામો દૂર કરવા સૂચનાઆપવામાં આવી છે. આથી અસરગ્રસ્તોએ મહાનગર પાલિકાનાં વિપક્ષના પૂર્વ નેતા અલ્તાફ ખફીની આગેવાનીમાં સર્કિટ હાઉસમાં રાજય સરકારના મંત્રી ધર્મેન્દ્રસિંહ જાડેજાને આવેદનપત્ર પાઠવી પાડતોડ નહીં કરવા માંગણી કરી હતી. સાથે સાથે આ પરિવારોનો એકમાત્ર આશરો ન છીનવાય તે માટે વાજબી પેન્લ્ટી, દંડ વસુલી તમામ બાંધકામો નિયમિત કરી આપવા માંગણી કરી છે.

# મહીસાગરને કોરોનામાં રાહત છેલ્લા ૨૪ કલાકમાં માત્ર બે કેસ

ચક્રવાત ટીમ મહીસાગર, તા.૧૧

કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે. મહીસાગર જિલ્લામાં આજે બાલાસિનોર તાલુકાની ૦૧ સ્ત્રી, લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રીનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આમ, જિલ્લામાં કોરોના (COVID ૧૯)ના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૧૦-૦૧-૨૦૨૧ના સાંજના ૫-૩૦ વાગ્યા સુધીમાં ૧૯૭૨ કેસ પોઝીટીવ નોધાયા છે. આજે જિલ્લામાં સારવાર લઈ રહેલ દર્દીઓ પૈકી લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૧ પુરૂષે કોરોનાને મહાત આપતાં રજા આપવામાં આવતાં સ્વગૃહે પરત ફર્યા છે. આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૧૯૦૨ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે. જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૮ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૬ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૪ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફલુ/કોરોનાના કુલ ૧૧૨૮૪૫ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. જિલ્લાના ૨૧૮ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઈલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

## તંત્રી સ્થાનેથી......

# જાણો ગુજરાતના પુર્વ મુખ્યમંત્રી માધવસિંહ સોલંકીના રાજકીય જીવન વિશે...

ગુજરાતના પૂર્વ મુખ્ય મંત્રી માધવસિંહ સોલંકીનું ૯૪ વર્ષની જૈફ વયે શનિવારે અવસાન થયું હતું. ગુજરાતમાં સૌથી વધુ વિધાનસભા બેઠકો જીતીને મુખ્ય મંત્રી બનવાનો રેકૉર્ડ આજે પણ માધવસિંહના નામે છે. એમની કારકિર્દીની શરૂઆત મીડિયાથી થઈ હતી. સ્વાતંત્ર્ય સંગ્રામના એ યુગના દરેક યુવાનોની જેમ માધવસિંહ પણ જંબુસરના પીલોદ્રા ગામથી ગાંધીની ફોજમાં જોડાવા ઈન્દુલાલ યાજ્ઞિકની મદદથી અમદાવાદના સાબરમતી આશ્રમમાં આવ્યા. ઈન્દુલાલે એમને પોતાના સહાયક બનાવી ચકાસ્યા અને પછી 'ગુજરાત સમાચાર'માં નોકરીએ લગાડ્યા. ૮૦ રૂપિયાના પગારે માધવસિંહ આખો દિવસ છાપાની નોકરી કરતા અને રાત્રે ઑફિસના ટેબલો પર એ જ છાપું પાથરી સૂઈ જતા. એમને તો એક સારા પત્રકાર જ બનવું હતું, પરંતુ નિયતિ અકસ્માતે જ એમને રાજકારણમાં લઈ આવી. આશ્રમમાં એમના મિત્ર વકીલ એમને રાજકારણમાં જવાનો આગ્રહ કરતા હતા. પરંતુ માધવસિંહની ઈચ્છા વકીલ બનીને પૈસા કમાઈ પોતાના ગરીબ કુટુંબને પગભર કરવાની હતી. આ નવાઈ જેવી વાત નથી, એ વખતે લોકો પૈસા કમાવા રાજકારણમાં નહોતા આવતા ! એમના બીજા મિત્ર બાબુભાઈ જશભાઈ પટેલે એમને સમજાવવા એમના સસરા ઈશ્વરસિંહ ચાવડાને પોસ્ટ કાર્ડ લખ્યું. ઈશ્વરસિંહ જમાઈને સમજાવવા ગાંધી આશ્રમ આવ્યા પણ માધવસિંહ ના માન્યા. આ બાજુ ઈશ્વરસિંહનો નકારનો જવાબ ના આવતા એને હા માની બાબુભાઈએ કૉંગ્રેસની કમિટીની બેઠકમાં મોરારજીભાઈ દેસાઈ પાસે બોરસદ બેઠક માટે માધવસિંહનું નામ મંજૂર કરાવી દીધું. બીજે દિવસે છાપામાં ઉમેદવાર તરીકે નામ છપાયું ત્યારે તો માધવસિંહને એની જાણ થઈ. પછી એ ના ન પાડી શક્યા. અને આમ માધવસિંહ ૧૯૫૭માં મુંબઈ ધારાસભાના સભ્ય બન્યા અને ૧૯૬૦મા ગુજરાત અલગ રાજ્ય બનતા ગુજરાતની ધારાસભામાં આવ્યા. અને અહિંથી જ તેમની રાજકીય કારકિર્દીની શરૂઆત થઈ.

**યાકુબ બાદી**
**તંત્રી**

માધવસિંહ સોલંકીને એમના કાર્યકાળની મોટામાં મોટી ક્રૅડિટ આપવી હોય, તો એમણે દેશભરની શાળાઓમાં લાગુ કરાવેલી મધ્યાહ્ન ભોજન યોજના માટે આપી શકાય. એક વાર રશિયાના પ્રવાસ દરમિયાન એમને આ યોજનાની જાણ થયેલી. જે એમણે તાત્કાલિક ગુજરાતમાં અમલી બનાવી. એમની ઈચ્છા હતી કે આખા દેશમાં આ થવું જોઈએ. એમણે વડાં પ્રધાન ઈન્દિરા ગાંધીને વાત કરી. ઈન્દિરા તૈયાર થયાં પણ નાણામંત્રી પ્રણવ મુખરજીએ આર્થિક કારણસર ના પાડી. બાદમાં માધવસિંહ કેન્દ્રમાં આયોજનમંત્રી બન્યા ત્યારે એમણે વડા પ્રધાન રાજીવ ગાંધીને વાત કરી. અહી નાણા સચિવ મનમોહન સિંહે આર્થિક કારણ આગળ ધર્યા, પણ રાજીવ ગાંધીએ માધવસિંહને આયોજન પંચ દ્વારા મધ્યાહ્ન ભોજન યોજના દેશભરમાં લાગુ કરવા કહ્યું. ગુજરાતમાં મફત કન્યા કેળવણી પણ માધવસિંહનાં સમયમાં શરૂ થઈ. એ વખતે માંડ ચાર જીઆઈડીસી હતી એ પણ શહેરી વિસ્તારોમાં. એમણે જિલ્લે જિલ્લે અને પછાત વિસ્તારોમાં પણ જીઆઈડીસી સ્થાપીને ઔદ્યોગિક વિકાસ છેવાડાના માણસ સુધી પહોચાડ્યો. ગુજરાતના આર્થિક વિકાસની અનેક નક્કર યોજનાઓ પણ એમના જ વખતમાં અમલી બની.

# 'Krossing ગર્લ'

## પ્રકરણ ૩૮

મારા મનમાં ઘણાં સવાલો ઘૂમી રહ્યા હતાં. ગીતાએ આ બધું આટલાં ટૂંકા ગાળામાં કરી બતાવ્યું. મારું મન માનવા હજુ તૈયાર નહોતું. હાલ તો સવાલો પૂછવાનો સમય મળે એમ નહોતો. રસ્તામાં હરીદાસ બાપ અને પ્રકાશભાઈએ "સર્જન બાગ" વિશે મારો અભિપ્રાય પૂછ્યો સાથે બીજા ઘણાં સવાલોની ચર્ચા ચાલી. 'ફ્યુચર લેબ' માં એડમિશન શું મળ્યું. ગામ માટે હું હીરો બની ગયો હતો. લોકો મારી પાસે તમામ સમસ્યાનો ઉકેલ હોય એવું માનતા હતાં. ગીતા અમારાથી થોડી આગળ ચાલી અમને કાર્યક્રમના સ્ટેજ તરફ દોરી રહી હતી.

અમે સ્ટેજ પાસે પહોંચ્યા.અહીંયા તો જાણે કોઈ મોટા નેતાની સભા હોય એટલો માનવ મહેરામણ ઉમટી પડ્યો હતો. આમંત્રિત મહેમાનો સ્ટેજ પર ગોઠવાઈ ચુક્યા હતાં. ગીતાએ મને સ્ટેજ પર જતાં અટકાવ્યો. ત્યાં બાજુમાં રહેલી ખુરશી પાસે ઉભા રહેવાનું કહ્યું. "તું ફક્ત ઓપનિંગ માટે મહેમાન હતો. બચ્ચું હજુ તારે સ્ટેજ પર બેસવાની ઘણીવાર છે. પણ તૈયાર રહેજે, અડધી કલાક પછી તારી ૧૦ મિનિટની સ્પીચ છે. તારે બાળકોને ઉપયોગી થાય તેવું કંઈક બોલવાનું છે. યંગસ્ટર્સ ખાસ તારી સ્પીચ સાંભળવા માટે ક્યારના ગોઠવાઈ ગયા છે. ઓલ ધ બેસ્ટ ડીઅર."

ગીતાના આ શબ્દો સાંભળી મારા પગ તળેથી જમીન સરકી ગઈ. શરરીમાંથી રીતસર એક ધ્રુજારી પસાર થઈ ગયું. હે ભગવાન ..! આ હજારોની ભીડ સામે હું કોઈપણ જાતની તૈયારી વગર શું બોલીશ ? હું ગીતાને મનોમન ગાળો આપવા લાગ્યો. ગીતાએ મને આ કાર્યક્રમ અંગે સાવ અંધારામાં રાખ્યો હતો. એટલે સુધી કે ગામના કોઈ વ્યકતી દ્વારા પણ આ કાર્યક્રમ વિશે જરા સરખો અંદેશો નહોતો આવ્યો. પહેલાં ઉદ્ઘાટન અને હવે સ્પીચ ...!

એટલીસ્ટ, બોલવાનું છે એવી જાણ તો કરી હોત ? લાઈફમાં ફર્સ્ટ ટાઈમ સ્ટેજ સ્પીચ અને એ પણ આવી અણધારી....! આજે મારો ફજેતો નક્કી છે. હું ધારું તો પણ છટકી શકું તેમ નહોતો. હું મનોમન સાગરેના 'છોકરીના છપ્પા' થી લઈ બીજું આપેલું જ્ઞાન રિવાઈન્ડ કરવા લાગ્યો. ક્યાંક મદદ મળે એવું કશુંક ક્લિક થઈ જાય. યસ... 'લોકોને શબ્દો,પૈસા કે પ્રેમથી બિન્દાસ છેતરવા પણ કેરેકટરથી ક્યારેય નહીં....નહીં તો આજીવન ખુદથી અને લોકોથી છેતરાતાં રહેવું પડશે." મિન્સ કે મારે .......?

'તું ક્રિષ્ના છે ને ?' પાછળથી કોઈનો સવાલ સંભળાયો.

"હા....આપનો પરિચય ?"પાછળ જોઈ મારાથી અનાયાસે પુછાય ગયું.

"વત્સ, હું સ્વામી હસમુખ. હરિદાસ બાપુ હવે બધા વહીવટીમાં એકલા હાથે પહોંચી શકે તેમ નથી. આથી અમે ત્રણ સંતો મદદ માટે આવ્યા છીએ." તેના ચહેરાનું લુચ્ચું સ્મિત મારાથી છાનું ના રહી શક્યું.

"બાપુએ તો આવી કોઈ વાત કે ફરીયાદ નથી કરી ?" મને એ વ્યકતી પ્રત્યે ખબર નહીં કેમ અણગમો થઈ રહ્યો હતો. આવો જ અણગમો પહેલી ડેટ વખતે ઈશિતા સામે થયો હતો.

"વત્સ લાગે છે તું બાપુના ઈતિહાસથી અજાણ છો. આ બધા કહેવાના બાપુ છે. કોઈ ખરું સંત નથી. સંસારી ભાગેડુઓ છે બધા. આવા બની બેઠેલા સંતોને લીધે સાધુ સમાજ બદનામ થતો રહે છે. અમે આ કલંક દૂર કરવા ઈચ્છીએ છીએ. આ માટે અમારે પણ સંસારી સાધુ બનવું રહ્યું." મને આ વ્યક્તિને એક લાફો મારવાનું મન થઈ આવ્યું. હરીદાસ બાપુ વિશે આ સ્વામી આવું બોલી જ કેમ શકે ?

"મને લાગે છે. તમારું જ્ઞાન હજુ અધૂરું છે. અને દાનત પણ સાફ હોય એવું લાગતું નથી. હું આ વિશે તમારી હાજરીમાં બાપુ પાસે આ વાતનો જવાબ માંગીશ." આ શબ્દો બોલવાની હિંમત મારામાં ક્યાંથી આવી એ મને ના સમજાયું.

"વત્સ, ગામના ઘણાં અનુભવી સાચું કહે છે. તારા જેવા લાયકાત વગરના ગધેડાને અંબાડી ઉપર બેસાડીને બધા બહુ મોટી ભૂલ કરી રહ્યા છે. આ તો 'ઘરના ભૂવા ને ઘરના ડાકલા' ફટાકડી જેવી બેનના રૂપમાં બધા ભાન ભૂલ્યા હોય એમાં કોણ સામું થાવા જાય ? તું શું ખુલાસો માંગીશ બાપુ પાસે....એ બસ થોડા મહિનાના મહેમાન છે. જોઈ લેજે. આપમેળે એના પાપનો ભાંડો ફૂટી જશે." તેની જીભ કારેલા કરતાં પણ કડવી વાણી બોલી રહી હતી.

તેના આ શબ્દો સાંભળી મારો બાટલો ફાટી ગયો હતો. મેં ગુસ્સાથી લાલ આંખે તેની સામે જોઈને કહ્યું. "તું સાધુ કે સંત શું માણસ કહેવા માટે પણ લાયક નથી."

"કુલ ડાઉન....તું જો ખરેખર જીનિયસ હોઈશ તો આપણી લડાઈ બહુ લાંબી ચાલવાની છે. માટે આ ગુસ્સો એ લડાઈના જુસ્સા માટે બચાવીને રાખજે. મને એમ કે આપણે સારા પાર્ટનર બની બાપુના બિઝનેસ પર કબ્જો મેળવી જલસા કરીશું. વત્સ, હવે લાગે છે. આ બધું મારે એકલા હાથે સંભાળવું પડશે. તથાસ્તુ." આટલું બોલી એ ભગવધારી વિદાય થયા. હું એક પછી એક સરપ્રાઈઝના આંચકા પચાવી સ્વસ્થ થવા પ્રયત્ન કરવા લાગ્યો.

ગીતાએ જાતે જ કાર્યક્રમનું સંચાલન સાંભળ્યું હતું. અત્યારે હરીદાસબાપુ પ્રવચન આપી રહ્યા હતાં. મારા પરિવારના સભ્યોને પાડોશીઓ સાથે બેઠેલા જોયા. હું હજુ ક્રોધથી સળગી રહ્યો હતો. તાળીઓના સમૂહસ્વર સાંભળી હું વર્તમાનમાં આવ્યો. બાપુનું પ્રવચન પૂરું થઈ ગયું હતું.

હવે, આપ સહુ જેની આતુરતાથી રાહ જોઈ રહ્યા છો એ.....હા...મને ખબર જ છે....કોની...એને સ્ટેજ પર બોલાવતાં પહેલાં તમને એક સરપ્રાઈઝ આપું. 'ક્રિષ્ના આજના કાર્યક્રમ વિશે સાવ અજાણ છે. એને સ્પીચ આપવાની છે. એની જાણ પણ મેં તેને સ્ટેજ પર આવતાં પહેલાં કરી. હવે તમે જ સાંભળીને નક્કી કરજો આ છોકરો ચંદનની સુવાસ ફેલાવવા લાયક છે કે નહીં ? ક્રિષ્ના પટેલ..પધારો...લોકો તમારા શબ્દોની સુવાસ લેવા આતુર છે. "કાનના પડદા ધ્રુજી જાય તેવી તાળીઓ સાથે મારું સ્વાગત થયું.'

ભગવાનને પ્રાર્થના કરતો હું માઈક સામે ગોઠવાયો. તાળીઓનો અવાજ શમી ગયો. મારી કસોટી શરૂ થઈ. "'સપના વાવો તો જીવતર ઉગે' સપનાનું વાવેતર કરવા માટે આજે ધનતેરસથી શુભ દિવસ બીજો કયો હોય ? ગીતાએ કહ્યું એમ મારા માટે આ કાર્યક્રમ એક સરપ્રાઈઝ છે. હમણાં સ્વામી હસમુખના રૂપમાં એક માની ના શકાય તેવી સરપ્રાઈઝ પણ મળી. ચાલો આગળ વધીએ તમારે જે સાંભળવું છે એ તરફ.

'ફ્યુચર લેબ' મારી શાળાને હું દુનિયાની આઠમી અજાયબી કહીશ. એટલા માટે કે એને માણસ તૈયાર કરવામાં રસ છે. એ સહુથી અઘરું છે. માણસને ફીલિંગ્સ, સપનાં અને વિચારો હોય. આપણી એજ્યુકેશન સિસ્ટમના કોર્સમાં આ ત્રણેય વિષયો ભણાવવાની મનાઈ છે. માણસનું અસ્તિત્વ જ સવાલોની દુનિયા પર ટકેલું છે. સવાલો પૂછવા માટે તૈયારી, હિંમત અને સમય પારખવાની આવડત જોઈએ. મારી સ્કૂલ મને આ માટે તૈયાર કરી રહી છે.

આપણને એમ હોય કે સારી સ્કૂલ કે કોલેજમાં ભણીને જ હોંશિયાર થઈ શકાય ? ના એવું નથી હોતું. એનું જીવતું જાગતું ઉદાહરણ આ 'સર્જન બાગ' છે. કામ કરવાની દાનત અને હાર્યા વિના મહેનત કરવાની ધગશ હોય એટલે સફળતાને પણ ઝખ મારીને સામેથી તમારી પાસે આવવું પડે. બાકી રાતોરાત સક્સેસના ફન્ડા દુનિયાની કોઈ બુક્સમાં નથી.

મેં હમણાં જે મોટી મોટી વાતો કરી એ પણ ઉછીનું લીધેલું જ્ઞાન છે. હું સતત શીખી રહ્યો છું, અણધારી ઝડપે વિકસી રહ્યો છું. સાવ નવા જ અનુભવો લઈ રહ્યો છું. મને ફાયદો એ છે કે આ બધામાં સાચા -ખોટા કે સારા-ખરાબની ચકાસણી માટે ફ્યુચર લેબ છે. એટલે રિઝલ્ટ થોડું વહેલું મળશે. બાકી તમારામાં અને મારામાં કશો ફર્ક નથી.

'ફ્યુચર લેબ' માં એડમિશન કંઈ રીતે મળે ? હું એક જ જવાબ આપીશ. "જેવા છો એવું જીવો." એ આપમેળે તમને શોધી લેશે. હવે આગળ ઉછીની વાતો સિવાય મારી પાસે કહેવા માટે કશું નથી. જે સાંભળવું તમને ગમશે નહીં. અમુક અનુભવ છે જેનું ડેટા એનાલિસિસ હજુ ચાલુ છે. રિઝલ્ટ પહેલાં એ શેર કરવા યોગ્ય નહીં રહે.

મારું વાવેલું ચંદનનું વૃક્ષ સુવાસ ફેલાવવાનું શરૂ કરે એ પહેલાં મારી સફળતાની સુવાસ તમારા સુધી પહોંચી જશે એટલું પ્રોમિસ હું ચોક્કસ આપીશ. અસ્તુ."

હાજર રહેલાં સહુએ તાળીઓના સ્નેહથી મને ભીંજવ્યો. ત્યારબાદ બે સ્પીચ પછી પ્રશ્નોનું સેશન આવ્યું. જે એક કલાક ચાલ્યું. મને બહુ મજ્જા પડી. ત્યારબાદ જમીને સહુએ દિવાળીની આતશબાજી માણી.

મેં લાઈફની સહુથી બેસ્ટ દિવાળી ઉજવી. ગીતાને લોન્ગ સ્કર્ટ અને ડિઝાઈનર કુર્તિ ગિફ્ટમાં આપી. બહુ ફટાકડા ફોડ્યા. બધા દોસ્તો સાથે ખૂબ ધમાલમસ્તી કરી. આટલા દિવસમાં સાગરનો એક પણ ફોન ના આવ્યો. રાહુલ અને મીરા સાથે રોજ વાત થતી. હેપ્પી સાથે ક્યારેક વાત થઈ જતી. ઈશિતા સાથે બે વાર ફોનમાં વાત થઈ. મેં તેને 'સમીર ભાટીયા' ના નંબર આપી દીધા હતાં.

તમે સફળ હોય કે કશુંક અનોખું કરી રહ્યા હોય તો લોકોની તમારી સામે જોવાની દ્રષ્ટિ બદલાઈ જાય છે. તેમની અપેક્ષા વધતાં તમારી જવાબદારી પણ વધતી જાય છે. 'સર્જન બાગ' જોઈને થયું યોગ્ય આગેવાની અને સમૂહની તાકાત મળે તો ધારીએ એવું પરિવર્તન લાવી શકાય. મેં ગીતા પાસે ફંડથી લઈ બાગની બેકસ્ટોરી જાણવાની ઘણી ટ્રાય કરી. એને એક જ જવાબ આપ્યો. "કહેવા જેવું લાગશે ત્યારે સામેથી કહીશ."

"પ્લીઝ ,ગીતલી ખોટો ભાવ ના ખા. મને ખબર છે હવે તું બહુ મોટું માણસ બની ગઈ છો. એટલીસ્ટ મને તો કે. મને કેટલું નવું જાણવા અને શીખવા મળશે." હું તેને રીતસર તેને કરગરી રહ્યો હતો.

"માય ડિયર, બ્રધર ',ઉતાવળે આંબા ના પાકે.' મને કહેવામાં કોઈ પ્રોબ્લેમ નથી. પણ તું હજુ આ સક્સેસ સ્ટોરી સમજી કે પચાવી શકે એટલો કેપેબલ નથી. ડોન્ટ વરી....યોગ્ય સમયે હું તને સામેથી કહીશ." તે મારી સામે જોઈને બોલી. તેનો ના કહેવાનો કોઈ ઈરાદો નહોતો. આટલું સમજાતાં મેં વધુ આગ્રહ કરવાનું માંડી વાળ્યું. ખબર નહીં કેમ પણ હું સ્વામી હસમુખ વાળી વાત ગીતાને કહી ના શક્યો. જે આગળ જતાં મારી લાઈફની સહુથી મોટી ભૂલ સાબિત થવાની હતી.

અંતે વેકેશન પૂરું થયું. બધાની પ્રેમભરી વિદાય સાથે મેં ફરીથી રાજકોટની બસ પકડી. મને પણ ખબર નહોતી હું પાછો ક્યારે આવીશ ? શા માટે ? કશું સમજાતું નહોતું. લાગતું હતું જિંદગી મને કંઈક અલગ જ રસ્તે લઈ જઈ રહી છે. રાજકોટમાં સ્કૂલનું હવે પછીનું સેમેસ્ટર લાઈફમાં સૌથી મહત્વના લેશન શીખવી જવાનું હતું, જેના વિશે મેં સપનેય વિચાર્યું નહોતું. **(ક્રમશઃ)**

Mo. & wtsp - 88666 09807
ravivir2020@gmail.com

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઇસ્લામીક સંવત-૨૦૨૦, તા. ૧૨-૦૧-૨૦૨૧, મંગળવાર, માગશર વદ-૧૪, સૂર્યોદય-૭-30, સૂર્યાસ્ત-૬-૧૯, જૈન નવકારશી-૮-૧૮, આજની રાશિ : ધન (ભ.ફ.ધ.ઢ.), નક્ષત્ર: મૂળ

**- શુભ ચોઘડીયા -**

૧૨-૩૪ થી અભિજીત ૧૩-૧૭ સુધી,૧૦-૧૩થી ચલ-લાભ-અમૃત-૧૪-૧૭ સુધી, ૧૫-૩૮થી શુભ-૧૬-૫૯ સુધી, ૧૯-૫૯થી લાભ-૨૧-૩૮ સુધી, ૨૩-૧૭થી શુભ-૨૪-૫૫ સુધી

**- શુભ હોરા-**

૯-૧૮ થી ૧૨-૦૧ સુધી, ૧૨-૫૫ થી ૧૩-૫૦ સુધી, ૧૫-૩૮થી ૧૮-૨૧ સુધી, ૧૯-૨૭થી ૨૦-૩૨ સુધી

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

## રાશીફળ

» મેષ(અ.લ.ઈ.) :- યાત્રા પ્રવાસનું આયોજન થાય. માનસિક ચિંતા હળવી થાય. નોકરી-ધંધામાં રાહત. શુભ સમય

» વૃષભ(બ.વ.ઉ.) :- ઈષ્ટદેવની ઉપાસનથી મુશ્કેલીમાં રાહત. દિવસ આનંદમય પસાર થાય. આરોગ્ય સુખાકારી.

» મિથુન(ક.છ.ઘ.) :- નોકરીમાં બઢતી-ચઢતી શક્યતા. આવકનું પ્રમાણ જળવાઈ રહે. નાણાની ભીડ દૂર થાય.

» કર્ક(ડ.હ.) :- ઉત્તમ દિવસ, સામાજીક બાબતો સાનુકુળ, રૂઆથિક બાબતો યથાવત,મહિલાવર્ગને સંભાળવું.

» સિંહ(મ.ટ.) :- આવકનું પ્રમામ જળવાઈ રહે. માનસિક ચિંતા હળવી થાય. રાજકીય લાભ થાય. યાત્રા-પ્રવાસ સફળ બને.

» કન્યા(પ.ઠ.ણ.) :- આકસ્મિક લાભ થાય. પદ-પ્રતિષ્ઠામાં વધારો થઆય. નોકરી-ધંધામાં પ્રગતિ થાય. પત્ની તરફથી શુભ સમાચાર મળે.

» તુલા(ર.ત.) :- જમીન - મકાનથી લાભ. આર્થિક સામાન્ય ખર્ચાળ, મહિલાવર્ગને અકંદરે લાભકારી દિવસ.

» વૃશ્ચિક(ન.ય.) :- ઉત્તમ દિવસ, રૂઆથિક પાસુ લાભપ્રદ રહે, સામાજીક બાબતોમાં સંભાળવું, મહિલાવર્ગને લાભકારી દિવસ.

» ધન(ભ.ધ.ફ.ઢ.) :- મધ્યમ દિવસ, રૂઆથિક પાસુ ખર્ચાળ રહેવા છતા સામાજિક બાબતો સુવિધાપ્રદ, મહિલાવર્ગને શાંત દિવસ.

» મકર(ખ.જ.) :- ઉત્તમ દિવસ, કોઈ અનપેક્ષિત લાભ આવી મળે, સામાજીક બાબતો સુવિધાપ્રદ, મહિલાવર્ગને શાંત દિવસ.

» કુંભ(ગ.શ.સ.) :-જમીન - મકાનથી લાભ. દિવસ આનંદમય પસાર થાય. આરોગ્યની કાળજી રાખવી. એકંદરે સમય સારો.

» મીન(દ.ચ.ઝ.) :- વેપાર અર્થે પ્રવાસ લાભદાયી રહે. કુટુંબસુખ ઉત્તમ રહે. આધ્યાત્મિક ક્ષેત્રે રુચિ વધે.

# જાણો મેંગો પીપલ પરિવાર વિશે...

અત્યારે આપણે સહુ જાણીએ છીએ કે શિક્ષણનું વ્યાપારીકરણ થઈ ગયુ છે. પોતાનો ફાયદો જોયા વગર વિદ્યાદાન કરતી સંસ્થાઓ બસ થોડી જ બચી છે. ઉંચી તગડી ફી લઈ, શાળા કોલેજો અને ઈન્સ્ટીટયુટ હજારો ખામીઓ સાથે રાફડાની જેમ ફાટી નીકળી છે. અત્યારના આ યુગમાં ગરીબ બાળકો માટે અભ્યાસ તે જાણે એક સ્વપ્ન બરાબર થઈ રહયુ છે. આવા કપરા સમયમાં રાજકોટ તથા જામનગરની ઝૂપડપટ્ટી અને સ્લમ વિસ્તારોના બાળકોને જ્ઞાન અને સંસ્કારોનું સીંચન થાય તે માટે "મેંગોપીપલ પરીવારે" શિક્ષણની જયોત પ્રગટાવી છે.



રાજકોટમાં ગોંડલરોડ, રૈયાધાર, લાલપરી તળાવ અને અટીકા જેવા અલગ - અલગ વિસ્તારોમાં તથા જામનગરમાં સાત રસ્તા પ્રદર્શન ગ્રાઉન્ડ પાસે તથા સાંઈબાબા મંદીર પાસેની ઝૂપડપટ્ટીમાં ઘટાદાર વૃક્ષના છાયડામાં અથવા મંદીર પરીસરમાં બાળકોને અભ્યાસ કરતા જોઈને પહેલી નજરે એવુ લાગેકે અહિં જરૂર કલાસીસ ચાલતા હશે. પરંતુ અહિં કલાસીસ નહીં "મેંગોપીપલ પરીવાર"ના ફ્રી એજયુકેશન કલાસ ચાલે છે. જેમાં મજુર વર્ગ, સ્લમવિસ્તાર અને ઝૂપડપટ્ટીના બાળકોને નિઃશુલ્ક જ્ઞાન અને સંસ્કાર અપાય છે.

કયારેક ઝૂપડપટ્ટીના કોઈ એકાદ વૃક્ષ નીચે કયારેક કોઈ સ્લમવિસ્તારના કવાટર્સની અગાસી પર અથવા મંદીરના પરિસરમાં અથવા તો સાવ ફૂટપાથ પર આવા બાળકોને અક્ષરજ્ઞાન આપવાની શરૂઆત એક દંપતીએ કરી અને આજે તેઓ એક ઉમદા શિક્ષક તરીકે ફરજ બજાવી રહયા છે. તેઓના વરદહસ્તે શિક્ષણનો સેવારૂપી વાવેલો નાનકડો છોડ ધીમે ધીમે આજે ઘટાદાર વૃક્ષ બની રહયુ છે.

નિર્મલરાજ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત "મેંગોપીપલ પરીવાર"ના સ્થાપક અને પ્રમુખશ્રી મનીષભાઈ રાઠોડ આ પ્રવૃતિ શરૂ કરવાની વાત કરતા જણાવે છે કે " હુ ધોરણ - ૧૦ માં ટ્રાયલ હોવાથી નોકરી મેળવવાથી માંડીને જીવનના અનેક તબકકાઓમાં બહુ જ પાછળ અનુભવ થયેલો, હવે જયારે એક નાનકડી ધોરણ - ૧૦ ની પરીક્ષામાં નાપાસ થઈએ તો આટલુ સહન કરવું પડે તો જરાક વિચારો કે જે લોકો સાવ ભણ્યા જ નથી તે લોકો પર તો શુ સીતમ ગુજારતી હશે આ દુનીયા ? મેં નજરે જોયેલ છે કે ગરીબ, મજુરો અને ઝૂપડપટ્ટીના બાળકોને સમાજ પણ તુચ્છ જ ગણે છે.આવા બાળકોનુ જીવન બદલવા માટે ઝૂપડપટ્ટીમાં એક નિઃશૂલ્ક શાળા શરૂ કરવાની ઈચ્છા થઈ. પરંતુ હું આર્થિક રીતે એટલો સઘ્ધર નથી. તેથી સ્કૂલને બદલે ફ્રી એજયુકેશન કલાસ શરૂ કર્યા. "

પિતાની મદદથી સ્વર્ગસ્થ માતૃશ્રી નિર્મલાબેન અને સ્વર્ગસ્થ નાનાભાઈ રાજની સ્મૃતિમાં નિર્મલરાજ ચેરીટેબલ ટ્રસ્ટની સ્થાપના કરી. "મેંગોપીપલ પરીવાર" દ્વારા કાર્યરત ફ્રી એજયુકેશન કલાસમાં ઝૂપડપટ્ટી અને સ્લમ વિસ્તારના બાળકો વાર્તાઓ સાંભળવાની મજા માણે છે. સંગીતની સાથે નાચવાનો આનંદ માણે છે. અહીં શીક્ષણ પણ વ્યાપારીકરણની જેમ નહી પણ અવનવા ગીતો અને રમતો દ્વારા અપાય રહયુ છે. શિક્ષણની સાથે સ્વચ્છતા અને સર્વાંગી વિકાસનુ પણ સતત માર્ગદર્શન અપાય રહયુ છે. ૪/૫ બાળકોથી શરૂઆત કરી આજે ઝૂપડપટ્ટી અને સ્લમ વિસ્તારોના ૨૫૦ થી પણ વધુ બાળકો મેંગોપીપલ પરિવારના ફ્રી એજયુકેશન કલાસમાં આવતા થયા છે.

અહીં ઝૂપડપટ્ટી અને સ્લમ વિસ્તારના બાળકો દરરોજ નહાતા થયા, નિયમિત નખ કાપતા અને સ્વચ્છ કપડા પહેરતા થયા છે. જે બાળક કયારેય શાળાએ નથી ગયું તે બાળક આજે ક, ખ, ગ અને abcd બોલે છે. સરવાળા બાદબાકી કરે છે.

અહીં બાળકોને સમયાંતરે ચિત્રસ્પર્ધા, વેસ્ટમાંથી બેસ્ટ, ડાન્સ, ગરબા ડેકોરેશન, રાખડીસ્પર્ધા, પતંગોત્સવ, રંગોત્સવ, રંગોળી સ્પર્ધા જેવી અનેક પ્રવૃતિઓ કરાવાય છે. જેના દ્વારા બાળકોમાં રહેલ સુષુપ્ત શકિતઓને પારખી શકાય અને પુરસ્કાર આપી પ્રોત્સાહિત પણ કરવામાં આવે છે. વર્ષમાં બે વખત દરેક બાળકો પીકનીકમાં પણ લઈ જવાય છે. કોસ્મોપ્લેક્ષમાં મુવીની મજા અને ફનવર્લ્ડમાં અવનવી રાઈડસની મજા પણ માણે છે. આ બધા બાળકો શહેરી નામાંકિત હોટલોમાં સ્વાદિષ્ટ અનલિમીટેડ ભોજનનો સ્વાદ પણ સમયાંતરે આ બાળકોને મળતો રહે છે.

# "ડરથી જીતવું જરૂરી છે"



**શાહ ધ્વનિ**
**ધ્વનિના સથવારે**

૧૨ જાન્યુઆરી ૧૮૬૩ ના દિવસે ભારત દેશના કલકત્તા શહેરમાં મૂળ બંગાળના એક દત્ત પરિવારમાં અનોખી વિભૂતિનો જન્મ થયો જેનો પછીથી આખી દુનિયામાં ડંકો વાગ્યો.એમના જન્મ દિવસને આજે ન માત્ર ભારત દેશ પરંતુ આખું વિશ્વ ' વિશ્વ યુવા દિવસ ' તરીકે ઓળખે છે. એ ખાસ દિવસ એટલે આજનો દિવસ વિશ્વ યુવા દિવસ જેનેવાખું વિશ્વ સ્વામી વિવેકાનંદજીના જન્મ દિવસ તરીકે ઓળખે છે.

સ્વામીજીનું મૂળ નામ નરેન્દ્રનાથ દત્ત છે. તેઓ પોતે ખૂબ દયાળુ હતા એમના હાથમાં જે આવતું તે બધું જ એ કોઈપણ જરૂરિયાતમંદોને દાન કરી દેતા હતા.એમની પાસે રોટી કપડાં જ નહિ, સોનું પણ દાન કરી દેતા હતા.એટલે એક વખત એમના માતાએ એમની આ આદતને લીધે એમને એક રૂમમાં પૂરી દીધા તેમ છતાંય એ રૂમમાં એક થોડી ઉચી બારી હતી ત્યાંથી ઉચા થઈ થઈને પણ એ એમના વસ્ત્રો દાન કરતા હતા લોકો માટે આ હદની માનવતાએ જ એમને વંદનીય બનાવ્યા હતા.

શિકાગોમાં જ્યારે વિશ્વ ધર્મ પરિષદમાં સ્વામીજી પ્રતિનિધિત્વ કરવા ગયા ત્યારે એમના સન્યાસી અને સાદગીભર્યા વસ્ત્રોને લીધે એમની ખુબ મજાક ઉડવવામા આવેલી અને તેમને નિગ્રો સમજીને અન્ય લોકોની સાથે હોટલમાં રહેવાની પણ મનાઈ કરવામાં આવી ત્યારે ધિક્કરવામાં આવ્યા આવા સમયે આમ તો તેમણે પોતે ભારતીય હોવાનો ખુલાસો કરવાની જરૂર હતી પણ તેમને થયું કે આમ કરવાથી મને મં તો મળશે પણ નિગ્રોનું અપમાન નાબૂદ થશે નહિ અને દરેક માનવી માટે સમાન અધિકાર હોવા જોઈએ તેથી એમને ઘણા અપમાન સહન કર્યા પણ પોતાને ભારતીય જાહેર કરીને લાભ લેવાનું ટાળ્યું.

એક વખત એવું પણ બન્યું કે વારાણસીના માં દુર્ગાના મંદિરમાં તેઓ દર્શન કરીને પ્રસાદ લઈને બહાર જઈ રહ્યા હતા ત્યારે ત્યાં બેસેલા વાંદરાઓ એ તેમને બધી બાજુથી ઘેરી લીધા અને તેમને ડરાવવા લાગ્યા અને હાથમાં રહેલો પ્રસાદ પણ છીનવી લેવાની કોશિશ કરતા હતા એટલામાં સ્વામીજી ત્યાંથી દોડીને ભાગ્યા ને વાનરો પણ એમની પાછળ પાછળ ભાગ્યા હતા આગળ હાથમાં પ્રસાદ લઈને સ્વામીજી અને પાછળ વાનર સેના એટલામાં ત્યાં રહેલા એક વૃદ્ધે સ્વામીજીને કહ્યું કે થોભ્ભો ડરો નહિ એનો સામનો કરો અને જુઓ શું થાય છે સ્વામીજી આ વાત સાંભળીને પાછળ ફર્યા અને જોયું તો વાનર સેના પણ ઊભી રહી ગઈ પછી સ્વામીજી પાછળ ફરીને આગળ ચાલ્યા તો વાનર સેના જતી પણ રહી. આપની સાથે પણ આવું જ બન્યું હોય છે કે ક્યારેક કૂતરાઓ પાછળ પડ્યા હોય ને આપણે જેમ આગળ વધુ દોડીએ કે વધુ ઝડપથી ભાગી એટલી જ ઝડપથી કૂતરાઓ પણ આપણી પાછળ આવતા હોય છે પણ જો એક વખત ઉભા રહીને એની સામે જોઈએ ત્યાં જ કૂતરાઓ પણ વિચારવા માંડશે કે આને શું થયું આ કેમ મારાથી ડરતો નથી ને ભાગતો નથી ! પણ આવો ચમત્કાર કરવા માટે હિંમતથી પહેલા કોઈપણ ડરની સામે થવું પડે.

### ડરનો સામનો કરવાની સાચી રીત કઇ ?

આપણા બધાની સાથે આવું તો થતું જ હોય છે કે આપણને ક્યારેક ને ક્યારેક કોઈકને કોઈક વાતનો ડર તો લાગતો જ હોય છે પણ આપણામાંથી મોટાભાગના લોકો શું કરે છે કે જે વાતનો ડર લાગે એને અટકાવવા કરતા આપણને બીજાને પણ ભય ઉત્પન્ન થાય એવી વાત જાહેર કરી એની બદલે આપણે એ ડરને આપણા પૂરતો જ સીમિત રાખીને તેને દૂર કેવી રીતે કરવો અથવા એનો સામનો કઈ રીતે કરવો એ વિચારવું જોઈએ જેનાથી ડર રહેશે જ નહી અને જો હશે તો પણ ખતમ થઈ જશે. સ્વામીજીએ પણ એવું જ કર્યું ને આ જ ટ્રિક એમણે કેટલીય જગ્યાએ વાપરી ને એમનો ડર સાવ ખતમ જ થઈ ગયો ને એ ડરને લીધે અટકતા કેટલાય કાર્ય પણ પાર પડી શક્યા.

ડર કા ન હોના સાહસ નહિ હૈ બલ્કિ ડર પર વિજય પાના સાહસ હૈ, બહાદુર વહ નહિ હૈ જો ભયભીત નહિ હોતા હૈ,બલ્કિ વહ હૈ જો ડર કો પરાસ્ત કરતા હૈ.

### અંતિમ બિંદુ

ડર લગે અગર હારનેસે તો ચાહ જીતને કી મત રખના
ક્યોંકિ ગીરનેસે ડરને વાલે કભી ઉડા નહિ કરતે .

## પુના-બેંગલોર હાઈ-વે પર ગમખ્વાર અકસ્માત....



પુનામા આજે એક જ દિવસમા ચાર અકસ્માત પુણે-બેંગલોર રોડ પર થયા હતા,જેમા ૩ જણ મૃત્યુ થયા હતા. અકસ્માત થયેલ નલ્હે ઘટના સ્થળે જતી પોલિસની ગાડીને પણ કંટેનરે અડફેટે લેતા કચ્ચરઘાણ થઈ હતી.

# મહારાષ્ટ્રમાં બર્ડ ફ્લૂનો પ્રકોપ : પરભણીમાં બર્ડ ફ્લૂના કારણે મરઘીઓનું મોત

### બર્ડ ફ્લૂ મનુષ્યને પણ થઈ શકે છે, સાવચેત રહો; ડો. અજિત રાનડે

ચક્રવાત ટીમ, મુંબઈ,૧૧

રાજસ્થાન, કેરળ, મધ્યપ્રદેશ અને હિમાચલ પ્રદેશ બાદ હવે મહારાષ્ટ્રમાં બર્ડ ફ્લૂનો ફેલાવો થઈ રહ્યો છે. આ પૃષ્ઠભૂમિની સામે, બર્ડ ફ્લૂને રોકવા માટે કેટલીક મહત્વપૂર્ણ બાબતો ધ્યાનમાં રાખવાની છે.રાજ્યમાં બર્ડ ફ્લૂએ પોતાની હાજરીનો અહેસાસ કરાવ્યો છે. પરભણીમાં બર્ડ ફ્લૂને કારણે ૮૦૦ મરઘીઓના મોત થયાના અહેવાલો સાથે જિલ્લા વહીવટી તંત્ર દોડતુ થયું છે. જિલ્લા અને રાજ્યમાં બર્ડ ફ્લૂનો ફેલાવો અટકાવવા માટે આજે સાંજ સુધીમાં પરભણીના મુરુમ્બા ગામની ૧૦,૦૦૦ જેટલી મરઘીનો નાશ કરવામાં આવશે.નું સૂત્રો દ્વારા જાણવા મળે છે.આ રોગ પક્ષીઓમાં જોવા મળતો રોગ મનુષ્યમાં પણ ફેલાવાની શક્યતા હોવાથી.સાવચેત રહેવાની સલાહ વેટરનરી કોલેજના ડીન ડો. અજિત રાનડેએ આપી છે. પરભણી જિલ્લાના મુરુમ્બા ગામની ૮૦૦ મરઘીઓનું મોત નીપજ્યું હતું. સ્થાનિક વહીવટીતંત્રે આટલી મોટી સંખ્યામાં મરઘીઓની આકસ્મિક મૃત્યુની ગંભીર નોંધ લીધી હતી અને આ મરઘીઓના નમૂનાઓ ભોપાલની એક પ્રયોગશાળામાં પરીક્ષણ માટે મોકલ્યા હતા. ચિકનને બર્ડ ફ્લૂ હોવાનું નિદાન થયું હતું. જિલ્લા વહીવટીતંત્રે મુરૂમ્બા ગામના એક કિલોમીટર વિસ્તારમાં ૧૦,૦૦૦ મરઘીઓને નાશ કરવાનો



આદેશ આપ્યો છે. આજે સાંજ સુધીમાં જેસીબી દસ હજાર મરઘીઓને મારી નાખશે અને ખાડો ખોદીને તેમાં દફનાવી દેવામા આવશે તેમ જાણવા મળે છે.મુરુમ્બા ગામમાં મરઘીઓના મોતથી બર્ડ ફ્લૂ સંક્રમિત જાહેર કરાયો છે. તેથી, આ ગામમાં મરઘીઓનો સર્વે કરવામાં આવશે. આ માટે આ ગામમાં પશુપાલન વિભાગની ટીમ કાર્યરત છે.મુરૂમ્બા ગામે બર્ડ ફ્લૂ ફેલાવાને કારણે ગામને પણ નિયંત્રણો ઝોન જાહેર કરાયો છે અને ગામમાં મરઘીઓના વેચાણ અને ખરીદી ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. મરઘીની પરિવહન પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. સૂત્રોએ જણાવ્યું હતું કે ગામમાં પણ ઈંડાની ખરીદી પર પ્રતિબંધ લગાડવામા આવે છે. મુરુમ્બામાં ૮૦૦ મરઘીઓનાં મોત થયા હોવાનું બહાર આવ્યું છે, જ્યારે જિલ્લાનાં કુપ્તા ગામે બર્ડ ફ્લૂને કારણે ૫૦૦ ચિકન પણ મરી ગયા છે. તેથી, કુપતામાં પણ મરઘીઓના વેચાણ અને ખરીદી પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે પરભણીમાં બર્ડ ફ્લૂના કારણે ૮૦૦ મરઘાઓનું મોત નીપજ્યું છે. તે બાબતે ડો. અજીત રાનડે આ અપીલ કરી હતી. બર્ડ ફ્લૂ એ પક્ષીઓનો રોગ છે. વિદેશીથી અવેલા તેમજ સ્થળાંતર કરનારા પક્ષીઓ આ રોગ ફેલાવે છે. આ વાયરસ પક્ષીઓ માટે જોખમી છે. તે મનુષ્યને પણ ચેપ લગાવી શકે છે. પરંતુ માનવીમાં ચેપ લાગવો અત્યંત દુર્લભ છે. પરંતુ કાળજી લેવી જ જોઈએ, એમ રાનડેએ જણાવ્યું હતું. જો તમે છેલ્લા પાંચ વર્ષના આંકડા પર નજર નાખો તો દુનિયામાં અત્યાર સુધીમાં ૪૦ થી ૪૨ લોકોને બર્ડ ફ્લૂનો ચેપ લાગ્યો છે. તેમણે સ્પષ્ટતા કરી હતી કે મહારાષ્ટ્રમાં આવો કોઈ કેસ નોંધાયો નથી. ઉપરાંત, પક્ષીઓ સાથે રહેતા લોકોએ ખૂબ કાળજી લેવી જરૂરી છે. તેમણે એમ પણ કહ્યું હતું કે સ્થળાંતર કરનારા પક્ષીઓ મરઘાંના ફાર્મમાં પ્રવેશ ન કરે તેની ખાતરી કરવાની જરૂર છે. મુંબઈમાં હજુ સુધી બર્ડફ્લૂના એકેય કેસ નોંધાયા નથી મુંબઈના કેટલાક ભાગોમાં મૃત પક્ષીઓ જોવા મળ્યા હતા. તેમના નમૂના લેવામાં આવ્યા છે. તેમણે જણાવ્યું હતું કે રિપોર્ટ મળ્યા પછી જ યોગ્ય નિદાન કરવામાં આવશે. આ રોગ આપણા દેશમાં સૌ પ્રથમ ૨૦૦૬ માં દેખાયો હતો. પુનામાં આ રોગના નમૂનાઓની તપાસ કરવામાં આવે છે. તે પછી, તેઓને અંતિમ પરીક્ષા માટે ભોપાલ મોકલવામાં આવે છે, એમ તેમણે સ્પષ્ટ કર્યું. છે.

# ગૂગલ મેપ્સ મુજબ કાર ચલાવતા ડેમમા ઘસી ગઈ: અકસ્માતમાં એકનું મોત, બે જણ બચ્યા

ચક્રવાત ટીમ, મુંબઈ ૧૧

ઘણા લોકો અજાણ્યા વિસ્તારોમાં મુસાફરી કરતી વખતે તેમનો રસ્તો શોધવા માટે ગૂગલ મેપ્સનો ઉપયોગ કરે છે. જો કે ક્યારેક ખોટા રસ્તા તરફ લઈ જઈ શકતા તેનો ભોગ બનવાનો વારો આવે છે. પિંપરી-ચિંચવાડના ત્રણ ઉદ્યોગપતીને પણ આવો જ અનુભવ હતો. ગૂગલે તેમને સાચું રસ્તો બતાવ્યો પરંતુ તે સીધો ડેમ તરફ જઈ રહ્યો હતો. તેથી તેની કાર પાણીમા ડૂબી ગઈ હતી. ઘટનામા એકનું મોત નીપજ્યું, પરંતુ બે જણ તરતા બહાર આવ્યા હતા. આ ઘટના નગર જિલ્લાના અકોલે તાલુકાની છે.પુણે સ્થિત આ ત્રણ વેપારી મિત્રો વિકએન્ડને લઈને શનિવારે રાત્રે કલસુબાઈ ડુંગર પર ટ્રેકિંગ કરવા ગયા



હતા. ગુરુ સત્યારાજ શેખર (૪૨) અને સમીર રાજુરકર (૪૪) તેમના ડ્રાઈવર સતીશ સુરેશ ધુલે (૩૪) સાથે કારમાં નીકળ્યા હતા. રસ્તાના રૂટની જાણકારી તેઓને ન હોવાથી ગૂગલ મેપ્સનો ઉપયોગ કરી તેઓ જતા હતા. ગુગલે તેમને કોટુલથી અકોલેનો નજીકનો રસ્તો બતાવ્યો. હતો.આ રસ્તો વરસાદની સીઝનમાં બંધ હોય છે. કારણ કે તેના ઉપરનો પુલ પિંપલગાંવ ખાંડ ડેમના પાણીની નીચે જાય છે. કોઈ તે રસ્તે ચાલતું નથી કારણ કે સ્થાનિકોને તે રસ્તાની જાણકારી હોવાથી કોઇ તે રસ્તે જતા નથી. હાલમાં, આ પુલ પર લગભગ ૨૦ ફૂટ પાણી હતુ. કારચાલક અંધારુ અને રસ્તો અજાણ્યો હોવાથી ગૂગલ મેપ્સ પર વિશ્વાસ કરીને, કાર ચલાવતો હતા.. જો કે, તે સીધી ઠંડા પાણીમાં ઘસી ગઈ હતી. અચાનક પાણી કારમા ભરાતા ગુરુ શેખર અને સમીર રાજુરકરને તરતા આવડતુ હોવાથી તેઓ કારમાંથી બહાર નીકળવામા સફળ થયા હતા. કારચાલક સતિષ ધુલેને તરતા ન આવતુ હોવાથી પાણીમા ડુબતા તેનું મોત નીપજ્યું હતું. જ્યારે આ પૂલ પાણી હેઠળ ડુબી જતા ત્યાં બાંધકામ વિભાગ દ્વારા કોઈ સૂચના કે અવરોધ ઉભા કરવામાં આવ્યા ન હતા. અંધારામાં નવી કારના ચાલકને આ બાબતની જાણ ન હતી ન હતી. પીડિતોનાં સબંધીઓ પણ ત્યાં આવ્યા હતા. કાર અને ચાલકની લાશ પાણીની બહાર કાઢી હતી.

## ડીઆરઆઈએ દાણચોરીથી કંટેનરમા આવેલ ૩.૨૪ કરોડની સિગારેટ જપ્ત કરી

ચક્રવાત ટીમ, મુંબઈ ૧૧

દૂબઈથી મુંબઈ ૭ જાન્યુઆરીએ દાણચોરીથી કંટેનરમા આવેલ ૧૮ લાખ ગુડન્ગ ગરમ બ્રાન્ડની વિદેશી સિગારેટની સ્ટીકનો જથ્થો ડાયરેક્ટર ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ (ડીઆરઆઈ) એ જપ્ત કર્યુ છે. ડીઆરઆઈના અધિકારી દ્વારા જાણવા મળેલ છે કે તેઓએ જપ્ત કરેલ વિદેશી સિગારેટની કિમત આશરે ૩ કરોડ ૨૪ લાખની છે.તપાસ દરમિયાન તપાસકર્તાઓએ જણાવ્યું હતું કે અગાઉ ડીઆરઆઈ મુંબઈ દ્વારા પકડાયેલી સિગારેટનો માલ જે કંન્સાઈગમેન્ટ વડે મંગાવવામા આવેલ તે પણ ગરીબ વ્યક્તિના નામે આયાત કરવામાં આવ્યો હતો, જેના કેવાયસી દસ્તાવેજોનો ખોટા ઉપયોગ કરીને ડીજીએફટી પાસેથી આયાત નિકાસ કોડ મેળવવામાં ખોટો ઉપયોગ કરવામાં આવ્યો હતો. અધિકારીઓએ ઉમેર્યું હતું કે સિગારેટની દાણચોરી એ ખૂબ જ ગંભીર ગુનો છે કારણ કે સરકારને ટેક્સ પેટે મોટી નુકશાન ભોગવવાનું આવે છે. !આ માલ પર ૧૦૦% જેટલી જંગી આવક કરે છે, પણ દાણચોરી કરેલી સિગારેટ પણ પેકેટો પર કાયાદાકિય રીતે ચેતવણી લખવી ફરજિયાત હોવા છતા લખેલ ન હતી.

## મિરારોડમા સાડા ચાર લાખના કોકેન તેમજ એમડી સાથે ત્રણ જણની અટક

ચક્રવાત ટીમ, મુંબઈ, ૧૧

મિરારોડ પોલિસે ત્રણ જણની અટક કરી તેઓ પાસેથી ૪ લાખ ૫૦ હજાર રૂપિયાની કિમતનું એમડી તેમજ ડ્રગ્સ જપ્ત કર્યુ છે.

મિરારોડ બ્રેવલી પાર્ક અડીને આવેલ મ્હાડાના બિલ્ડીંગમા ડ્રગ્સ વેચવામા આવતુ હોવાની માહિતી મળી હતી.પોલિસે ૯ જાન્યુઆરીએ તે વિસ્તારમા જાળ બિછાળી હતી.ત્યારે બિલ્ડીંગના ગેટ પાસે શંકાસ્પદ હાલતમા યક્તિઓ જોવા મળ્યા હતા,પોલિસે તેઓને તાબામા લીધા હતા.તેઓ પાસેથી કોકેન મળી આવ્યુ હતુ.પોલિસે તપાસ કરતા તેઓના અન્ય સાથીદાર મ્હાડાના બિલ્ડીંગના એક ઘરમાથી કોકેઈન વેચતા હોવાનું તેઓએ જણાવ્યુ હતુ.પોલિસે તરત જ તે ફ્લેટ છાપો મારતા તે ઠેકાણેથી એમડી ડ્રગ્સ મળી આવ્યુ હતુ.મિરારોડ પોલિસ દ્વારા ત્રણ જણની અટક કરવામા આવી છી.પોલિસે ૨ લાખ ૧૩ હજારની કિમતનું કોકેઈન , તેમજ ૨ લાખ ૪૦ હજારની કિમતનું એમડી દ્રગ્સ જપ્ત કરી ગુનો નોંધવામા આવ્યો છે.

## એક મહિના પહેલા લગ્ન થયેલી મહિલાની તેના પતિ દ્વારા હત્યા

ચક્રવાત ટીમ, મુંબઈ,૧૧

વસઈ તાલુકામાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે જ્યાં એક મહિના પહેલા લગ્ન કરાયેલા નવદંપતીના પતિએ તેની નાયલોનની દોર વડે ગળું દબાવી હત્યા કરી હતી. બનાવ બાદ આરોપી પતિ ફરાર છે અને પોલીસ તેની શોધખોળ હાથ ધરી છે. વસઈ તાલુકાના તુલીંજ પોલીસ સ્ટેશનની હદમાં બની છે. ૨૪ વર્ષીય આરોપીના લગ્ન ગયા મહિને ૭ ડિસેમ્બર ૨૦૨૦ના રોજ થયા હતા. પરંતુ લગ્નના થોડા દિવસોમાં જ તે તેની પત્ની સાથે બોલાચાલી થવા લાગી હતી.વિવાદ વકરતા થયેલા ઝઘડામાં તેણે તેની પત્નીને નાયલોનની દોરીથી ગળુ દબાવી હત્યા કરી હતી.. મૃતકના ભાઈએ તુલિંજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવ્યા બાદ હત્યાનો ગુનો નોંધ્યો છે. આ ઘટના બાદ આરોપી ફરાર છે, પોલિસ આરોપીની શોધ કરી રહી છે.

## એફડબ્લ્યુઆઈસીના સભ્યો રામ ગોપાલ વર્મા સાથે કામ નહિ કરે : અસહકારની લડત જારી

ચક્રવાત ટીમ, મુબઈ, ૧૧

ફેડરેશન ઓફ વેસ્ટર્ન ઈન્ડિયા સિને એમ્પ્લોઇઝ (એફડબ્લ્યુઆઈસીએ બેઠકમાં નિર્ણય લીધો છે કે ફેડરેશનના ૩૨ સંઘોમાંનો કોઈપણ સભ્ય ભવિષ્યમાં દેશમાં ગમે ત્યાં શૂટ કરી શકશે પરંતુ નિર્માતા અને દિગ્દર્શક રામ ગોપાલ વર્મા સાથે કામ કરશે નહીં. રામ ગોપાલ વર્મા પર ફિલ્મ ઉદ્યોગ સાથે સંકળાયેલા કલાકારો, ટેકનિશિયન અને કામદારોને રૂ સવ્વા કરોડથી વધુની રકમ ચૂકવવાના બાકી છે.આ સંદર્ભે તેમને પહેલેથી જ કાનૂની નોટિસ મોકલી દીધી છે. પરંતુ ન તો ટેકનિશિયન અથવા કામદારોના બાકી નાણાંની રકમ રામ ગોપાલ વર્મા દ્વારા ચુકવવામાં આવી હતી કે ન તેઓના પત્રનો સચોટ જવાબ આપવામાં આવ્યો હતો. .એફડબ્લ્યુઆઈસીએ રામ ગોપાલ વર્માને આ વિશે બીજી ઘણી વાર પત્ર લખ્યા છે,. પરંતુ તેમણે પત્ર લેવાનો ઈનકાર કર્ય્પ છે.. ફેડરેશનના પ્રમુખ બી.એન. તિવારીના જણાવ્યા અનુસાર તેઓને ખબર પડી કે રામ ગોપાલ વર્મા કોરોના કાળમાં પણ એક પ્રોજેક્ટનું શૂટિંગ કરી રહ્યા થતા., જેના પર તેઓએ ૧૦ સપ્ટેમ્બર, ૨૦૨૦ ના રોજ ગોવાના મુખ્ય પ્રધાનને એક પત્ર પણ લખ્યો હતો. તેઓ ઈચ્છતા હતા કે રામ ગોપાલ વર્મા ગરીબ ટેકનિશિયન, કલાકારો અને કામદારોના બાકી નાણાં ચૂકવે પરંતુ રામ ગોપાલ વર્માએ આ દિશામાં કોઈ પગલું ભર્યું નહીં, ત્યારબાદ મજબૂરીને કારણે તેમની સાથે કામ ન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો. ઈમ્પા અને ગિલ્ડ અને તમામ મોટા યુનિયનને જાણ કરવામાં આવી છે. રામ ગોપાલ વર્મા, સત્ય, રંગીલા, રામ ગોપાલ વર્માની ફાયર, કંપની, સરકાર, તેમણે નિશાબદ, ભૂત, દૌર વગેરે ઘણી લોકપ્રિય ફિલ્મોનું નિર્દેશન કર્યું અને આમાંથી મોટાભાગની ફિલ્મોનું નિર્માણ પણ કર્યું છે.

## બીએમસી સ્કૂલોમાં ૭૫ લાખ માસ્ક વિતરણ કરવામાં આવશે, ૧૫ જાન્યુઆરીથી શાળાઓ ખુલશે

ચક્રવાત ટીમ, મુંબઈ, ૧૧

બીએમસીએ ૧૫ જાન્યુઆરીથી મુંબઈ શહેરમાં શાળાઓ ખોલવાની તૈયારી કરી લીધી છે. આ સ્થિતિમાં, વિદ્યાર્થીઓ શાળાએ પહોંચશે ત્યારે મ્યુનિસિપલ કોર્પોરેશન વહીવટ દ્વારા તેમને કાપ્ડમાથી સિવેલા માસ્ક આપવામા આવશે.. વિદ્યાર્થીઓ પણ આ માસ્ક કપડાનો હોવાથી ધોવા બાદ ફરીથી ઉપયોગમા લઈ શકશે.બીએમસીની શાળામાં ભણતા લાખો વિદ્યાર્થીઓને તેનો ફાયદો થશે અને તેઓ કોરોના રોગચાળાના ભયથી દૂર રહેશે. બીએમસીએ આ માટે ૭૫ લાખ માસ્ક ખરીદવાનો નિર્ણય લીધો છે. મુંબઈ મહાનગરપાલિકા સંચાલિત શાળાઓમાં લગભગ બે લાખ ૯૬ હજાર વિદ્યાર્થીઓ શિક્ષણ લે છે. આ કિસ્સામાં, જ્યારે તેઓ શાળાએ આવે છે, ત્યારે તેમના પર કોરોના રોગચાળો થવાનો કોઈ ભય ન રહે તે માટે. બીએમસીએ. આટલી મોટી સંખ્યામાં માસ્ક ખરીદવા માટેનો નિર્ણય લીધો છે આ માટે બીએમસી ૨૦ કરોડ રૂપિયા ખર્ચ કરશે.

હાલમાં મુંબઈ શહેરમાં કોરોનાના કેસોમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. શહેરમાં કોરોના નિયંત્રણમાં છે અને અનલોકમાંથી મળતી સગવડતાઓ પછી જીવન ધીમે ધીમે પાટા પર પાછું ફરી રહ્યું છે. તેથી, બાળકોના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને, બીએમસી એ આ સાવચેતીભર્યું પગલું ભર્યું છે.મોટાભાગના ગરીબ વિદ્યાર્થીઓ બીએમસી સ્કૂલોમાં અભ્યાસ કરે છે. કોરોના રોગચાળાને કારણે ઘણા લોકોએ તેમની નોકરી ગુમાવી છે. જ્યારે ઘણા લોકોના પગારમાં ઘટાડો કરવામાં આવ્યો છે. આવી સ્થિતિમાં મહાનગર પાલિકાના વહીવટીતંત્રનું આ પગલું પ્રશંસનીય છે.

બીએમસીએ વિદ્યાર્થીઓને માસ્ક આપવા માટે આગામી બે વર્ષ માટે માસ્ક ખરીદવાનો નિર્ણય લીધો છે. બીએમસી વહીવટીતંત્રે પણ આ અંગે ટેન્ડર બહાર પાડ્યું છે. કોરોના રોગચાળાના ખતરાને ધ્યાનમાં રાખીને, વહીવટીતંત્રે આ નિર્ણય લીધો છે જેથી વિદ્યાર્થીઓને માસની અછતનો સામનો કરવો ન પડે.

## ભંડારા દુર્ઘટનાને પગલે મુંબઈની હોસ્પિટલોમાં ફાયર ઓડિટ કરાશે

### વિપક્ષના આક્ષેપ બાદ મેયરે આદેશ આપ્યો

ચક્રવાત ટીમ મુંબઈ, તા.૧૧

ભંદરણી સરકારી હોસ્પિટલની આગમાં ૧૦ નવજાત શિશુ હોમાયાને પગલે વિપક્ષ દ્વારા મુંબઈની સરકારી હોસ્પિટલો પણ રામભરોસે ચાલતી હોવાનો આક્ષેપ થતા મેયર દ્વારા ફાયર ઓડિતનો આદેશ અપાયો છે.

રાજ્યના ફાયર બ્રિગેડ વિભાગના ભૂતપૂર્વ અધિકારી એમ દૃ દેશમુખે કહ્યું હતું કે સરકારી હોસ્પિટલ સહિત મોટાભાગની હોસ્પિટલમાં આગ ના લાગે તે માટેની સુરક્ષાના નિયમોનું છડેચોક ઉલ્લંઘન થતું હોય છે. ફાયર ઓડિટ થતું નથી.

વિપક્ષ દ્વારા પણ હોસ્પિટલમાં ફાયર સફ્ટીના મુદ્દે પસ્તાળ પાડતા મેયર કિશોરી પેડનેકર દ્વારા મુંબઈની તમામ હોસ્પિટલ મેટરનિટી હોમ નર્સિંગ હોમ નું ફાયર ઓડિટ કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો.

દરેક વખતે કોઈ દુર્ઘટના બને ત્યાર બાદ તપાસ અને ફાયર ઓડિટ તેમ જ જવાબદારો સામે કઠોર કાર્યવાહી કરવાનો આદેશ આપી જે તે સરકાર હાથ ખંખેરી લે છે પરંતુ કઈ ઉકળતું નથી અને આખરે તો પ્રજાએ જ સહન કરવું પડે છે. થોડા લાખ રૂપિયાની સરકારી સહાયની જાહેરાત થાય છે પરંતુ તે પણ દરેકને મળતી નથી. ૨૦૧૮ અંધેરીમાં કામગાર હોસ્પિટલમાં આગ લાગ્યા બાદ પણ તમામ હોસ્પિટલોમાં અગ્નીસુરક્ષા ના નિયમની તપાસનો આદેશ અપાયો હતો પરંતુ પરિણામ શૂન્ય. ૨૦૨૦માં સલેસ્ટેક્સની ઓફિસની આગ બાદ પણ તમામ સ્કૂલ અને હોસ્પિટલમાં ફાયર ઓડિટ નો આદેશ ફરી પરિણામ ઝીરો.

આમ ફક્ત કાગળ પર આદેશ અપાય છે પરંતુ હકીકતમાં કાઈ થતું નથી અને ભોગ બને છે નિર્દોષ પ્રજા. સત્તા કોઈની પણ હોય પરંતુ જો નક્કર પગલાં નહિ લેવાય તો ભંડારા જેવી દુર્ઘટના બનતી રહેશે પ્રજા હોમાતી રહેશે અને મીડિયા બે દિવસ હેડલાઈન બનાવી ફરજ બજાવ્યા નો સંતોષ માની અન્ય બ્રેકિંગ ન્યૂઝ પર ધ્યાન આપશે.

## ચેમ્બુરમાં ૧૧ કાગડા મૃત મળી આવતા ખળભળાટ

### બે ને તપાસ માટે પૂના મોકલવામાં આવ્યા

ચક્રવાત ટીમ મુંબઈ તા ૧૧

એક બાજુ દેશમાં બર્ડ ફ્લૂનો વ્યાપ વધ્યો છે ત્યારે મુંબઈના ચેમ્બુર વિસ્તારમાં ૧૧ કાગડા મૃત અવસ્થામાં મળી આવતા સનસનાટી મચી જવા પામી હતી. પ્રશાસન દ્વારા બે કાગડાના મૃતદેહને તપાસ માટે પૂના ની લેબોરેટરીમાં મોકલાયા હતા જ્યારે અન્ય નવના મૃતદેહનો નિકાલ કરવામાં આવ્યો હતો. આ ઘટનાને પગલે રહેવાસીઓમાં ચિંતા ફેલાઈ ગઈ હતી. સામાન્ય રીતે કાગડાઓ રોગથી મરતા નથી પરંતુ વીજળીના તાર પર ઈલેક્ટ્રિક શોક અથવા અન્ય કારણસર મરેલા નજરે પડે છે. એઠવાડ અથવા કોઈ પ્રાણી ખાસ કરીને ઉંદર જેવાનો તેઓ ખોરાક કરે છે. હાલમાં એક સાથે ૧૧ કાગડા મરેલા મળી આવતા અનેક તર્ક વિતર્કો થઈ રહ્યા છે. એક બાજુ બર્ડ ફ્લૂને કારણે ટપોટપ ચિકન મારી રહ્યા છે. મહારાષ્ટ્ર સરકાર દ્વારા પાડોશી રાજ્યોમાંથી લવાતા ચિકન પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. કોરોના ના નવા સ્ટેન ની એન્ટ્રી થઈ છે ત્યારે એકસાથે ૧૧ કાગડા મરેલા મળી આવતા મહાપાલિકા પ્રશાસન દોડતું થયું છે અને સાવચેતીના પગલારૂપે બે ને તપાસ માટે પૂના ની લેબમાં મોકલી અન્ય નવનો નિકાલ કરાયો હતો. કેટલાક એવું માની રહ્યા છે કે કાગડાઓમાં પણ કોઈ વાયરસ લાગ્યો હશે અને તેના કારણે આ ઘટના ઘટી હશે. જો કે જ્યાં સુધી પૂનાથી તપાસનો અહેવાલ ના આવે ત્યાં સુધી સાવચેતીના પગલારૂપે પાલિકા દ્વારા અહીંના વિસ્તારોમાં એઠવડો બહાર ન નાખવા તેમ જ દવાનો છંટકાવ કરવામાં આવી રહ્યો છે.

## મુંબઇ-બેંગ્લોર હાઇવે પર બે ટ્રકની ટક્કર; બે જણનું મોત નીપજ્યું, એક ગંભીર રીતે ઘાયલ



મુંબઈ-બેંગ્લોર હાઈવે પર નલ્હે ખાતે સેલ્ફી પોઈન્ટ નજીક આજે સવારે ટ્રકે માલ ભરેલી ટ્રકને ટક્કર મારતાં બે વ્યક્તિનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. એક વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ થયો હતો. બંને વાહનો સાતારાથી મુંબઈ તરફ જઈ રહ્યા હતા. આ અકસ્માતને કારણે ટ્રાફિક જામ થયો હતો અને વાહનોની લાંબી કતારો લાગી હતી. સિંહાગડ રોડ પોલીસ, નેશનલ હાઈવે પેટ્રોલના જવાનો તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને ક્રેનની મદદથી અકસ્માત થયેલ બંન્ને વાહનોને બાજુમા હટવી વાહનવ્યવહાર ફરી ચાલુ કરવામા આવ્યો હતો.

## સોના-ચાંદીમાં નવા સપ્તાહનાં કામકાજનો પ્રારંભ વાયદાના ભાવમાં તેજી સાથે થયો

ચક્રવાત ટીમ, મુંબઈ, ૧૧

વિવિધ કોમોડિટી વાયદા, ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૨૩૪૪૬૬ સોદામાં રૂ.૧૪૫૯૪.૫૧ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીમાં નવા સપ્તાહનાં કામકાજનો પ્રારંભ વાયદાના ભાવમાં તેજી સાથે થયો હતો, જ્યારે બિનલોહ ધાતુઓમાં ઘટાડો હતો. માત્ર ગોલ્ડ-ગિનીના વાયદા ઢીલા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલમાં વૃદ્ધિ સામે નેચરલ ગેસ ઘટી આવ્યું હતું. કૃષિ કોમોડિટીઝમાં સીપીઓ, કપાસ, કોટન, મેન્થા તેલ, રબરના વાયદાના ભાવમાં સાર્વત્રિક નરમાઈનો માહોલ હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સમાં કીમતી ધાતુઓનો સૂચકાંક બુલડેક્સનો જાન્યુઆરી વાયદો ૧૫,૧૧૭ના સ્તરે ખૂલી, ઊપરમાં ૧૫,૩૩૬ અને નીચામાં ૧૫,૦૬૦ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્ર દરમિયાન ૨૭૬ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૧૧૧ પોઈન્ટ વધી ૧૫૨૯૬ના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો, જ્યારે બિનલોહ ધાતુઓનો સૂચકાંક મેટલડેક્સનો જાન્યુઆરી વાયદો ૧૩,૭૦૦ ખૂલી, ઊપરમાં ૧૩,૭૭૪ અને નીચામાં ૧૩,૬૪૫ સુધી જઈ, પ્રથમ સત્ર દરમિયાન ૧૨૯ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૧૩૨ પોઈન્ટ ઘટી ૧૩,૭૧૯ના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૧૬૬૦૬૧ સોદાઓમાં રૂ.૮૭૯૧.૦૬ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૮૭૮૬ ખૂલી, ઊપરમાં રૂ.૪૯૩૯૦ અને નીચામાં રૂ.૪૮૬૩૫ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૮૬ વધીને રૂ.૪૯૨૫૩ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની જાન્યુઆરી કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૫૧ ઘટીને ૮ ગ્રામદીઠ રૂ.૩૯૬૧૦ અને ગોલ્ડ-પેટલ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૯ વધીને ૧ ગ્રામદીઠ રૂ.૪૯૧૮ થયા હતા, જ્યારે સોનું-મિની ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨૫૯ વધીને બંધમાં રૂ.૪૯૨૯૪ ના ભાવ રહ્યા હતા. ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૬૩૬૦૩ ખૂલી, ઊપરમાં રૂ.૬૫૫૨૦ અને નીચામાં રૂ.૬૩૬૦૩ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૦૭૮ વધીને રૂ.૬૫૩૦૯ બંધ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ.૯૮૯ વધીને રૂ.૬૫૨૯૪ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી રૂ.૯૪૭ વધીને રૂ.૬૫૨૯૫ બંધ રહ્યા હતા. એનર્જી સેગમેન્ટમાં કુલ ૪૩૫૬૯ સોદાઓમાં રૂ.૧૮૧૧.૧૪ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૩૮૧૦ ખૂલી, ઊપરમાં રૂ.૩૮૩૧ અને નીચામાં રૂ.૩૭૯૧ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૪ વધીને રૂ.૩૮૦૬ બંધ રહ્યો હતો. કૃષિ કોમોડિટીઝમાં ૩૦૩૬ સોદાઓમાં કુલ રૂ.૩૬૮.૫૩ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન જાન્યુઆરી વાયદો ગાંસડીદીઠ રૂ.૨૧૦૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૧૧૩૦ અને નીચામાં રૂ.૨૦૯૨૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૯૦ ઘટીને રૂ.૨૦૯૭૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૯૯૦ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ.૬ ઘટીને બંધમાં રૂ.૯૮૭.૩ ના ભાવ હતા, જ્યારે મેન્થા તેલ જાન્યુઆરી વાયદો કિલોદીઠ રૂ.૯૯૪ ખૂલી, ઊપરમાં રૂ.૯૯૪ અને નીચામાં રૂ.૯૮૬.૨ રહી, અંતે રૂ.૯૮૯.૪ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ.૧૨૦૭ ખૂલી, ઊપરમાં રૂ.૧૨૧૧ અને નીચામાં રૂ.૧૧૯૯ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૪ ઘટીને રૂ.૧૨૦૩ ના સ્તરે બંધ રહ્યો હતો. રબરનો જાન્યુઆરી વાયદો ૧૦૦ કિલોદીઠ રૂ.૧૫,૪૦૦ ખૂલી, ઊપરમાં રૂ.૧૫,૪૩૦ અને નીચામાં રૂ.૧૫,૨૩૬ના મથાળે અથડાઈ,

# ભાણવડનો ગ્રામસેવક રૂપિયા ૧૦ હજારની લાંચ સ્વિકારતા ઝડપાયો

**સરકારી યોજનાની સહાય અપાવવા બદલ અરજદાર પાસે લાંચની માંગણી કરેલ**

ચક્રવાત ટીમ રાજકોટ,તા.૧૧

દેવભૂમી દ્વારકા જિલ્લાના ભાણવડ તાલુકા પંચાયત કચેરીમાં ગ્રામ સેવક તરીકે ફરજ બતાવતા વર્ગ-૩ના કર્મચારીએ અરજદાર પાસેથી રાજ્ય સરકારની સહાય યોજનાના લાભ આપવાના બદલામાં રૂા. ૧૦ હજારની માંગેલ લાંચની રકમ સ્વિકારતા આજે લાંચ રૂશ્વત વિરોધી શાળાના અધિકારી-મદદનિશે ગોઠવેલ છટકામાં આવાદ રીતે સપડાય જવા પામેલ છે. જિલ્લાના એક લાભાર્થી દ્વારા મુખ્યમંત્રી પાક સંગ્રહ યોજના હેઠળ સહાયનો લાભ ઉઠાવવા કરેલ અરજી બાદ ખેતીવાડી શાખાના કર્મચારી ગ્રામ સેવક સંજય ચતુરભાઈ ચોખલીયાએ અરજદાર પાસેથી રૂા.૧૦ હજારની લાંચ માંગતા અરજદારે આ મામલે જિલ્લા લાંચ રૂશ્વત વિરોધી કચેરીના અધિકારી એ.ડી. પરમારનો સંપર્ક સાધી હકિકત રજૂ કરેલ છે.

અરજદાર તરફથી મળેલ ફરિયાદ અન્વયે સહાયક નિયામક એ.પી. જાડેજા લાંચ રૂશ્વત વિરોધી કચેરી રાજકોટના માર્ગદર્શનમાં સ્થાનિક કચેરીના એ.ડી. પરમારે મદદનીશો સાક્ષી અને પંચોની હાજરીમાં લાંચની રકમ આપવાના સ્થળે છટકું ગોઠવેલ. દરમ્યાન લાંચના સ્વિકારવાના સ્થળ, જૂની તાલુકા પંચાયત કચેરી ભાણવડ ખાતે રૂા. ૧૦ હજારની લાંચ અરજદાર પાસેથી સ્વકાર્યા બાદ ગ્રામસેવક સંજયને લાંચ રૂશ્વત વિરોધી શાખાના અમલદારો-મદદનીશો ઝડપી લઈ કોરોના ટેસ્ટ કરાવ્યા બાદ ધરપકડ કરેલ છે.

# વાંકાનેર પાંજરાપોળ દ્વારા ગૌસેવકોનો સન્માન સમારોહ : દાન માટે અપીલ

ચક્રવાત ટીમ વાંકાનેર, તા.૧૧

વાંકાનેર પાંજરાપોળ દ્વારા જૈન ભોજનશાળા ખાતે શનિવારના રોજ ગૌશાળાની જીવદયા પ્રવૃત્તિઓમાં મકરસંક્રાંતિ પર્વ તથા લોકમેળામાં નિઃસ્વાર્થ સેવા આપતા, તેમજ રેલી કાઢી ઘરે ઘરે ગૌદાન એકત્ર કરતા, રાજકોટમાં દાન એકત્ર કરવાની છાવણીમાં સેવા આપતા ગૌસેવકોનો સ્નેહમિલન તેમજ સન્માન સમારોહ યોજાયો હતો. આ તકે સંસ્થાના પ્રમુખ લલીતભાઈ મહેતાએ જણાવ્યું હતુ કે વાંકાનેર પાંજરાપોળ દ્વારા છેલ્લા ૧૯ વર્ષથી કતલખાને જતા ૨૩૫૯ ગૌવંશોને પોલીસ ખાતાની મદદથી છોડાવ્યા છે. જેમાં છેલ્લા ૨૩ વર્ષથી એક દિવસના સરેરાશ ૧૧૨૭ પશુધન તથા હાલ ૧૦૪૯ ગૌવંશોને વાર્ષિક દોઢ કરોડનો ખર્ચે કરી નિભાવવામાં આવી રહ્યા છે. વાંકાનેર પાંજરાપોળના સેક્રેટરી કેતન મહેતાએ જણાવ્યું હતું કે કોરોનાના કારણે સંસ્થાની ૮૦૦ જેટલી દાન પેઢીઓમાં માંડ ૩૦ ટકા જેટલી રકમ, ગૌ સેવા કરતાં નાગરિકો અને સંસ્થાઓ દ્વારા પણ ૨૫ થી ૩૫ ટકા તથા સારા-માઠા પ્રસંગોએ મળતા સહયોગમાં પણ થયેલ ઘટાડાથી આ વર્ષે દાનની આવકમાં ૪૩ લાખની ઘડ પડી છે, જેથી સંસ્થાનું દેવું હાલ ૨૦ લાખે પહોંચ્યુ છે. આ સાથે જ વાંકાનેરના ઉદ્યોગપતિ પ્રજ્ઞેશભાઈ પટેલે જણાવ્યું હતું કે પોતે વ્યક્તિગત અને ધંધાકીય સંબંધો દ્વારા વાંકાનેર પાંજરાપોળને પાંચ લાખનું અનુદાન આપવાની જાહેરાત કરી હતી. આ તકે વાંકાનેર જૈન સમાજ દ્વારા વાંકાનેર પાંજરાપોળને રૂ. ૧,૦૦,૦૦૦, કચ્છ કડવા પાટીદાર સમાજ દ્વારા રૂ.૧,૫૧,૦૦૦, ઝવેરી ડેવલોપર્સ દ્વારા ૫૧,૦૦૦ તથા વિદ્યાભારતી શૈક્ષણિક સંકુલના સ્ટાફ દ્વારા દર વર્ષની માફક આ વર્ષે પણ રૂ. ૭૫,૦૦૦ નું અનુદાન સંસ્થાને આપવામાં આવ્યું હતું. વાંકાનેર પાંજરાપોળ દ્વારા વાંકાનેર શહેરમાં ૧૧ સ્થળોએ, રાજકોટમાં ૨૦ સ્થળોએ તથા બજાર તેમજ રહેણાંક વિસ્તારોમાં ફરી મકરસંક્રાંતિના તહેવાર નિમિત્તે જીવદયા ભંડોળ એકત્ર કરતા બાપા






સીતારામ મંડળ, વાસુકી મંડળ, જિનિયસ ગ્રુપ, તળપદા કોળી યુવક મંડળ, મિલપ્લોટ ખોડીયાર મંડળ, બર્ડ હેલ્પલાઈન ગ્રુપ, પાર્થધ્વજ હનુમાન ગ્રુપ, ખોડીયાર ગૌ સેવા ગ્રુપના ગૌસેવકો દ્વારા નિઃસ્વાર્થ ભાવે સેવા કરવામાં આવી રહી છે. વાંકાનેર પાંજરાપોળના આ કાર્યક્રમમાં હાજર તમામ મહાનુભાવો દ્વારા વાંકાનેર વિસ્તારની ધર્મપ્રેમી જનતાને અપીલ કરવામાં આવી હતી કે મકરસંક્રાંતિએ આપેલું જીવદયા દાન અનેક ગણુ પુણ્ય આપે છે તથા પાંજરાપોળમાં આશરો લેતી તમામ ગાયો અને ગૌવંશ માટે વાંકાનેર અને રાજકોટમાં સ્ટોર પર તથા ઘરની ગૃહિણીઓ, વેપારીઓ તથા નોકરિયાત વર્ગને ઉદાર હાથે દાન આપવા અપીલ કરી હતી. વાંકાનેર તપગચ્છ જૈન સંઘના ટ્રસ્ટી, ૯ મંડળોના ગૌસેવકો તથા વ્યક્તિગત ૩૪ ગૌસેવકોને સ્મૃતિ ભેટ આપવામાં આવી હતી જેમાં મોટી સંખ્યામાં ગૌ પ્રેમી-જીવદયા પ્રેમી કાર્યકરો હાજર રહ્યા હતા. વાંકાનેર પાંજરાપોળના આ કાર્યક્રમમાં ટ્રસ્ટી વસંતભાઈ કંસારા, જયંતીભાઈ દોશી, કિતુભાઈ શાહ, કમિટી સભ્યો કલ્પેન્દુ મહેતા, વિપુલભાઈ શાહ, હસુભાઈ કરથીયા, પુષ્કરભાઈ ત્રિવેદી, વિનુભાઈ શાહ તથા શૈલેષભાઈ દોશી તેમજ સદાબહાર અમરશીભાઈ મઢવી ખાસ હાજર રહ્યા હતા.

# વાંકાનેર નજીક સીરામીક ફેક્ટરીમાં પાર્સલ બોમ્બ મોકલનાર ઝડપાયો

## ખંડણી માટે મુવી જોઈ બોમ્બ બનવાનો પ્રયાસ કર્યો હતો

ચક્રવાત ટીમ વાંકાનેર, તા.૧૧

પાર્સલ આપ્યા બાદ સિરામિક ફેક્ટરીના માલિકને ખંડણી માટે મેસેજ કરી બોમ્બથી ઉડાવી દેવાની ધમકીઓ પણ આપી હતી : જિલ્લા પોલીસ વડાએ જાહેર કરી બનાવની વિગતો : પરપ્રાંતીય યુવાન પાસે વતન જવાના પૈસા ના હોવાથી સમગ્ર કાવતરું કર્યાનો ખુલાસો, આરોપીને ગણતરીની કલાકોમાં ઝડપી પાડતી પોલીસ.

વાંકાનેર તાલુકાના સરતાનપર રોડ પર આવેલ સેટમેક્સ સિરામિક ફેક્ટરીમાં બે દિવસ પહેલા કોઈ પાર્સલમાં બૉમ્બ જેવી વસ્તુ આપી ગયાના પ્રકરણમાં આજે પોલીસે મહત્વની વીગતો જાહેર કરી છે. જેમાં આ સમગ્ર કાવતરું એક મધ્યપ્રદેશના પરપ્રાંતીય યુવાને ઘડ્યું હોવાનું સામે આવ્યું છે. જેમાં પોલીસ દ્વારા આરોપીને ગણતરીની કલાકોમાં ઝડપી લીધો છે. આરોપી પાસે પોતાના વતન જવા માટે પૈસાની જરૂરિયાત હોય જેથી મુવીમાંથી જોઈને ખંડણી માટે બૉમ્બ જેવી ડિવાઈસ તૈયાર કરી ફેક્ટરીમાં મોકલી માલિકને મેસેજમાં ધમકી પણ આપી હોવાનું ખુલ્યું છે. બનાવની પ્રાપ્ત વિગતો મુજબ વાંકાનેર તાલુકાના સરતાનપર રોડ ઉપર આવેલ સેટમેક્સ સિરામિક ફેકટરીમાં બૉમ્બ જેવી વસ્તુનું પાર્સલ મળ્યાના પ્રકરણમાં જિલ્લા પોલીસ વડા એસ.આર. ઓડેદરાએ આજે પ્રેસ કોન્ફરન્સ સંબોધતા જણાવ્યું હતું કે




પોલીસની અલગ અલગ પાંચ થી છ ટીમ આ બનાવમાં તપાસ ચલાવી રહી હતી જેમાં પોલીસને બનાવના મુળ સુધી પહોંચી આરોપીને પકડી પાડવામાં સફળતા મળી છે. મોરબી જીલ્લા પોલીસ વડા એસ. આર. ઓડેદરા સાહેબની સૂચના અને નાયબ પોલીસ અધિક્ષક રાધિકા ભારાઈના માર્ગદર્શન હેઠળ એલ. સી.બી. પી.આઈ. વી. બી. જાડેજા તથા પી.એસ.આઈ. એન. બી. ડાભી, એસ.ઓ.જી. પી.આઈ. જે. એમ. આલ, સર્કલ પી.આઈ. એચ. એન. રાઠોડ તથા વાંકાનેર તાલુકા પી.એસ.આઈ. આર. પી. જાડેજા, પી.એસ.આઈ. બી. ડી પરમાર સહિતની પોલીસ ટીમ દ્વારા વાંકાનેર સિરામિક કારખાનામાં બોમ્બ પ્રકરણમાં આરોપી જીતેન બલરામસિંગ લોધી (ઉ.વ.૧૯, રહે. મધ્યપ્રદેશ) ની ધરપકડ કરી પૂછપરછ કરતા આરોપીએ જણાવ્યું હતું કે પોતાના પાસે વતનમાં જવા પૈસા ન હોય જેથી સાઉથની મુવીમાં જોઈ બજારમાંથી સામાન લઈને નકલી બોમ્બ બનાવી ફેક્ટરી માલીકને મોકલવી પૈસા માટે ધમકી આપી હતી. હાલ પોલીસ દ્વારા આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# ઊનાના આમોદ્રા પ્લોટ વિસ્તારમાંથી ખૂંખાર દીપડો પાંજરે પુરાયો

ચક્રવાત ટીમ ઊના, તા.૧૧

ગીરના વન્યપ્રાણી દીપડાનો દિનપ્રતિદીન મુંગા માલઢોર તેમજ માનવ જીંદગી પર હુમલો કરતા હોવાની ધટના વધી રહી છે. ત્યારે ઊના ગીરગઢડા તાલુકાની વાડી વિસ્તારમાં રાત્રી દરમ્યાન દીપડા શિકારની શોધમાં આંટાફેરા કરતા હોય ત્યારે ઊનાના આમોદ્રા ગામે આવેલ પ્લોટ વિસ્તારમાં છેલ્લા ધણા સમયથી દીપડો શિકારની શોધમાં આંટાફેરા કરતો હોય અને ગત રાત્રીના ગોબરભાઈ ડોસાભાઈ છેલાણાની બકરા પુરવાની ઝોકમાં વન્યપ્રાણી દીપડો આવી પડતા બે બકરાઓનુ શિકાર કરી નાશી છુટ્યો હતો. જે અંગેની જાણ વનવિભાગને કરતા વનવિભાગની ટીમ સ્થળે દોડી જઈ દીપડાને પુરવા આ વિસ્તારમા પાંજરૂ ગોઠવી દીધેલ હતું. અને આજે વહેલી સવારે દીપડો ફરી શિકારની શોધમાં આવતા પાંજરામાં મુકેલ મારણની લાલચમાં પાંજરે પુરાઈ ગયો હતો. દીપડો પાંજરે પુરાતા આ વિસ્તારના લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. આ ઉપરાંત ઉના શહેરના રામનગર ખારા વિસ્તારમાં આવેલ પાંજરાપોર વાડી વિસ્તારમાં



છેલ્લા ધણા સમયથી બે દિપડા આવી ચડ્યા હોય અને રહેણાંક મકાન પાસેથી ભુંડનો શિકાર કરી નાશી જતાં હોય અને ત્યાથી પસાર થતા લોકોના નજરે પડતા દીપડો વાડીમાં લપાઈને છુપાય જતાં આ વિસ્તારના લોકોમાં ભય ફેલાયો છે. જેથી વનવિભાગ દ્વારા આ વિસ્તારમાં પાંજરૂ મુકવા માંગણી ઉઠવા પામેલ છે.

# તુલસીશ્યામ રેન્જના રાવલ ડેમ નજીક જંગલમાં ફોરેસ્ટ કર્મી પર દીપડાનો હુમલો

ચક્રવાત ટીમ ઊના, તા.૧૧

ગીરના વન્યપ્રાણીઓ દીપડાઓના હુમલાની ધટના અવાર નવાર બનતી હોય છે. ત્યારે ગીર જંગલમાં વધુ એક દીપડાનો વનકર્મી પર હુમલો કરતા પગના ભાગે ઈજા થતાં ઊના ખાનગી હોસ્પીટલે ખસેડવામાં આવેલ...

ગીરગઢડાના ધોકડવા નજીક ગીર જંગલમાં તુલસીશ્યામ રેન્જ હેઠળ રાવલ ડેમ નજીક ફોરેસ્ટ કર્મચારી સંજયભાઈ મોડીયા ફરજ પર હોય એ દરમ્યાન દીપડો અચાનક આવી ચડેલ અને કર્મી પર હુમલો કરી દીધેલ હતો. અને આ કર્મીના ડાબા પગના ભાગે દીપડાએ નોર મારી દેતા ઈજા પહોચતા લોહીલોહાણ હાલતમાં કરી દીપડો ત્યાથી નાશી છુટ્યો હતો.જોકે ઈજાગ્રસ્તને તાત્કાલીક વાહન મારફતે ખાનગી હોસ્પીટલે સારવાર અર્થે ખસેડવામાં આવેલ હતા. આ અંગેની જાણ વનવિભાગના અધિકારીને થતા હોસ્પીટલે દોડી ગયા હતા.

# ઊનાના ટીવી ફ્રિઝના વેપારી સાથે છેતરપીંડી કર્યાની વેરાવળના શખ્સ સામે ફરીયાદ

ચક્રવાત ટીમ ઊના, તા.૧૧

ઊના શહેરના માર્કેટીંગ યાર્ડ સામે આવેલ શ્રીરામ સેલ્સ એજન્સી નામની ટીવી અને ફ્રિઝની ઈલેકટ્રોનિક આઈટમ વહેચતા વેપારી રાજેશભાઈ મનુભાઈ હિરપરાની દુકાનેથી વેરાવળ શહેરમાં રહેતા ભાવેશ વરજાંગ છાત્રોડીયા નામના શખ્સે એલજી કંપનીનું ૪૩ ઈંચનું સમ્રાટ એલઈડી કિરૂ.૪૨ હજાર તેમજ માઈક્રોઓવન કિ.૧૩ હજાર, તેમજ વિવો મોબાઈલ રૂ.૨૯,૯૯૦ મળી કુલ કિ.રૂ.૮૪,૯૯૦ની ઈલેકટ્રોલનનીક ચિજવસ્તુ ખરીદી હોય અને તેના પૈસા વારંવાર ઉઘરાણી કરવા છતાં ન આપી અને વોટસેપ મેસેજમાં ફરીયાદીના બેંક ખાતામાં જમા કરાયા હોવાનો મેસેજ કરી ઓનલાઈન ટ્રાનજેકશન કરી દીધેલ હોવાનું કહી છેતરપીંડી કરી વિશ્વાસઘાત કરેલ હોવાની ફરીયાદ ઉના પોલીસમાં ભાવેશ વરજાંગ સામે નોંધાવલ છે.

# વાંકાનેર માર્કેટિંગ યાર્ડ ખાતે ઈકો સેન્સિટિવ ઝોન બાબતે સરપંચો-ખેડૂતો-આગેવાનોની બેઠક : ઉગ્ર લડતનાં એંધાણ

ચક્રવાત ટીમ વાંકાનેર, તા.૧૧

વાંકાનેર વિસ્તારમાં આવેલ રામપરા અભ્યારણની આસપાસ આવેલા ગામોને સરકાર દ્વારા ઈકો સેન્સીટીવ ઝોન જાહેર કરવામાં આવેલ છે જેને લઈને આ ઈકો સેન્સીટીવ ઝોનમાં આવતા વાંકાનેર તાલુકાના અલગ-અલગ ગામોના સરપંચો, આગેવાનો તેમજ ખેડૂતોની આજે વાંકાનેર માર્કેટિંગ યાર્ડ ખાતે એક મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સરકાર દ્વારા જાહેર કરેલ આ ઈકો સેન્સીટીવ ઝોન પરત ખેંચવાની માંગ સાથે ઉગ્ર લડતનાં ચલાવવા નિર્ણય લેવામાં આવ્યો હતો. આજે મળેલ આ મિટિંગમાં ઈકો સેન્સીટીવ ઝોનના વિરોધમાં



દરેક ગામોની ગ્રામસભા અને પંચાયતો દ્વારા ઠરાવ કરવા, ખેડૂતોની જમીનમાં બીજા હાક્કમાં ફોરેસ્ટ વિભાગનું નામ દાખલ કરેલ છે જેનો મામલતદાર સમક્ષ વાંધો રજૂ કરેલ હોય તેની અપીલ કલેકટરમાં કરવાં તેમજ ઈકો સેન્સીટીવ ઝોન બાબતે સ્થાનિક સંસ્થાઓ દ્વારા પણ વિરોધ કરવામાં આવશે અને સ્થાનિક તથા રાષ્ટ્રીય લેવાના પ્રતિનિધિઓને આ બાબતે રજૂઆત કરવા નિર્ણય લેવામાં આવ્યો હતો. સાથોસાથ કલેકટરશ્રીને આવેદનપત્ર આપી ઈકો સેન્સીટીવ ઝોન પાછો ખેંચવામાં માંગ કરવામાં આવશે છતાં પણ સરકાર દ્વારા જો આ ઈકો ઝોન પરત ખેંચવામાં નહીં આવે તો ન્યાયપાલિકા સમક્ષ જાહેરહિતની અરજી પણ કરવાની તૈયારી દર્શાવી હતી. આ બેઠકમાં ખેડૂતો દ્વારા ' ઈકો ઝોન લડત સમિતિ 'ની રચના કરવામાં આવી હતી જેના નેજા હેઠળ આગામી દિવસોમાં આ ઝોન વિરુદ્ધ ઉગ્ર લડત લડવાનો નિર્ણય લેવાયો હતો. આ બેઠકમાં વાંકાનેર તાલુકાના વિડિ ભોજપરા, ઘીયાવડ, કોઠી, ખીજડીયા, રાજાવડલા ગામના ખેડૂતો, માલધારીઓ, સરપંચો તેમજ દરેક ક્ષેત્રના આગેવાનો હાજર રહ્યા હતા. સાથોસાથ વાંકાનેર માર્કેટિંગ યાર્ડના ચેરમેન શકિલ પીરઝાદા, સામાજિક કાર્યકર ઉસ્માનગની, ઘીયાવડના ઉપસરપંચ ધ્રુવરાજસિંહ, મુનીરભાઈ પરાસરા, સમીમી શેરસીયા, વાલાભાઈ માલધારી સહિતના ખાસ હાજર રહ્યા હતા.

# વાંકાનેર માર્કેટિંગ યાર્ડ નજીક બાઈકસ્લીપથતાઆધેડનુંમોત

ચક્રવાત ટીમ વાંકાનેર, તા.૧૧

વાંકાનેર માર્કેટિંગ યાર્ડ નજીક ચંદ્રપુર ગામ પાસેથી પસાર થતું એક મોટર સાયકલ સ્લીપ થતા આધેડ ઈજાગ્રસ્ત થયા હતા જેને પ્રથમ વાંકાનેર બાદ રાજકોટ અને અમદાવાદ હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડાયા હતા જ્યાં સારવાર દરમિયાન આધેડનું મોત થયું હતું.

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ થાનગઢના રહેવાસી ગીતાબેન રમેશભાઈ સરવૈયાએ વાંકાનેર શહેર પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે તેમના પતિ રમેશભાઈ કલાભાઈ સરવૈયા (ઉ.વ. ૫૦) વાળા ગત તા ૧૨/૧૨/૨૦ ના રોજ પોતાના મોટરસાયકલ નંબર જીજે ૧૩ ઈઈ ૬૨૪૦ લઈને પસાર થઈ રહ્યા હોય જે દરમિયાન વાંકાનેર શહેર નજીક આવેલ ચંદ્રપુર ગામ ખાતે માર્કેટિંગ યાર્ડ પાસે તેમનો બાઈક પરથી કાબુ ગુમાવતા, બાઈક સ્લીપ થતા રમેશભાઈ સરવૈયાને ગંભીર ઈજા પહોંચી હતી જે બાદ તેમને સારવાર માટે પ્રથમ વાંકાનેર બાદ રાજકોટ અને બાદમાં અમદાવાદ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું. વાંકાનેર શહેર પોલીસ દ્વારા આ અકસ્માતના બનાવની નોંધ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# પતિ અને સાસુના ત્રાસથી પરિણીતાએ આપઘાતની કોશિશ કરી, બંને વિરુદ્ધ ફરિયાદ

ચક્રવાત ટીમ વાંકાનેર, તા.૧૧

વાંકાનેર શહેર ખાતે રહેતી એક પરિણીતાએ પતિ અને સાસુના ત્રાસથી કંટાળી આપઘાતની કરવાની કોશિશ કરી હોવાનો બનાવ સામે આવ્યો છે જે બનાવમાં પરિણીતાએ તેના પતિ અને સાસુ સામે વાંકાનેર શહેર પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે બન્ને આરોપીઓ સામે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ ફરિયાદી નમીરાબેન સોયેબભાઈ ઉર્ફે સની બ્લોચ (ઉવ. ૨૨) એ તેના પતિ સોયેબભાઈ ઉર્ફે સની અલીમહંમદભાઈ બ્લોચ તથા સાસુ મુમતાઝબેન અલીમહંમદભાઈ બ્લોચ (રહે. બંને ભાટીયા સોસાયટી, ચંદ્રપુર, વાંકાનેર) સામે ફરિયાદ નોંધાવી હતી કે, ગત તા. ૮ ના રોજ ફરીયાદીને તેના ચાર વર્ષના દાંપત્યજીવન દરમ્યાન તેણીના પતિ તેમજ સાસુ મુમતાઝબેન અલીમહંમદભાઈ બ્લોચએ ત્રાસ આપી તેમજ આરોપી પતિ કોઈ સ્ત્રી સાથે પ્રેમસંબંધ ધરાવતો હોય તેવી ફરીયાદીને શંકા હોય તે બાબતે બન્ને આરોપીઓએ ફરિયાદી સાથે બોલાચાલી કરી માનસીક તેમજ શારીરિક દુઃખ-ત્રાસ આપતા તેમજ ફરીયાદીને આરોપીઓ તુ ગમતી નથી. તારા માવતરે જતી રહે તેવુ કહેતા ફરીયાદીને મનમા લાગી આવતા ફરીયાદીએ પોતાની રીતે ઝેરી દવા પીને આપઘાત કરવાની કોશિશ કરી હતી. જે બાદ પિડીતાએ વાંકાનેર શહેર પોલીસમાં આ બનાવની ફરિયાદ નોંધાવતા પોલીસે બન્ને આરોપીઓ સામે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ઊનાના ૬ ગામના વિદ્યોર્થીઓને એસ.ટી. બસની સુવિધાના અભાવે પરેશાન

## નિયમીત બસ ચાલુ કરવા ભાજપ પ્રમુખ ચારણીયાની માંગણી

ચક્રવાત ટીમ ઊના, તા.૧૧

કોરોના વાયરસની મહામારી વચ્ચે ધણા લાંબા સમયથી શાળા કોલેજોનું શિક્ષણ કાર્ય સરકારના આદેશ અનુસાર બંધ હોય જેના કારણે ઊના તાલુકાના છ ગામના વિદ્યોર્થીઓ શાળાએ જવાનું બંધ કરતા ઉના એસ ટી ડેપો દ્વારા તાલુકાના કોબ, ભીંગરણ, તડ, ભાડાસી, કાજરડી, સોનારી રૂટની નિયમીત ચાલતી બસ બંધ કરી દેતા આ બસના કારણે છ ગામ વચ્ચે મુસાફરી કરતા લોકો પરેશાન બની ગયા છે. ત્યારે તાજેતરમાં રાજ્ય સરકારના આદેશ અનુસાર આગામી તા.૧૧ જાન્યુ ૨૦૨૧થી શિક્ષણ કાર્ય ધો.૧૧, ૧૨ નું શરૂ કરવા આદેશ થતાં આ છ ગામના વિદ્યોર્થીઓને શાળા તેમજ કોલેજોમાં ફિઝીકલ શિક્ષણ મેળવવા દૂર દૂરની શાળામાં નિયમીત અપડાઉન કરવાનુ હોય અને સવારે છ વાગ્યે ધરેથી નિકળ્યા બાદ ૭.૩૦ કલાકે શાળાઓમાં પહોચવાનું હોય છે. આ શાળાએ પહોચવા વાહનોની કોઈ વ્યવસ્થા ન હોય જેથી ઉપરોક્ત ગામના વિદ્યાર્થીઓને અવર જવર કરવા માટે છ થી સાત વાગ્યા દરમ્યાન એસ ટી બસ સુવિધા કાયમી માટે કોરોના વાયરસ અનુવયે માર્ગદર્શીકાઓનું પાલન કરી એસ ટી બસ તાત્કાલીક શરૂ કરવા ઉના તાલુકા ભાજપ પ્રમુખ સામતભાઈ સાર્દુરભાઈ ચારણીયાએ ઊના એસ ટી ડેપો મેનેજરને રજુઆત કરી છે.

# રોડ-રસ્તા માટે ૪૪.૯૫ કરોડ મંજૂર કરતા ગુજરાત સરકારનો આભાર વ્યક્ત કરતી વાંકાનેર તાલુકા ભાજપ ટીમ

ચક્રવાત ટીમ વાંકાનેર, તા.૧૧

વાંકાનેર તાલુકા ભાજપ ટીમ દ્વારા રાજકોટના સાંસદ સભ્ય શ્રી મોહનભાઈ કુંડારીયા તેમજ મોરબી જિલ્લા ભાજપ પ્રમુખ દુર્લભજીભાઈ દેથરીયાને વાંકાનેર તાલુકાના ખખડધજ બનેલા રોડ-રસ્તાના નવિનીકરણ માટે રજૂઆત કરેલ હોય, જે રજૂઆતને ધ્યાને રાખી ગુજરાત સરકારના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ તેમજ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સાહેબ દ્વારા માર્ગ અને મકાન વિભાગના નેજા હેઠળ વાંકાનેર વિધાનસભા મતવિસ્તારના સાત વર્ષથી વધુ સમયથી રિકાર્પેટ ન થયેલા હોય તેવા રાજ્ય હસ્તકના ૨૪.૯૫ કરોડના રસ્તાઓ અને પંચાયત હસ્તકના ૨૦ કરોડના રસ્તાઓ મળી કુલ ૪૪.૯૫ કરોડના રસ્તાઓના નવિનીકરણ માટે મંજૂરી આપી અને જોબ નંબર આપવામાં આવેલ છે. આ સિવાય હજુ જે રોડ-રસ્તા ખરાબ હઘય અને મંજૂર કરવાના રહી ગયા છે તે કામો પણ જલ્દીથી પુરી કરવા રાજ્ય સરકાર દ્વારા ખાતરી આપવામાં આવી છે. આ તકે વાંકાનેર તાલુકા ભાજપ અગ્રણી અને યુવરાજ શ્રી કેશરીદેવસિંહજી ઝાલા, વાંકાનેર તાલુકા ભાજપ પ્રમુખ વાઘજીભાઈ ડાંગરેચા, મોરબી જિલ્લા ભાજપ ઉપપ્રમુખ ગોરધનભાઈ સરવૈયા, મોરબી જિલ્લા ભાજપ મંત્રી ગોવિંદભાઈ દેસાઈ, રસીકભાઈ વોરાએ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ, મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, સાંસદ સભ્ય મોહનભાઈ કુંડારીયા તેમજ મોરબી જિલ્લા ભાજપ પ્રમુખ દુર્લભજીભાઈ દેથરીયાનો આભાર વ્યક્ત કર્યો હતો.

# વિશ્વ હિન્દી દિવસનાં ઉપલક્ષમાં સકારાત્મક પત્રકારીતા માટે સ્ટાર રિપોર્ટ મેગેઝિનનું સમ્માન



ચક્રવાત ટીમ મુંબઈ તા ૧૧

વિશ્વ હિન્દી દિવસનાં ઉપલક્ષમાં મુક્તિ ફાઉન્ડેશન દ્વારા આયોજિત કાર્યક્રમ માં પાછલા ૧૪ વર્ષ થી હિન્દી માં પ્રકાશિત સ્ટાર રિપોર્ટ મૈગેજીનનાં પ્રધાન સંપાદક હાર્દિક હુંડીયા અને સુનીતા હુંડીયાનું લોકપ્રિય કવિ, લેખક તથા પ્રસિદ્ધ ટીવી ધારાવાહિક તારક મહેતા કા ઉલ્ટા ચશ્માનાં મુખ્ય કલાકાર શૈલેષ લોઢાનાં હસ્તે સકારાત્મક પત્રકારીતા માટે સમ્માન પત્રથી સમ્માનિત કરવામાં આવ્યા. આ અવસરે અલગ અલગ ક્ષેત્રનાં લોકપ્રિય કવિગણની સાથે સાથે મુખ્ય આયોજક કેશવરાય, મંચ સંચાલક અને લોકપ્રસિધ્ધ કવિ દેવમણી પાંડે સહિત અનેક ગણમાન્ય મહાનુભાવ ઉપસ્થિત હતા.

# કપ્તાન વિરાટ બન્યો પિતા : વિરૂષ્કાના ઘરે દીકરીનો જન્મ થતા સ્પોર્ટ જગત અને બોલીવુડ જગતમાં હર્ષ



મુંબઈ,તા.૧૧

બોલિવૂડ એક્ટ્રેસ અનુષ્કા શર્માએ આજે એટલે કે ૧૧ જાન્યુઆરીના રોજ બપોરે દીકરીને જન્મ આપ્યો છે. વિરાટ કોહલીએ સોશિયલ મીડિયામાં પોસ્ટ શૅર કરીને ચાહકોને આ ગુડ ન્યૂઝ આપ્યા હતા. અનુષ્કા શર્માએ મુંબઈની બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં દીકરીને જન્મ આપ્યો હતો. અનુષ્કા તથા વિરાટ આજે સવારે જ હોસ્પિટલ આવ્યા હતાં. ઉલ્લેખનીય છે કે આજે ક્રિકેટર રાહુલ દ્રવિડનો પણ જન્મદિવસ છે. એટલે કે હવેથી વિરાટ કોહલીની દીકરી તથા રાહુલ દ્રવિડનો જન્મદિવસ એક જ દિવસ આવશે.

હોસ્પિટલના સૂત્રો પાસેથી મળેલી માહિતી પ્રમાણે, અનુષ્કા તથા વિરાટ પોતાની દીકરીનું નામ 'અન્વી' રાખે તેવી શક્યતા છે. 'અન્વી' નો અર્થ દયાળું એવો થાય છે. આટલું જ નહીં કપલે પોતના નામના પહેલાં બે અક્ષરો લઈને દીકરીનું નામ 'અન્વી' રાખ્યું હોય તેમ લાગે છે. અનુષ્કા (Anushka) તથા વિરાટ (Virat)ના નામના પહેલાં બે અક્ષરો છહફૈ (અન્વી).

અનુષ્કાએ પ્રેગ્નન્સીના છેલ્લાં દિવસો સુધી વર્કઆઉટ કર્યું હતું. અનુષ્કાએ ટ્રેડમિલ પર ચાલતી હોય તેવો વીડિયો હાલમાં જ શૅર કર્યો હતો. આ પહેલાં તેણે વિરાટ કોહલીની મદદથી શીર્ષાસન કર્યું હોય તેવી પોસ્ટ શૅર કરી હતી.

અનુષ્કાએ જાણીતા વોગ મેગેઝીન માટે ફોટોશૂટ કરાવ્યું હતું. આ બોલ્ડ ફોટોશૂટમાં અનુષ્કાએ બેબી બમ્પ ફ્લોન્ટ કર્યો હતો. આટલું જ નહીં અનુષ્કાએ પ્રેગ્નન્સી જર્ની અંગે પણ વાત કરી હતી. અનુષ્કા શર્માએ વોગ સાથેની વાતચીતમાં કહ્યું હતું, 'લૉકડાઉનને કારણે મારી સાથે પતિ વિરાટ કહોલી જ હતો. બધા જ ઘરની અંદર બંધ હોવાથી કોઈને પણ ખ્યાલ ના આવ્યો કે હું પ્રેગ્નન્ટ છું. કોરોના આ રીતે મારા માટે આશીર્વાદરૂપ બન્યો હતો. જ્યારે પણ ડૉક્ટરને બતાવવા જવાનું થતું ત્યારે રોડ પર કોઈ અમને જોઈ શકતું નહોતું.'

વધુમાં અનુષ્કાએ કહ્યું હતું કે પ્રેગ્નન્સીના શરૂઆતના દિવસોમાં તે 'બુલબુલ'નું પ્રમોશન કરતી હતી. એકવાર ઝૂમ કૉલ પર તે પ્રમોશન કરતી હતી ત્યારે અચાનક જ તેની તબિયત ખરાબ થઈ અને તેને વોમિટિંગ જેવું થવા લાગ્યું હતું.

# અંતિમ દિવસે અશ્વિન, વિહારીએ ઓસ્ટ્રેલીયાનું જીતનું સપનું રગદોળતા મેચ ડ્રો : પંતના ૯૭



(જી.એન.એસ.)સિડની,તા.૧૧

ભારત અને ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ સિડનીમાં રમાયેલી ત્રીજી ટેસ્ટ ડ્રો થઈ છે. આ મેચને ડ્રો કરાવવામાં આર અશ્વિન અને હનુમા વિહારીનું મોટું યોગદાન રહ્યું. હનુમા વિહારી અને અશ્વિને ૨૫૬ બોલમાં અણનમ ૬૨ રનની પાર્ટનરશિપ કરી હતી. હનુમા વિહારીએ ઈજાગ્રસ્ત હોવા છતાં ૧૬૧ બોલમાં ૨૩ રન કર્યા હતા.

હનુમા વિહારીને બીજી પારીમાં બેટિંગ દરમિયાન ઈજા પહોંચી હતી. તે રન પણ દોડી શકતો નહોતો. પરંતુ તેમ છતાં તેણે મેચ ડ્રો કરાવી હતી. હનુમા વિહારીની આ પારીના વખાણ આઈસીસીએ પણ કર્યા છે.

આઈસીસીએ ટ્વિટ કરી સિડની ટેસ્ટ મેચના પાંચમાં દિવસે હનુમા વિહારીના ઉત્સાહને સલામ કર્યો છે. રવિચંદ્રન અશ્વિન અને હનુમા વિહારીએ છઠ્ઠી વિકેટ માટે ૨૫૮ બોલમાં ૬૨ રનની ભાગીદારી કરી. અશ્વિને ૧૨૮ બોલમાં ૭ ફોરની મદદથી ૩૯ રન કર્યા. જ્યારે વિહારીએ ૧૬૧ બોલમાં ૪ ફોરની મદદથી ૨૩ રન કર્યા. આ છઠ્ઠી વિકેટ માટે બોલના માર્જિનથી સૌથી મોટી પાર્ટનરશિપ છે.

ઓસ્ટ્રેલિયાએ ટીમ ઈન્ડિયાને ૪૦૭ રનનો ટાર્ગેટ આપ્યો હતો. જવાબમાં પાંચમાં દિવસે ભારતે બીજી પારીમાં પાંચ વિકેટ ગુમાવી ૩૩૪ રન કર્યા. દિવસના અંતે એક ઓવર બાકી રહેતાં ઓસ્ટ્રેલિયાના કેપ્ટન ટિમ પેને મેચ ડ્રો કરવાની જાહેરાત કરી હતી. હવે ૧૫ જાન્યુઆરીએ બ્રિસ્બેનમાં ચોથી ટેસ્ટ રમાશે. જ્યારે પ્રથમ પારીમાં પેટ કમિંસના બોલ પર ઈજાગ્રસ્ત થયેલા ઋષભ પંતે ૧૧૮ બોલમાં ૯૭ રન કર્યા હતા. જેના કારણે ઓસ્ટ્રેલિયાના જીતના સપના પર પાણી ફરી વળ્યું હતું. ઉપરાંત અશ્વિને ૧૨૮ બોલમાં ૩૯ રનની અણનમ પારી રમી. ભારતને જીત માટે ૪૦૭ રનની જરૂર હતી. પરંતુ ચોથા દિવસે રોહિત શર્મા (૫૨) અને શુભમન ગિલ (૩૧) રને આઉટ થયા બાદ ઓસ્ટ્રેલિયાની જીત નિશ્ચિત લાગવા લાગી હતી. જ્યારે પાંચમાં દિવસે શરૂઆતની છ ઓવરમાં ભારતના કેપ્ટન અજિંક્ય રહાણે વિકેટ ગુમાવી હતી. રહાણે ચોથા દિવસના સ્કોરમાં એક રન પણ ન કરી શક્યો અને ચાર રને જ પેવેલિયન પરત ફર્યો હતો. રહાણે આઉટ થતાં ઓસ્ટ્રેલિયાની જીત દેખાઈ રહી હતી.

# એનસીબીએ દિયા મિર્ઝાની એક્સ મેનેજરની કરી ધરપકડ, ૨૦૦ કિલો ગાંજો કર્યો જપ્ત



(જી.એન.એસ.)મુંબઈ,તા.૧૦

નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો સતત બોલિવૂડમાં ડ્રગ્સ એંગલથી તપાસ કરી રહી છે. બોલિવૂડ અભિનેતા અર્જુન રામપાલ પછી, એનસીબીએ આ કેસમાં દિયા મિર્ઝાની એક્સ મેનેજર રહીલા ફર્નિચરવાલા અને તેની બહેન સહિત ૨ અન્ય લોકોને ધરપકડ કરી છે. આ દરમિયાન એનસીબીને તેમની પાસેથી ગાંજો પણ મળી આવ્યો છે. આ મામલે એનસીબી હવે વધારે તપાસ કરી રહી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે આરોપીનું જોડાણ સુશાંતસિંહ રાજપૂત (ડ્રગ્સ) કેસ સાથે પણ છે.

નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોએ એક બ્રિટીશ ઉદ્યોગપતિ કરણ સજદાનીની પણ ધરપકડ કરી છે. આરોપ છે કે બંને બહેનો ડ્રગ્સના ધંધામાં તેની મદદ કરતી હતી. એક રિપોર્ટ અનુસાર એનસીબી તરફથી એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે કેટલીક માહિતીના આધારે બાંદ્રા પશ્ચિમમાં એક કુરિયરમાંથી આ ગાંજો મળી આવ્યો હતો. આ પછી ઓપરેશન દરમિયાન કરણ સજાનાની (બ્રિટીશ નાગરિક) ના ઘરેથી એક વિશાળ જથ્થામાં ગાંજો પણ મળી આવ્યો હતો. અહીંથી થોડી માહિતી મેળવ્યા બાદ એનસીબીની તપાસ રહિલા ફર્નિચરવાલાને ત્યાં પહોંચી હતી અને તેની અને તેની બહેન પાસેથી પણ ગાંજો મળી આવ્યો હતો. કહેવામાં આવી રહ્યું છે કે આ દરમિયાન એનસીબીએ કુલ ૨૦૦ કિલો ગાંજો કબજે કર્યો છે.

# મલાયમ ફિલ્મ અભિનેત્રી વાણી વિશ્વનાથ ભાજપમાં જોડાય તેવી વકી

(જી.એન.એસ.)ચેન્નાઇ,તા.૧૦

મલાયમ ફિલ્મની અભિનેત્રી વાણી વિશ્વનાથ ભાજપમાં જોડાઈ શકે છે. આંધ્રપ્રદેશ ભાજપના પ્રમુખ સોમું વીરાજુએ તેમના વાણીના નિવાસસ્થાને આ મુદ્દે મુલાકાત કરી હતી. સોમુ વીરાજુએ મીડિયા સાથે વાતચીત કરતા જણાવ્યું કે, વીણા સાથે તેમના નિવાસસ્થાને ભાજપમાં જોડાવા મુદ્દે ચર્ચા થઈ હતી. મલાયમ એક્ટ્રેસ વાણી ૪૦ જેટલી ફિલ્મમાં કામ કરી ચૂકી છે. ભાજપના નેતાએ આ આ અભિનેત્રીને ભાજપમાં જોડાવવા માટે આમંત્રણ આપ્યું છે.

આંધ્રપ્રદેશ ભાજપના પ્રમુખ સોમુ વીરાજુએ મલાયમ અભિનેત્રી વાણી વિશ્વનાથની સાથે અન્ય અભિનેત્રી પ્રિયા રમણને પણ ભાજપમાં જોડાવવા માટે આમંત્રણ આપ્યું છે. ભાજપ પ્રદેશમાં સંગઠનને મજબૂત કરવા માટેનો પ્રયાસ કરી રહી છે. ભાજપ દુબ્બકાની બેઠક જીતવા માટે રણનિતીના ભાગરૂપે ભાજપમાં નવા ચહેરાને જોડવાની કવાયત કરી રહી છે. મલયાલમ ફિલ્મમાં કામ કરનાર અભિનેત્રી વાણી વિશ્વનાથ આ પહેલા ૨૦૧૭માં તેલુગુ દેશમ પાર્ટીમાં જોડાઈ હતી. વાણી વિશ્વનાથ સાથે અભિનેત્રી પ્રિયા રમણને પણ ભાજપમાં જોડાવવા માટેનો પ્રસ્તાવ મોકલ્યો છે. ૨૦૦૨માં બેસ્ટ એક્ટ્રેસનો એવોર્ડ પ્રાપ્ત કરનાર અભિનેત્રી વાણી મલયાલમ, તેલુગુ ફિલ્મમાં કામ કરી ચૂકી છે. ૨૦૦૨માં તેમને ટીવી ચંદ્રનના ડાયરેકશનમાં બેનલી ફિલ્મ 'સુસાના' ફિલ્મ માટે કેરળ રાજ્ય તરફથી બેસ્ટ એક્ટ્રેસનો એવોર્ડ મળ્યો હતો.

# વધુ એક પ્લેયર ઈન્જર્ડ : જાડેજા ઈંગ્લેન્ડ સામે રમાનારી સિરીઝની પ્રથમ બે ટેસ્ટમાંથી પણ આઉટ



(જી.એન.એસ.)સિડની,તા.૧૧

ઓસ્ટ્રેલિયામાં ખેલાડીઓની ઈજાથી પરેશાન ભારતીય ક્રિકેટ ટીમને રવીન્દ્ર જાડેજા ઈજાગ્રસ્ત થતા મોટો ફટકો પડ્યો છે. જાડેજા ઓસ્ટ્રેલિયા સામે રમાનારી ચોથી અને અંતિમ ટેસ્ટમાંથી બહાર થઈ ગયો છે. એટલું જ નહીં તે ઈંગ્લેન્ડ વિરુદ્ધ ઘરઆંગણે રમાનારી આગામી સિરીઝની પ્રથમ બે ટેસ્ટમાંથી પણ બહાર થઈ ગયો છે. જાડેજાને સિડનીમાં રમાઈ રહેલી ત્રીજી ટેસ્ટના પ્રથમ દાવમાં બેટિંગ વખતે અંગૂઠામાં પર બોલ વાગ્યો હતો અને બાદમાં સ્કેનમાં જાણવા મળ્યું હતું કે તેના અંગૂઠામાં ફ્રેક્ચર થયું છે.

ઈજાના કારણે જાડેજા ઓસ્ટ્રેલિયાના બીજા દાવમાં બોલિંગ કરી શક્યો ન હતો. તેને પ્રથમ દાવમાં બેટિંગ વખતે મિચેલ સ્ટાર્કનો એક શોર્ટ બોલ ગ્લોવ્ઝ પર વાગ્યો હતો. તેને મેદાન પર જ તબીબી સહાયની જરૂર પડી હતી. બીસીસીઆઈના એક સૂત્રએ જણાવ્યું હતું કે, રવીન્દ્ર જાડેજા ઈંગ્લેન્ડ વિરુદ્ધ રમાનારી પ્રથમ બે ટેસ્ટમાંથી પણ બહાર થઈ ગયો છે. તેની ઈજા સાજી થવામાં ચારથી છ સપ્તાહનો સમય લાગશે જેના કારણે તે ઈંગ્લેન્ડ સામેની પ્રથમ બે ટેસ્ટમાં રમી શકશે નહીં. ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ચાર ટેસ્ટ મેચની સિરીઝ રમાવાની છે જેનો પ્રારંભ ૫ ફેબ્રુઆરીથી થશે.

# કાસ્ટિંગ ડિરેક્ટરની ખરાબ વર્તનને કારણે મેં ભારત છોડવાનું નક્કી કરી લીધું હતુંઃ નોરા



(જી.એન.એસ.)મુંબઈ,તા.૮

નોરા ફતેહી માત્ર તેની સુંદરતા, શાનદાર નૃત્ય માટે જ જાણીતી નથી, પરંતુ તેની ઓળખ શ્રેષ્ઠ ડ્રેસિંગ સેન્સ પણ છે. બોલિવૂડમાં એન્ટ્રી માટે તે ભારત આવી. પરંતુ શરૂઆતના દિવસોમાં, તેણે ઈન્ડસ્ટ્રીમાં ખૂબ જ મુશ્કેલ દિવસોનો સામનો કરવો પડ્યો. તાજેતરમાં જ નોરા કરીના કપૂરના ચેટ શો વ્હોટ વુમન વોન્ટમાં જોવા મળી હતી, જ્યાં તેણે જાહેર કર્યું હતું કે શરૂઆતના દિવસોમાં તે કાસ્ટિંગ ડિરેક્ટરની ખરાબ વર્તનને કારણે ઘરે પરત ફરવાની તૈયારી કરી રહી હતી. નોરા ફતેહીએ શોમાં જણાવ્યું હતું કે, જ્યારે કેનેડાથી પોતાની ઓળખ બનાવવા ભારત આવી હતી. તે સમયે તે દેશમાં કોઈને ઓળખતી નહોતી.

શરૂઆતના દિવસોમાં, તે એક કાસ્ટિંગ ડિરેક્ટરને મળી. આ મુલાકાતમાં તેનો અનુભવ ખૂબ જ ખરાબ હતો. નોરાએ કહ્યું કે એકવાર તેને કાસ્ટિંગ ડિરેક્ટર દ્વારા ઘરે બોલાવવામાં આવી હતી અને ખૂબ જ ઠપકો આપ્યો હતો. નોરાને તેના વર્તનથી એટલો દુઃખ થયું કે તેણે ભારત છોડવાનું નક્કી કર્યું હતું. અભિનેત્રીએ કહ્યું કે તેણે મને ટેલેન્ટલેસ પણ કહ્યું છે. તેમણે કહ્યું કે અહીં તમારા જેવા ઘણા લોકો છે. તેણે ઘરે મને માત્ર બૂમો પાડવા જ બોલાવી હતી.ત્યારે હું આ દેશમાં નવી હતી,ત્યારે મને એવું લાગ્યું કે અહીં આવું જ વર્તન કરે છે. કે કાસ્ટિંગ ડિરેક્ટરના નામનો ઉલ્લેખ કર્યો નથી.

નોરા ફતેહીએ વધુમાં કહ્યું કે મને તેના વર્તનથી ઘણું દુઃખ થયું અને ખૂબ રડી. તેઓએ મને તેમના ઘરે બોલાવી ફક્ત મારા પર બૂમ પાડવા માટે. ત્યારે હું આ દેશમાં નવી હતી, તેથી મેં વિચાર્યું કે અહીંના દરેક લોકો આની જેમ વર્તે છે. લોકો ઘરે બોલાવે છે અને તેમના પર બૂમ પાડે છે. તમને જણાવી દઈએ કે, સત્યમેવ જયતે ફિલ્મના દિલબર-દિલબર ગીતથી નોરાને લોકપ્રિયતા મળી છે. આ પછી, તેમણે 'સ્ત્રીના કમરિયા' અને 'બાટલા હાઉસ'ના ઓ સાકી સાકી જેવા ઘણા સુપરહિટ ગીતો કર્યા છે. એટલું જ નહીં, નોરા ફિલ્મ ભારત અને સ્ટ્રીટ ડાન્સર ૩ ડીમાં પણ કામ કરી ચુકી છે.

# સલમાન ખાને ફિલ્મ 'કાગજ'માં પોતાના અવાજમાં રેકોર્ડ કરી કવિતા

(જી.એન.એસ.)મુંબઇ,તા.૧૦

એક્ટર પંકજ ત્રિપાઠીની હાલમાં જ રિલીઝ થયેલી ફિલ્મ 'કાગજ' એવા વ્યક્તિની કહાણી છે. જે જીવિત છે પરંતુ સરકારી કાગળમાં તેને મૃત જાહેર કરાયો છે. જીવિત વ્યક્તિને કાગળ પર ફરી જીવિત કરવા માટે જે સંઘર્ષ કરવો પડે છે. તે સંઘર્ષની કહાણી આ ફિલ્મનું મુખ્ય કથાનક છે. સમગ્ર વાર્તા મુખ્ય કેરેક્ટર પંકજ ત્રિપાઠીની આસપાસ ગૂંથાયેલી છે.જે લાલ બિહારીના કિરદારમાં છે. આ ફિલ્મ સતીશ કૌશિક અને સલમાનખાનની કંપનીએ બનાવી છે. આ ફિલ્મનું એક આકર્ષણ એ પણ છે, કે આ ફિલ્મમાં દર્શકોને સલમાનખાનના અવાજમાં કવિતા સાંભળવા મળે છે. જેને સાંભળીને આપ મંત્રમુગ્ધ થઈ જશો. સલમાન ખાનની આ કવિતામાં 'કાગજ'ને ખૂબ સુદર રીતે પ્રસ્તુત કરાયો છે. જે સાંભળીને આપ મંત્રમુગ્ધ થઈ જશો. આ પહેલા પણ સલમાનખાને કેટલાક સોન્ગને પોતાનો અવાજ આપ્યો છે. જેને તેના ફેન્સે ખૂબ લાઈક કર્યા છે. વર્કફ્રન્ટની વાત કરીએ તો સલમાન ખાન બહુ જલ્દી તેમની નવી ફિલ્મ 'રાધે'માં નવા અવતારમાં નજર આવશે. આ ફિલ્મમાં સલમાનખાન સાથે દિશા પટની અન રણદીપ હુડ્ડા જોવા મળશે. સલમાન ખાને ફિલ્મ રિલીઝની ડેટની જાહેરાત તેમના જન્મ દિવસે કરી હતી. ફિલ્મ 'રાધે' ઈદના અવસરે રિલીઝ થશે.

# પ્રિયંકા ચોપરાએ માતા સાથે યુકેમાં કોરોના પ્રોટોકોલ તોડતા પહોંચી પોલીસ



(જી.એન.એસ.)લંડન,તા.૮

હાલમાં પ્રિયંકા ચોપરા લંડનમાં છે. અહીંયા બુધવાર, છ જાન્યુઆરીના રોજ પ્રિયંકાએ દ્વના કોવિડ ૧૯ના નિયમોનો ભંગ કર્યો હતો. હાલમાં ઈંગ્લેન્ડમાં કોરોનાનો નવો સ્ટ્રેન વધુ ઘાતક હોવાથી ૧૫ ફેબ્રુઆરી સુધી લૉકડાઉન જાહેર કરવામાં આવ્યું છે. લૉકડાઉન હેઠળ સલૂન તથા સ્પા સહિત પર્સનલ કેર સર્વિસ બંધ કરી દેવામાં આવી છે. પ્રિયંકા ચોપરા માતા મધુ ચોપરા સાથે સલૂનમાં જોવા મળી હતી. સૂત્રોના મતે, પોલીસ નોટિંગહિલના લેન્સડાઉન મ્યૂઝ સ્થિત સૂલનમાં સાંજે ૫.૪૦ વાગે આવી હતી. પોલીસે સલૂનના માલિકને મૌખિક રીતે કોવિડ ૧૯ના નિયમોનું પાલન કરવાની સૂચના આપી હતી.

પોલીસે સલૂનમાં હાજર કોઈને પણ દંડ ફટકાર્યો નથી. ઉલ્લેખનીય છે કે છેલ્લાં કેટલાંક સમયથી પ્રિયંકા પતિ નિક જોનાસ સાથે લંડનમાં રહે છે. તે લંડનમાં ફિલ્મ 'ટેક્સ્ટ ફોર યુ'ના શૂટિંગ માટે આવી હતી. પોલીસને જ્યારે સલૂન ખુલ્લું હોવાની જાણ થઈ ત્યારે તે આવી હતી અને સૂલનમાં રહેલાં વ્યક્તિઓ સાથે વાત કરી હતી. ત્યારબાદ પ્રિયંકા ચોપરા બહાર નીકળી ગઈ હતી. સલૂનમાં સેલિબ્રિટી સ્ટાઈલિસ્ટ જોશ વૂડ પણ હતો. પોલીસે તેને પણ ધમકાવ્યો હતો પરંતુ દંડ કર્યો નહોતો. પ્રિયંકા ચોપરાના સ્પોકપર્સને ચોખવટે કરતાં કહ્યું હતું, 'સરકારી ગાઈડલાઈનનું પાલન કરવામાં આવ્યું હતું.

પ્રિયંકા ચોપરા પોતાની ફિલ્મના શૂટિંગ માટે હેર કલર કરાવવા આવી હતી. જોશ વૂડ તેને હેર કલરી કરી આપવાનો હતો. સલૂન માત્રને માત્ર પ્રોડક્શન હાઉસ માટે ખોલવામાં આવ્યું હતું. તમામના ટેસ્ટ કરવામાં આવ્યા હતા અને સરકારી નિયમોનું પણ પાલન કરવામાં આવ્યું હતું. સરકારી સલાહ પ્રમાણે, કોવિડ ૧૯ની ગાઈડલાઈન સાથે ફિલ્મ તથા ટીવી પ્રોડક્શન ચાલુ રાખી શકાય છે. પોલીસને જરૂરી દસ્તાવેજો પણ બતાવવામાં આવ્યા હતા.

# જામનગર ખાતે વિદ્યાર્થી આવકાર કાર્યક્રમ યોજાયો

ચક્રવાત ટીમ, તા.૧૧

જામનગર ગુજરાત રાજ્યમાં તમામ કોલેજ અને બોર્ડ ધરાવતી શાળાઓમાં ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓ માટે પ્રત્યક્ષ શૈક્ષણિક વર્ગકાર્યનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જે માટે જામનગરની આર્યસમાજ શ્રીમદ દયાનંદ કન્યા વિદ્યાલય ખાતે અન્ન અને નાગરિક પુરવઠા રાજ્યમંત્રી ધર્મેન્દ્રસિંહ જાડેજાના અધ્યક્ષસ્થાને વિદ્યાર્થી આવકાર કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે રાજ્યમંત્રીશ્રીના હસ્તે ધોરણ-૧૦ અને ૧૨ની વિદ્યાર્થીઓને માસ્ક અને હેન્ડ સેનીટાઈઝરની વેલકમ કીટ અર્પણ કરાઇ હતી. આ તકે મંત્રીશ્રીએ કહ્યું હતુ કે, સમગ્ર વિશ્વ, આપણો દેશ અને આપણું ગુજરાત રાજ્ય પણ વૈશ્વિક મહામારી કોરોના સામે લડી રહ્યું છે. ગુજરાત સરકાર દ્વારા કોરોના કાળ દરમ્યાન માર્ચ-૨૦૨૦થી સંપૂર્ણ લોકડાઉન, ત્યારબાદ આંશિક લોકડાઉન લાગુ કરી રાજ્યના પ્રજાજનોને કોરોના કહેરથી બચાવવાના તમામ પ્રયાસો કરવામાં આવ્યા છે. આ સમયમાં બાળકોના સ્વાસ્થ્યને ધ્યાનમાં લઈ માર્ચ મહિનાથી શાળાઓ બંધ રાખવામાં આવી હતી. પરંતુ જૂન મહિનાથી આ મહામારીના સમયમાં પણ બાળકોનું શિક્ષણ બગડે નહીં, આ માટે પ્રત્યક્ષ શૈક્ષણિક કાર્ય બંધ હોવા છતાં શિક્ષણ વિભાગ દ્વારા ટેકનોલોજીના માધ્યમથી ઓનલાઈન શિક્ષણ કાર્ય શરૂ કરવામાં આવ્યું હતું. ડીડી ગિરનાર, વંદે ગુજરાત ચેનલ, યુ-ટ્યુબ, વર્ચ્યુઅલ ક્લાસરૂમ વગેરે ડિજિટલ માધ્યમો દ્વારા પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક દરેક કક્ષાના વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન શિક્ષણકાર્ય રાજ્ય સરકાર



દ્વારા શરૂ કરાયું હતું. જે આજદિન સુધી ચાલુ જ છે, પરંતુ હવે રાજ્યમાં કોરોનાના કેસો હળવા થતા આજથી ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ તથા કોલેજના વિદ્યાર્થીઓની કારકિર્દીના અગત્યના વર્ષો હોય તેમના માટે પ્રથમ ચરણના ભાગરૂપે પ્રત્યક્ષ શિક્ષણકાર્યનો આજથી પ્રારંભ થઈ રહ્યો છે. જેમાં કોવિડ-૧૯ની ગાઈડલાઈનનું ચુસ્તપણે પાલન કરી વાલીની સંમતિ સાથે વિદ્યાર્થીઓ શાળામાં શિક્ષણ મેળવવા આવ્યા છે. શાળાઓ દ્વારા પણ કોવિડ-૧૯ની ગાઈડલાઈનનું સંપૂર્ણ પાલન કરવામાં આવશે. અન્ય દેશોની સાપેક્ષમાં ભારતની કોરોના સામેની લડાઈ રંગ લાવી છે અને કેસ હળવા બન્યા છે. ત્યારે બાળકોના ભવિષ્યની દરકાર માટે ફરી શિક્ષણકાર્ય પૂર્વવત્ કરી આ ''ન્યુ નોર્મલી સ્થિતિ'' એટલે કે માસ્ક,સોશીયલ ડિસ્ટાન્સીંગ, હેન્ડ સેનિટાઈઝરના ઉપયોગ દ્વારા બાળકો ફરી શાળામાં પ્રત્યક્ષ શિક્ષણ મેળવીને પોતાના ભવિષ્યને ઉજ્જવળ બનાવી શકશે તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું. આ સાથે જ શાળામાં વિદ્યાર્થીઓની હાજરી ફરજિયાત રાખવાનો કોઈ આગ્રહ નથી રાખવામાં આવ્યો, જેથી વિદ્યાર્થીઓ માટે સમાંતર રીતે ઓનલાઈન શિક્ષણની વ્યવસ્થા પણ ચાલુ રાખવામાં આવી જ છે ત્યારે વિદ્યાર્થીઓના હિતને ધ્યાનમાં લઈને લેવાયેલા નિર્ણય સાથે બાળકોને વિદ્યાના મંદિરમાં રાજ્યમંત્રીએ આવકાર્યા હતા. આ તકે ધો. ૧૦ની વિદ્યાર્થીની જાની મીરાએ કહ્યું હતું કે, ઓનલાઈન શિક્ષણમાં અમને ઘણીવાર ટીચર સાથે ડાયરેક્ટ ડાઉટ સોલ્વ કરવામાં તકલીફ પડતી પરંતુ હવે સ્કુલ શરૂ થતા અમે ખુશ છીએ. તો, ધો.૧૨ની વિજ્ઞાન પ્રવાહની વિદ્યાર્થીની મહેતર સાહિલાએ પણ શાળા શરૂ થતાં આનંદની લાગણી વ્યકત કરી હતી. આ પ્રસંગે પૂર્વ મેયર ધર્મેન્દ્રસિંહ ઝાલા, જિલ્લા શિક્ષણાધિકારી એસ.એલ.ડોડીયા, શિક્ષણ નિરીક્ષક બીનાબેન દવે, મધુબેન ભટ્ટ, મદદનીશ શિક્ષણ નિરીક્ષક આર. કે આણદાણી, ડી.ડી. ભેંસદડિયા, આર્ય સમાજના પ્રમુખ દિપકભાઈ ઠક્કર, શ્રીમદ દયાનંદ કન્યા વિદ્યાલય માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક વિભાગના આચાર્યા પ્રફુલાબેન રૂપડિયા તથા બહોળી સંખ્યામાં ધોરણ ૧૦ અને ૧૨ ની વિદ્યાર્થીનીઓ ઉપસ્થિત રહી હતી.

# જામનગરમાં વધુ એક ક્રિકેટનો સટ્ટો પકડાયો

ચક્રવાત ટીમ, તા.૧૧

જામનગરમાં પોલીસ હેડ કવાટર્સ પાછળ ગોલ્ડન સીટી પાસે સીટી સી પોલીસે એક મકાનમાં દરોડો પાડી ક્રિકેટનો સટ્ટો રમતા એક ટ્રાન્સપોર્ટ ધંધાર્થીને પકડી પાડીને રોકડ-મોબાઈલ સહિત રૂ.૪૬,૭૦૦નો મુદામાલ કબજે કર્યો હતો.પ્રાથમિક પોલીસ પુછપરછમાં વધુ છ શખ્સના નામ ખુલતા પોલીસે તમામની શોધખોળ હાથ ધરવામાં આવી છે. પોલીસસુત્રોમાંથી મળતી વિગત મુજબ જામનગરમાં સીટી સી પોલીસની ટીમને પેટ્રોલિંગ વેળાએ પોલીસ હેડ કવાટર્સ પાછળ ગોલ્ડન સીટી વિસ્તારના હિત પેલેસ એપાર્ટમેન્ટમાં એક બ્લોકમાં મોબાઈલમાં ડાઉનલોડ કરેલી ક્રિકેટ લાઈનગુરૂ એપ્લીકેશનમાં ભાવ જોઈ ક્રિકેટમેચ પર હારજીત,સેશન પર જુગાર ચાલતો હોવાની બાતમી મળી હતી જેથી પોલીસે ટ્રાન્સપોર્ટના ધંધાર્થી ધર્મેન્દ્રસિંહ નરેન્દ્રસિંહ ગોહિલના કબજા ભોગવટાના મકાનમાં દરોડો પાડયો હતો. જે દરોડા વેળા પોલીસે મોબાઈલ પર હારજીતનો જુગાર ચાલતો હોવાનુ માલુમ પડયુ હતુ. આથી પોલીસે મકાનના કબજા ધારક ટ્રાન્સપોર્ટ ધંધાર્થી ધમેન્દ્રસિંહ ગોહિલને પકડી પાડી રૂ.૧૧,૩૦૦ની રોકડ,બે મોબાઈલ સહિત રૂ.૪૬,૮૦૦નો મુદામાલ કબજે કર્યો હતો. પકડાયેલા શખ્પોસની પ્રાથમિક પોલીસ પુછપરછમાં વધુ છ શખસો મીલન, નં.૯, અમીત, દીપુ ઉર્ફે સરગમ, પ્રેમભાઈ અને નીમેશ તન્નાના નામ ખુલતા પોલીસે તમામ સામે ગુનો નોંધી તમામ છની શોધખોળ સાથે વધુ તપાસ હાથ ધરી છે અને ફરારી શખસોની શોધખોળ હાથ ધરી છે.

# મહીસાગર જિલ્લામાં કરૂણા અભિયાન અંતર્ગત બેઠક યોજવામા આવી

ચક્રવાત ટીમ મહીસાગર, તા.૧૧

દર વર્ષની જેમ પંતગોત્સવ દરમ્યાન દોરીથી ઘાયલ પક્ષીઓને બચાવવા રાજય સરકાર દ્વારા પ્રરિત કરૂણા અભિયાનની શરૂઆત જિલ્લામાં થઈ ગઈ છે. આ અભિયાન તા.૨૦મી જાન્યુઆરી- ૨૦૨૧ સુધી ચાલનાર હોય આ અંતર્ગત મહીસાગર જીલ્લા કલેકટર આર.બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના માર્ગદર્શનમાં વન વિભાગ, અને પશુપાલન શાખા અને જિલ્લા વહીવટી તંત્રના વિવિધ સંલગ્ન વિભાગોના અધિકારીઓ કરૂણા અભિયાનમા કાર્યરત છે. આ કાર્યક્રમને સફળતા મળે અને પતંગ દોરાથી પક્ષીઓ ઘાયલ ન થાય અને આ માટે લોકજાગૃતિ કેળવાય જેમાં જીલ્લાના શાળાઓના વિધાર્થીઓને કરૂણા અભિયાન અંતર્ગત પ્રતિજ્ઞા લેવડાવવાઇ રહી છે. કોઈ ઘાયલ પક્ષી નજરે પડે મહીસાગર જિલ્લા માટે ફરેસ્ટ ટોલ ફ્રી નંબર ૧૮૦૦૨૩૩૦૦૫૪ પર સંપર્ક કરવો, જિલ્લા કક્ષાનો ટ્રોલ ફ્રી નંબર ૧૯૬૨, તાલુકા કક્ષાએ લુણાવાડા તાલુકામાં લુણાવાડા રેંજ ટે.નં ૦૨૬૭૪-૨૫૦૩૮૮, પશુદવાખાના નં ૦૨૬૭૪-૨૫૦૧૪૨, સંતરામપુર તાલુકામાં રેંજ ટે.નં ૦૨૬૭૫-૨૨૦૦૭૬, પશુદવાખાના નંબર ૦૨૭૬૭૫-૨૨૦૦૭૦, બાલાસિનોર તાલુકા રેંજ નં ૦૨૬૯૦-૨૬૭૭૧૪, પશુદવાખાના મો નં. ૦૨૬૯૦-૨૬૬૨૮૩, કડાણા તાલુકામાં કડાણા રેંજ ૦૨૬૭૫-૨૪૦૦૨૫, પશુદવાખાના મુનપુર નંબર ૦૨૬૭૫-૨૪૦૧૪૦, ખાનપુર તાલુકા રેંજ નં ૦૨૬૭૪-૨૮૭૪૨૧, પશુદવાખાના વડાગામ નંબર ૯૯૨૫૧૦૭૬૬૦, વિરપુર તાલુકામાં રેંજ નંબર ૯૯૨૫૬૩૪૧૧૪, પુદવાખાના નં-૦૨૬૯૦-૨૭૭૫૦૪ નંબર પર સંપર્ક કરવા જણાવ્યું છે.

# જામનગરમાં અડધી રાત્રે મહિલાની વહારે ૧૮૧ની ટીમ

ચક્રવાત ટીમ જામનગર, તા.૧૧

જામનગર શહેરમાં અભયમ ૧૮૧ પર રાત્રીના મારા પતિ મને મારી નાખશે મદદ કરોનો ફોન આવતા જ ૧૮૧ની ટીમ મહિલાની મદદ માટે સ્થળ પર જઈ મહિલાનો કબજો સંભાળી કાઉન્સેલિંગ કરવામાં આવ્યું હતું અને પરિણીતાને તેના પતિના ત્રાસથી મુકત કરાવી કાયદાની માહીતી અપાઈ હતી. શહેરમાં ધરારનગરમાં રહેતી નેપાળી મહિલાને તેનો પતિ દારૂ પીને વારંવાર મારતો હોવાથી આ મહિલાએ ફોન દ્વારા ૧૮૧ ટીમની મદદ માગતા ૧૮૧ ટીમના ગીતા બાવળવા, ધારવીયા ગીતાબેન તથા પાયલોટ સુરજીતસિંહ તુરંત ઘટના સ્થળે દોડી જઈ આ મહિલાનો કબજો સંભાળી તેનું કાઉન્સેલિંગ કરતા તેને ત્રણ બાળકો અને પતિ કામધંધો નથી કરતો અને દારૂ પીને ઘરમાં માથાકુટ અને મારકૂટ કરી મારી નાખવાની ધમકી આપે છે અને વારંવાર રૂપિયા લઈ જાય છે અને ઘર ચલાવવામાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. વિગતના આધારે તેના પતિ વિરૂધ્ધ સીટી-બી ડિવિઝનમાં ફરિયાદ દાખલ કરાવેલ અને કાયદાકીય માહિતી તથા પતિને દારૂના વ્યસન છોડાવવા વ્યસન મુકિત કેન્દ્રની માહિતી આપી હતી.

# સૂર્યોદય યોજનાનો લાભ અપાવવા ધારાસભ્યની રજૂઆત



ચક્રવાત ટીમ પોરબંદર, તા.૧૧

સૂર્યોદય યોજનાનો કુતિયાણાના બાકી રહેલ ગામના ખેડૂતોને લાભ અપાવવા અંગે ધારાસભ્ય દ્વારા ઉર્જા મંત્રીને રજૂઆત કરાઈ હતી. રાણાવાવ કુતિયાણાના ધારાસભ્ય કાંધલભાઈ જાડેજા દ્વારા ગુજરાત રાજ્યના ઊર્જા મંત્રીને રજૂઆત કરી એવું જણાવવામાં આવ્યું હતું કે તાજેતરમાં સરકાર દ્વારા ખેડૂતો માટે સૂર્યોદય યોજના ચાલુ કરવામાં આવી છે. જેમાં મારા મત વિસ્તારમાં આવતા કુતિયાણા-રાણાવાવ તથા પોરબંદર તાલુકાના અમુક ગામોનો સમાવેશ થયો છે. બીજા ગામો બાકી રહી ગયા છે જેથી દરેક ગામના ખેડૂતોને સૂર્યોદય યોજનાનો લાભ આપવાથી તેમને પડતી હાલાકી દૂર થશે અને રાત્રિના સમય દરમિયાન લાઈટના કારણે તેઓને પડતી મુશ્કેલીથી છુટકારો મળશે. જેથી મારા મત વિસ્તારમાં બાકી રહેતા ગામોનો સૂર્યોદય યોજનામાં સમાવેશ કરી લાભ આપવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી.

# પોરબંદર જીલ્લા ભાજપ દ્વારા વોર્ડ નં.૭ મા ખાટલા બેઠકનું આયોજન કરવામાં આવ્યું

ચક્રવાત ટીમ પોરબંદર, તા.૧૧

પોરબંદર ખાતે વોર્ડ નંબર ૭માં આજે મંજુલાબેન મોઢાના નિવાસ્થાને વિશાળ સંખ્યામાં ભાજપના કાર્યકરો સાથે પોરબંદર જીલ્લા ભાજપ દ્વારા ખાટલા બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ખાટલા બેઠકમાં પોરબંદરના ધારાસભ્ય બાબુભાઈ બોખીરીયા, સાંસદ રમેશભાઈ ધડુક તથા પોરબંદર જિલ્લા ભાજપ પ્રમુખ કિરીટભાઈ મોઢવાડિયા, મહામંત્રી અશોકભાઈ મોઢા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમજ ભાજપના અન્ય હોદેદારા પણ વિશાળ સંખ્યામાં હાજર રહ્યા. જાણીતા મહિલા ડોકટર નૂતનબેન ગોકાની દ્વારા કોરોના વેકસીન બાબત લોકો ને સમજણ આપવામાં આવી. ઘણીવાર લોકોના મનમાં ડર હોઈ અન્ય



બીજી કોઈ મૂંઝવણ હોઈ એ વિશે પણ આ ખાટલા બેઠકમાં નૂતનબેને વિસ્તૃત માહિતી આપેલ. પોરબંદર શહેર ભાજપ મંત્રી મીનલબેને સખી મંડળો, અન્ય સરકારી યોજના વિસે લોકોને માહિતી આપેલ. તેમજ પોરબન્દર જિલ્લા ભાજપ ઉપ પ્રમુખ નિમિષાબેન જોશીએ રાહત દરના કલાસીસ વિસે માહિતી આપેલ. તેમજ સુકન્યા એકાઉન્ટ વિસે સમજણ આપેલ. આ બેઠકમાં જિલ્લા ભાજપના મંત્રી ક્રિષ્નાબેન રાનીગા પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. બેઠક પૂર્ણ થયે બહેનો માટે અલ્પાહારની વ્યવસ્થા મંજુલાબેન મોઢા દ્વારા કરવામાં આવી. નિમિષાબેન મીનલબેન દવારા બહેનોને માસ્ક પણ આપવામાં આવ્યા, આ બેઠકને સફળ બનાવવામાં કાઉન્સિલર સરોજબેન કકકડ, નિમિષાબેન જોશી, મીનલબેન બલભદ્રએ જહેમત ઉઠાવેલ.

# સોઈલ હેલ્થ કાર્ડ અંતર્ગત ખેડૂત તાલીમ શિબિરનું આયોજન કરાયું



ચક્રવાત ટીમ હડિયાણા, તા.૧૧

આ તાલીમ વિઝીટ માં જોડિયા તાલુકાના ખેતીવાડી શાખા ના અમલીકરણ અધિકારીની કચેરી ખેતીવાડી શાખા વર્ષ ૨૦-૨૧ સોઈલ હેલ્થ કાર્ડ અંતર્ગત ખેડૂત તાલીમ શિબિરમાં બાલાચડી ગામના તમામ ખાતેદાર ખેડૂતોને ખેતીવાડી શાખાની વિવિધ યોજનાઓની વિગતવાર માર્ગદર્શન આપવામાં આવેલ. આ કાર્યક્રમમાં ખેતીવાડીના અને ગામના સરપંચ..GATL ધ્રોલ. જોડિયા ડેપો મેનેજર ઝાલા, ગ્રામ સેવક પીઠડ, દુધય, જોડિયા, હડિયાણા ગામના. તા.વી. અધિકારી ખેતી. જોડિયા. ઉપસ્થિત રહ્યા હતા. અને ગ્રામજનોએ ખેતીને લગતા અનેક પ્રકારના સવાલોની રજુઆત કરવામાં આવેલ.

# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપનની યુવા મોરચાની બેઠક યોજાઈ



ચક્રવાત ટીમ લુણાવાડા, તા.૧૧

લુણાવાડાની ક્રિસ્ટલ સ્કૂલ, મોટા સોનેલા ખાતે યુવા મોરચાના પ્રદેશ અધ્યક્ષ ઋત્વિકભાઈપટેલ દ્વારા યુવા મોરચાની બૃહદ બેઠક કરવામાં આવી. જેમાં મહિસાગર જિલ્લાના પ્રમુખ દશરથસિંહ બારીઆ, પૂર્વ પ્રમુખ જે.પી પટેલ સાહેબ મહીસાગર જિલ્લાના મહામંત્રી પટેલ રાવજીભાઈ, પ્રદિપસિંહ રાઠોડ, જયેન્દ્રભાઈ બારોટ, મહીસાગર જિલ્લા, ઝોન પ્રભારી યુવા મોરચાના ઝોન પ્રભારી કૌશલભાઈ દવે, પ્રદેશના કાર્યાલય મંત્રી નરેન્દ્રભાઈ પરમાર, પ્રદેશના સાથી મયુરભાઈ પટેલ, બીરેનભાઈ પટેલ, હર્ષભાઈ દવે, યોગેશભાઈ પટેલ અને રાજુભાઈ રબારી અને ઉત્સાહી કાર્યકર્તાઓ સાથે બેઠકમાં મહત્વાકાંક્ષી મુદ્દાઓ અંગે ચર્ચા કરી.

# મહીસાગર જિલ્લામાં આજથી શિક્ષણ કાર્યનો પુનઃઆરંભ

## એસ.ઓ.પીમાં દર્શાવેલ દિશા નિર્દેશો મુજબ તમામ શાળાઓમાં વ્યવસ્થા કરવામાં આવી

ચક્રવાત ટીમ લુણાવાડા, તા.૧૧

સમગ્ર રાજ્યમાં કોરોનાની તીવ્રતા દિવસે ને દિવસે ઘટતી જાય છે ત્યારે આગામી દિવસોમાં બોર્ડની પરીક્ષાઓ પણ લેવાવાની છે ત્યારે વિદ્યાર્થીઓના લાંબા ગાળાના શૈક્ષણિક હિતમાં રાજ્ય સરકારે ધોરણ ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓ ઉપરાંત કોલેજ કક્ષાએ અંડર ગ્રેજ્યુએટના છેલ્લા વર્ષના તથા પોસ્ટ ગ્રેજ્યુએટ ના વિદ્યાર્થીઓનું શિક્ષણકાર્ય શરૂ કરવાનો નિર્ણય કર્યો હતો. આ નિર્ણયના ભાગરૂપે આજે સમગ્ર રાજ્યની સાથે મહીસાગર જિલ્લાની વિવિધ શાળાઓમાં આ ધોરણના



વિદ્યાર્થીઓ માટે શાળાઓ તથા કોલેજમાં શૈક્ષણિક કાર્યનો શુભારંભ થયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે લુણાવાડા શહેર સહિત જિલ્લાની શાળાઓમાં આશરે ૨૫૭૬૮ હજાર જેટલા વિદ્યાર્થીઓ ધોરણ ૧૦ અને ૧૨ માં અભ્યાસ કરે છે, તે પૈકી આશરે ૬૮૭૭ જેટલા વિદ્યાર્થીઓના વાલીઓએ પ્રથમ તબક્કે જ સંમતિ આપી હતી. શાળાઓમાં સલામતી સાથે શિક્ષણ કાર્ય થાય તે માટે શિક્ષણ વિભાગ દ્વારા એસ.ઓ.પી માં દર્શાવેલ દિશા નિર્દેશો મુજબ જ મહીસાગર જિલ્લાની તમામ શાળાઓમાં વ્યવસ્થા કરવામાં આવી છે. શાળાઓની આસપાસ આવેલ મેડિકલ સુવિધાઓ, પ્રાઈમરી - કોમ્યુનિટી હેલ્થ સેન્ટર વગેરેની તમામ વિગતો તેના કોન્ટેકટ પર્સન જેવી અન્ય જરૂરી માહિતી પણ શાળા કક્ષાએ તેમજ જિલ્લા કક્ષાની કચેરીઓમાં ઉપલબ્ધ કરાવવામાં આવી છે. કોરોના મહામારીમાં ૧૦ મહિના ઘરે બેસીને શિક્ષણ મેળવી બાળકો દ્વારા જે તપસ્યા કરવામાં આવી છે તેને ઉત્કૃષ્ટ પરિણામમાં બદલવાનો સમય પાકી ગયો છે. શાળા સંચાલકો દ્વારા પણ સેનિટેશન, માસ્ક, સોશિયલ ડિસ્ટન્સીગ જેવા નિયમોનુ પાલન કરીને શાળામાં શૈક્ષણિક કાર્યનો આરંભ કરવામાં આવ્યો છે. કોરોનાના લાંબા વેકેશન બાદ જ્યારે શિક્ષણકાર્ય શરૂ થઈ રહ્યું છે ત્યારે જેટલો પણ સમય મળે તેનો મહત્તમ ઉપયોગ કરીને શિક્ષણકાર્ય અને સાથોસાથ બાળકનું પણ હિત જળવાઈ રહે તે જોવા મહીસાગરના જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ વાલીઓને અપીલ કરી છે.

# પોરબંદરના બસ સ્ટેન્ડમાં નવા બનેલ આર.સી.સી રોડના કામમાં ગાબડા

ચક્રવાત ટીમ પોરબંદર, તા.૧૧

પોરબંદર એસ ટી ડેપો પોર્ટમાં નવા બનેલ આર.સી.સી રોડના કામમાં ગાબડા પડ્યા હોવા અંગે એસટી નિગમના નિયામકને રજૂઆત કરાઈ હતી. પોરબંદરના સામાજિક કાર્યકર દિલીપભાઈ લીલાધરભાઈ મશરૂ દ્વારા એસ.ટી નિગમના નિયામકને રજૂઆત કરી એવું જણાવવામાં આવ્યું હતું કે પોરબંદર એસ ટી ડેપોમા નવા બનેલા પોર્ટમાં આર.સી.સી રોડમાં ગાબડા પડતા રોડ ડેમેજ થયો છે. એસટીની તમામ બસોની અવરજવર અહીંથી થઈ રહી છે. બસોમાં મુસાફરોને જીવના જોખમે મુખ્ય ગેટ પાસેથી અવરજવર કરવી પડે છે. નબળી ગુણવત્તા વાળું કામ કરવામાં આવ્યું હોવાના કારણે મસમોટા ગાબડા પડી ગયા હોવાથી અકસ્માતનો ભય પણ સેવાઈ રહ્યો છે. મુખ્ય ગેટ પાસે સંબંધિત બસ પોર્ટનું કામ કરનાર એજન્સીને તાત્કાલિક સમારકામ કરવા સુચના આપવામાં આવે તેવી રજૂઆત કરી હતી. જોખમી રોડને લીધે ગંભીર અકસ્માત થશે તો જવાબદારી નિગમના શીરે રહેશે જેની નોંધ લેવા પણ જણાવ્યું હતું. અને તાત્કાલિક ધોરણે યોગ્ય કરવામાં આવે તેવી માંગ કરી હતી.

# ભાયાવદર પોલીસે ખાખીજાળીયા ગામે જુગારની રેડમાં બે ઝડપાયા

## જુગારની રેડ દરમિયાન બે ઝડપાયા અને ત્રણ ભાગી છૂટયા

ચક્રવાત ટીમ કાનભાઈ સુવા, તા.૧૧

ઉપલેટા તાલુકાના ભાયાવદર પોલીસ સ્ટેશનના કોન્સ. જયદીપસિંહ ચુડાસમા તથા મહાવીરસિંહ ડોડીયા તેમજ ગીરીશભાઈ બગડા ભાયાવદર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ખાખીજાળીયા ગામ પાસે પેટ્રોલિંગ દરમિયાન ખાનગી રાહે હકીકત મળેલ કે ખાખીજાળીયા ગામની પાછળ આવેલ મોજ નદીના કાંઠે આવેલ મંદિરની બાજુમાં કરણના ઝાડ નીચે જાહેરમાં જુગાર રમતા હોવાની બાતમી મળતા ત્યાં પોલીસ સ્ટાફના માણસો દ્વારા રેડ કરતા જુગાર રમતા પાંચ શકશો જુગાર રમતા દેખાયા હતા ત્યારે આ જુગાર રમતા ઈસમોએ પોલીસને આવતા જોઈ તુરંત ભાગવા લાગ્યા ત્યારે પાંચ માંથી બે ઈસમોને દોડીને ઝડપી પાડેલ. આ જુગારની રેડ દરમિયાન ઝડપાયેલ બે ઈસમોમા જીતેન્દ્રભાઈ વેલજીભાઈ તંબોડીયા તેમજ વિક્રમભાઈ ગોવિંદભાઈ કનારા નામના બે ઈસમોને ઝડપી પાડેલા હતા જ્યારે કરસનભાઈ મેરામણભાઈ વાણીયા, નાથાભાઈ આલાભાઈ મકવાણા તેમજ મેરામણભાઈ બાવનજીભાઈ ઘોયલ નામના ત્રણ ઈસમોને ઝડપવામાં બાકી હોય. આ ઝડપાયેલા ઈસમો અને ઝડપવામાં બાકી ત્રણ ઈસમો એક કુલ પાંચેય ઈસમો ખાખીજાળીયા ગામના રહેવાસી હોય તેમાં બે ઝડપાયા અને ત્રણને ઝડપવાના બાકી હોય ત્યારે ભાયાવદર પોલીસે રોકડ રકમ રૂપિયા ૪૨૩૦/- કબ્જે કરી અને જુગાર ધારા કલમ ૧૨ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# સુરતમાંથી અફીણ અને પોષ જોજ સહિત ૩.૨૨ લાખના નશીલા પદાર્થ સાથે બે ઝબ્બે

(જી.એન.એસ.)સુરત,તા.૧૧

સુરતમાં પોલીસ દ્વારા નશાનો કારોબાર ચલાવનારા સામે અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. ડ્રગ્સ, ગાંજા સહિતના નશાનો વેપાર કરનાર સામે પોલીસ લાલ આંખ કરી રહી છે. ત્યારે વરાછા પોલોસે બાતમીમાં આધારે માદક પદાર્થનો વેપલો કરતા બે ઈસમોને ઝડપી પાડ્યાં છે. આ બન્ને આરોપીઓ પાસેથી ઘનશ્યાનગરમાં આવેલા ખાતામાં અફીણ અને પોષ જોજા સહિત ઘાટુ પ્રવાહી મળી આવ્યું છે. કુલ ૩.૨૨ લાખથી વધુના નશીલા પદાર્થો સાથે બે વ્યક્તિઓને ઝડપી લઈને પોલીસે હાલ વધુ તપાસ હાથ ધરી છે. સાથે જ આ લોકો નશાનો માલ ક્યાંથી લાવ્યા અને કોને વેચવાના હોય છે તે દિશામાં પણ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. વરાછા પોલોસ મથકની હદમા પણ માદક પદાર્થનો વેપલો થઈ રહ્યો છે.વરાછાના ઘનશ્યામનગરની શેરી નંબર ૧૧ના ખાતા નંબર ૨૭૦ના ચોથા માળે અફિણ વેચાય છે તેવી બાતમી મળી હોવાના આધારે સર્વેલન્સ સ્ટાફે પોષ ડોડાઓ અને કથ્થઈ કલરનું ઘાટુ પ્રવાહી મળી આવ્યા હતું. એક ઈસમ તે સાચવીને બેઠો હતો. જેમાં પોષ ડોડાનું વજન ૬,૬૬૮ કિલો ગ્રામ થયું હતું. જેની કિંમત ૨૦,૦૦૪ થાય છે સાથે ડોડાના ભુક્કાનું વજન ૦.૫૧૨ ગ્રામ થયું હતું. જેની કિંમત ૧,૫૩૬ થાય છે અને કથ્થઈ કલરનું ઘાટું પ્રવાહીનો વજન ૪૭૭ ગ્રામ થાય છે. જે અફીણ હોવાનું સામે આવ્યું હતું અને તેમની કિંમત ૪૭,૭૦૦ થાય છે. આરોપીની પૂછપરછ કરતા જેમની પાસેથી માલ ખરીદી કરી તે ડિંડોલી ખાતે રહેતો હોવાનું જણાવ્યું હતું. જેથી વરાછા પોલીસ મથક માં સર્વેલન્સ સ્ટાફના જવાનો તાત્કાલિક ડિંડોલીના મહાદેવ નગર-૨ માં દુકાન નમ્બર ૬૧૭ સાવરિયા ગ્લાસ નામની દુકાનમા રેડ કરતા દુકાનમાંથી પોષ ડોડાઓ જેમનું વજન ૧૫,૯૩૫ થાય છે અને તેની કિંમત ૪૭,૮૦૫ થાય છે સાથે જ કથ્થઈ કલરનું ઘાટું પ્રવાહી ૨૨૫ ગ્રામ છે જેની કિંમત ૨૨,૫૦૦ છે આમ તમામ મુદામાલ સાથે અન્ય એક આરોપીની ધરપકડ કરી હતી.

# રાજકોટમાં રોડ પર પતંગ ચગાવતા ત્રણને પોલીસે ઝડપી પાડ્યા

(જી.એન.એસ.)રાજકોટ,તા.૧૧

કોરોનાના કારણે ઉત્તરાયણને લઈને કડક નિયમો સરકારે બનાવી દીધા છે, બીજી બાજુ મકરસંક્રાંતિ પર્વ પર રસ્તા વચ્ચે દોડતા લોકોના કારણે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે રસ્તાઓ પર પતંગ ચગાવવી અને પતંગ લૂંટવા દોડાદોડી કરવા પર જાહેરનામું પ્રસિદ્ધ કરી પોલીસ તંત્રે પ્રતિબંધ લગાડ્યો છે. તેમ છતાં કેટલાક લોકો જાહેરનામાની અવગણના કરી રહ્યાં છે. ત્યારે રાજ્ય સરકારે પોલીસ વિભાગના કડક શબ્દોમાં સૂચના આપી દીધી છે. મકરસંક્રાંતિ પર્વને ધ્યાને રાખી પ્રસિદ્ધ કરેલા જાહેરનામાનો કડકપણે અમલ કરાવવા પોલીસ તંત્ર પણ સજ્જ બન્યું છે. રાજકોટમાં રસ્તા પર પતંગ ઉડાવતા લોકો પર આજે પોલીસે ગાજ પાડી છે. રાજકોટમાં રોડ પર પતંગ ચગાવતા ત્રણ લોકોને ઝડપી લીધા છે. આ ત્રણેય લોકો વિરુદ્ધ રાજકોટમાં અલગ અલગ પોલીસ મથકે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. હાલ માહિતી મળી રહી છે કે ગાંધીગ્રામ અને પ્રદ્યુમનનગર પોલીસે મોટી કાર્યવાહી કરી છે. ઉત્તરાયણમાં રસ્તા પર પતંગ ઉડાવનાર લોકો ચેતી જજો. રાજકોટમાં રસ્તા પર પતંગ ઉડાવતા યુવકો સામે ફરિયાદ નોંધાઈ છે. રાજકોટ જુદા જુદા ૩ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે. ગાંધીગ્રામ ૨ પોલીસ દ્વારા ધરમનગર રોડ પર પતંગ ઉડાડતા યુવક સામે કાર્યવાહી કરવામાં આવી છે જેનું નામ વિજય ડાભી છે. જ્યારે પ્રદ્યુમનનગર પોલીસ મથક દ્વારા સેન્ટલ જેલ પાછળ જાહેરમાં પતંગ ઉડાડતા લોકો સામે કાર્યવાહી કરવામાં આવી છે, તેનું નામ સાવન સાથળિયા છે. અને ગાંધીગ્રામ પોલીસ દ્વારા એરપોર્ટ પર જાહેરમાં પતંગ ઉડાડતા યુવક પ્રકાશ ગઢાધરા સામે કાર્યવાહી કરવામાં આવી છે. ત્રણેય લોકો વિરુદ્ધ જાહેરનામા ભંગ બદલ ધરપકડ કરી પોલીસે કાર્યવાહી કરી છે.

# અલગ નહી પણ એક બની સામૂહિક જનઆંદોલનથી પરીવર્તન

રાજ પ્રજાપતિ
બ્રહ્માસ્ત્ર

ભારતભરમાં અનેક આંદોલનો ચાલી રહ્યા છે એવી રીતે ગુજરાતમાં પણ સંખ્યાબંધ આંદોલનો ચાલી રહ્યા છે આ બધા આંદોલનો સરકાર દ્વારા જનતાને કરવામાં આવતા અન્યાય બદલ જનતા દ્વારા સરકાર સામે કરવામાં આવતા જનતા આંદોલનો છે

ગુજરાતમાં લાખો લોકો અન્યાયનો અને ગેરરીતીઓનો ભોગ બની હકક અધિકાર માટે આંદોલનો ચલાવી રહ્યા છે છતાં થોડા મંત્રીઓ અને ૧૮૨ ધારાસભ્યોની સતાઓ સામે કોઈને ન્યાય મળતો નથી કારણ કે હજારો નેતાઓ, હજારો ફરીયાદો, હજારો અરજદારો પોતાના અંગત અન્યાય માટે જુદા જુદા લડી રહ્યા છે

જુદાજુદા લડનારાઓ બધા એક સરકાર સામે લડે છે પણ એક સાથે લડતા નથી તેથી સરકાર મનફાવે તેવા જનતા વિરોધી નિર્ણય ઠોકી બેસાડીને ખુલ્લેઆમ સરમુખત્યારશાહી ચલાવે છે, ગુજરાતમાં સૌથી મોટું આંદોલન બંધારણીય અધિકાર પ્રમાણે મફત શિક્ષણ અને વાલીઓનું આંદોલન વર્ષોથી ચાલુ છે સંખ્યાબંધ વાલી મંડળો જુદા જુદા શહેરોમાં છુટક છુટક આંદોલનો ચલાવી રહ્યા છે ગુજરાતમાં આશરે ૧,૨૩,૦૦,૦૦૦ લાખ વાલીઓ છે. પણ સંગઠન નથી કે આંદોલનનું આયોજન કરવામાં આવતુ નથી,

ખાનગી શાળાઓ, કોલેજોના ૮,૦૦,૦૦૦ શિક્ષકો તથા પ્રોફેસરોનું આંદોલન ચાલી રહ્યું છે જેમાં સરકારી ગ્રાન્ટ મેળવવાની તરકીબ વિચારતી ખાનગી શાળાઓ પણ સામેલ છે,

ગુજરાતમાં છેલ્લા ૧૨ વર્ષમાં અનેક પરીક્ષાઓ રદ કરવામાં આવી, ભરતીઓ રદ કરવામાં આવી, ૯,૮૦૦ જેટલા વ્યાયામ શિક્ષકો, સંગીત શિક્ષકો અને અન્ય શિક્ષકો છેલ્લા ૧૨ વર્ષથી આવેદનપત્રો આપવાનું આંદોલન ચલાવી રહ્યા છે,

મધ્યાહન ભોજન યોજનાના કામદારો, રસોયાઓ, મદદનીશોનુ વર્ષો વર્ષ આંદોલન ચાલતુ રહે છે કયારેય કોઈ સરકારે આ નિયમિત ચાલતી યોજનાઓના રોજમદારોનો સુચારુ ઉકેલ આપ્યો નથી,

આંગણવાડી, આશા વર્કરોને સાતમા પગાર પંચ મુજબ સિનિયોરીટી પ્રમાણે કાયમી પગાર ધોરણ નિશ્ચિત કરવાનું આંદોલન છેલ્લા ૧૬ વર્ષથી ચાલતું રહે છે પણ હંગામી છતાં કાયમી ફરજ ઉપરના આંગણવાડી વર્કરો, તેડાગરો, અને આશાવર્કરોને કાયમી રાજયસેવક તરીકે નિયમિત કરરવાની કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી ૧,૦૬,૦૦૦ આજીવન હંગામી રોજમદાર બહેનોનું કાયમી આંદોલન ચાલી રહ્યું છે,

આઉટર્સોસિંગ કંપનીઓ દ્વારા સરકારી, અર્ધસરકારી કચેરીઓ અને સંસ્થાઓમાં કામ કરતાં ૧૨,૦૦,૦૦૦ રોજમદારોના મોંઘવારી પ્રમાણે સાતમા પગારપંચ મુજબ ચોથા વર્ગના કર્મચારીઓ તરીકે પગાર અને લાભો આપવામાં આવતા નથી તે અંગે ૨૦૦૭ થી આશરે ૧૧,૮૦,૦૦૦ પછાત જાતીઓના રોજમદારો છાશવારે આંદોલનો ચલાવી રહ્યા છે, સરકારી કામકાજ કરવાનો અને જાહેર તીજોરીમાંથી વેતન મેળવવાનો હકક અને અધિકાર ફકત રાજયસેવક તરીકે વ્યાખ્યામાં આવતાં કર્મચારીઓને હોય છે સરકાર દ્વારા આઉટર્સોસિંગ કંપનીઓના બિન રાજયસેવક રોજમદારો પાસે કાયમી અને નિયમિત કરવાના કામ કરાવવા સંપુર્ણ ગેરકાયદેસર હોવા છતાં સરકાર ૧૨ લાખ રોજમદારોનું વિધિસર શોષણ કરીને આઉટર્સોસિંગ કંપનીઓને કરોડોનો નફો કરવાનો વ્યાપક ભ્રષ્ટાચાર કરે છે તેની સામે આંદોલનો ચાલી રહ્યા છે,



ગુજરાતમાં ૯ થી વધુ કુષિ વિમો લેતી કંપનીઓ દ્વારા ૨૦૧૭ થી રાજયના ૫૫,૦૦,૦૦૦ થી વધુ ખેડૂતોના પાક વિમા ના આશરે ૬૮૦૦૦ કરોડ ચુકવવાપાત્ર હોવા છતાં પીડિત ખેડૂતો ડીઝીટલ આંદોલન ચલાવી રહ્યા છે, પાક વિમાનું ૧૦ ટકા પ્રિમિયમ ખેડૂતોએ ભરેલું છે, ૯૦ ટકા પ્રિમિયમ સરકારી તીજોરીમાંથી ભરપાઈ કરેલ છે સરકારની જવાબદારી છે કે પાક વિમાના પૈસા કંપનીઓએ ખેડૂતોને ચુકવવા પડે, ૫૫,૦૦,૦૦૦ લાખ ખેડૂત પરીવારોના ૧,૬૦,૦૦૦ મતદારોનું કોઈ સંગઠન કે આયોજન નથી એટલે ગામે ગામ ખેડૂત નેતાઓ બનીને સોશિયલ મિડિયા ઉપર આંદોલનો ચલાવી રહ્યા છે,




તાજેતરમાં અમલમાં આવેલ કૃષિ ઉપજના વેચાણ અને અમર્યાદિત સંગ્રહ તેમજ કંપનીઓ દ્વારા કરાર આધારિત કોન્ટ્રાકટ ફાર્મિંગ કરવાના ત્રણ કૃષિ કાયદાઓ વિરુદ્ધ ગુજરાત સિવાય બીજા રાજયો સહીત દેશભરમાં કિસાન આંદોલન ચાલી રહ્યું છે,

ગુજરાતમાં આદિવાસી વિસ્તારમાં કેવડીયા અને સરદાર સરોવર તેમજ સ્ટેચ્યુ ઓફ યુનીટીના વિસ્તારમાં બનાવેલા પાર્ક, અને વિશેષ પર્યટન સ્થળોના વિકાસ માટે સરકાર દ્વારા સંપાદિત જમીનોના બજાર કિંમતે વળતર અને અવેજમાં આપવાની જમીનો માટે ૩૦,૦૦૦ થી વધુ આદિવાસી ખેડૂતો આંદોલન ચલાવી રહ્યા છે, તેમાં પણ આદિવાસીઓના સ્થાનિક નેતાઓ દ્વારા આયોજન અને સચોટ નેતાગીરીના અભાવે કોઈ પરીણામ મળતું નથી,

સરકારી નોકરીયાત ગણાતા નગરપાલિકાઓ, જીલ્લા, તાલુકા કચેરીઓ, કોર્પોરેશનો, બોર્ડ નીગમોમાં નોકરી કરતા ૩ લાખ કર્મચારીઓ હંગામી રાજયસેવક ને બદલે સાતમા પગારપંચ સાથે કાયમી રાજયસેવક તરીકે અધિકાર મેળવવા આંદોલનો ચલાવી રહ્યા છે,

ગુજરાતમાં ફિકસ વેતનનો અન્યાયી અને પક્ષપાતી કાયદો અમલમાં હોવાથી છેલ્લા પંદર વર્ષથી સરકારી નોકરીમાં પાંચ વર્ષ માટે અડધા જેટલા પગારથી નવી ભરતીના ફિકસ વેતનના સરકારી કર્મચારીઓ કોર્ટ કેસો કરીને સરકાર સામે આંદોલન ચલાવી રહ્યા છે,

ગુજરાતમાં લાખો શિક્ષિત બેરોજગારો છે ૨૦૦૨ પછી ૧૫ વર્ષ સુધી સરકારે જેટલી ભરતી કરી તે ફીકસ વેતનની ભરતી કરી છે અને હાલ પણ આ અન્યાયી કાયદો અમલમાં છે તે ભરતીઓ સિવાયના સંખ્યાબંધ શિક્ષિત બેરોજગારો સરકાર સામે રોજગાર બાબતે નાના નાના આંદોલનો ચલાવી રહ્યા છે,

સાથે સાથે ચૂંટણીમાં ઇ.વી.એમ. મશીનનો ઉપયોગ બંધ કરીને ફકત મતદાન પત્ર દ્વારા ચૂંટણીઓ કરવા માટે નાના મોટા સંગઠનો નિયમિત આંદોલનો ચલાવી રહ્યા છે,

સરવાળે સરેરાશ જોઈએ તો ૧,૨૩,૦૦,૦૦૦, વાલીઓ મફત શિક્ષણ માટે, ૫૫,૦૦,૦૦૦ ખેડૂતો પાક વિમા માટે, ૧૧,૦૦,૦૦૦ ખાનગી શિક્ષકો પુર્ણ વેતન માટે, ૧,૦૬,૦૦૦ આંગણવાડી મહિલાઓ સાતમા વેતન પંચ પ્રમાણે અને કાયમી નોકરી માટે, ૨,૩૦,૦૦૦ ફિકસ વેતનવાળા કર્મચારીઓ પુરતા પગાર માટે, ૧૧,૦૦,૦૦૦ પછાત રોજમદારો આઉટર્સોસિંગના શોષણ સામે, ૧૦,૦૦૦ વ્યાયામ અને સંગીત તથા અન્ય શિક્ષકો ભરતી માટે, ૪૦,૦૦૦ જેટલા મધ્યાહન ભોજન યોજના કર્મચારીઓ ન્યુનયમ વેતન માટે, ૩૦,૦૦૦ આદિવાસી ખેડૂતો જમીનના પુરતા વળતર માટે, .. આમ સરવાળો કરીએ તો ગુજરાતમાં આશરે ૩ કરોડ લોકોને સરકાર અન્યાય કરી રહી છે કુલ વસતીના અડધા લોકો અને કુલ મતદાનના ૭૦ ટકા મતદારોને સરકાર ખુલ્લેઆમ અન્યાય કરીને સરમુખત્યારશાહી ચલાવે છે તેની સામે આંદોલનો ચાલી રહ્યા છે,

આપણે ગણ્યા એ મુખ્ય વિષયોના જુદા જુદા આંદોલનો છે તે સિવાય બીજા અનેક નાના નાના આંદોલનો ચાલી રહ્યા છે, રોડ રસ્તા, ગટર, મકાન, જમીન, આરોગ્ય, ખાણ ખનીજ, પાણી, વિજળીને લગતા અન્યાયો સામે દરેક તાલુકામાં એક બે આંદોલન સતત ચાલતા રહે છે, સરકારમાં અને કલેકટર તથા મામતલદાર ઓફીસોમાં અગણિત આવેદનપત્રો અને અરજીઓના ઢગલા તથા રહે છે, પરતું જાણી સમજી વિચારી ભ્રષ્ટાચાર અને ગેરરીતીઓ કરવા માટે કરવામાં આવતા સતાધિશોના અન્યાય સામે જનતા અને સંગઠનો અલગ અલગ મુદાઓ માટે જુદા જુદા આવેદનો અને આંદોલનો ચલાવી રહ્યા છે

૩,૦૦,૦૦,૦૦૦ કરોડ મતદારોને ૧૮૨ ધારાસભ્યો અને ૨૬ સંસદસભ્યો સહિત પ્રજાના મતદાનથી સતા ઉપર બેસનારા મંત્રીમંડળ દ્વારા એક પછી એક અનેક અન્યાય, ગેરરીતીઓ કરવામાં આવે છે આમાંથી મોટા ભાગના વર્ષોના વર્ષોથી સતા ઉપર બેઠા છે સતાથી કાયમી અન્યાય કરતા રહે છે જે લોકોને જે અન્યાય થાય તે એનો વિષય ઉંચો કરીને આંદોલન કરતા રહે છે, આવેદનપત્રો, રેલીઓ, દેખાવો, ધરણાઓ નિયમિત રીતે ચાલતા રહે છે,

ખુબ સાચી વાસ્તવિકતા છે કે કોઈને ન્યાય આપવાનો હોતો નથી, ફકત આંદોલનો અને આવેદનપત્રો, રેલીઓની આગળ ઉભા રહી, આગળ આગળ ચાલીને થોડા ભાષણો આપીને અવનવા નેતાઓ પેદા કરવામાં આવે છે,

જો ખરેખર સરકાર પાસેથી ન્યાય મેળવવો હોય તો સતા ઉપર બેસીને અન્યાય કરી ચુકયા હોય એવા પક્ષ અને તેના ઉમેદવારોને કોઈએ મતદાન કરવું ના જોઈએ,

બીજું જે જે મુખ્ય આંદોલનો ચાલે છે તે લોકોના વિષયો જુદા છે પણ ન્યાય કરનારા એક છે તેથી જુદા વિષયોના નેતાઓ, સંગઠનોના આગેવાનોએ એક સાથે એક સમયે, એક દિવસે, એક સ્થળે સામુહિક જનતા આંદોલન કરવું જોઈએ,

આંદોલન થાય છે એનો સીધો અર્થ એવો છે કે સરકાર કે સતાધીશોએ અન્યાય કર્યો છે. આવેદનપત્રથી લેખીતમાં રજુઆત થાય છે એટલે એક નહી પણ એક આખા સમુહને અન્યાય કરવામાં આવ્યો છે મતલબ કે વ્યાપક અને સાર્વત્રિક અન્યાય કરવામાં આવી રહ્યો છે,

વ્યાપક અને સાર્વત્રિક અન્યાય થતો હોવા છતાં અન્યાયનો ભોગ બનનારા વિષયો અને માંગણીઓ જુદી હોવાથી એક જ સતાધીશોની સામે એક બનતા નથી તેથી નિયમિત રીતે અન્યાય ચાલતો રહે છે અને સામે પીડીતો નિષ્ફળ આશાઓ સાથે નવરાશ અને સગવડતા મુજબ આંદોલન ચલાવતા રહે છે,



જાહેર જનતાના પ્રશ્નો માટે આંદોલન ચાલતા રહે તે પ્રજાસતાક રાજકારણ માટે મહત્ત્વનું છે ન્યાય મળતો નથી પણ નાના મોટા આંદોલનોથી વર્ષો વર્ષ નવા નવા નેતાઓ, નવા નવા આગેવાનો , નવા નવા રાજકીય ઉમેદવારો પેદા થયા કરે છે,

જનતા માટેના આંદોલનો મુળભુત રીતે તો નવા નવા રાજકારણીઓ અને નેતાઓ પેદા કરવાની ખેતી છે,



ગુજરાતમાં ૮૦ ટકા મતદારો જુદા જુદા અનેક અન્યાય, શોષણ, તાનાશાહી, પક્ષપાતનો ભોગ બને છે બધાના પૈસા, સમય બગડે છે, મહેનત અને પ્રમાણિકતા નિષ્ફળ જાય છે છતાં આ એ લોકો છે છે દરેક નાની મોટી ચૂંટણીમાં એના એજ ભ્રષ્ટાચારીઓ અને અન્યાયકારી પક્ષો અને ઉમેદવારોને ફરી ફરીને મતદાન આપી સતા ઉપર બેસાડતા રહે છે એ ભ્રષ્ટાચારીઓ ફરી ફરીને ભ્રષ્ટાચાર, ગેરરીતીઓ અને અન્યાય કરતા રહે છે,

ન્યાય મેળવવા માટે એકમાત્ર વિકલ્પ છે કે એકવાર ધારાસભ્ય કે સંસદસભ્ય બનેલા વ્યક્તિ અને તેના પરીવારના બીજા સભ્યોને મતદાન આપવુ નહી, દરેક ચૂંટણીમાં બીજા નવા કોઈપણ ઉમેદવારને મતદાન કરવું, ગુજરાતમાં ૩ કરોડ લોકોના ૧૦,૦૦૦ નેતાઓ, આગેવાનોએ રાજધાનીમાં એક સાથે મહા જન આંદોલન શરુ કરવું પડશે, ખેડૂતો, વાલીઓ, શિક્ષકો, બેરોજગારો, કામદારો, રોજમદારોના નેતાઓ, સંગઠનો એક સાથે જયારે સરકાર સામે બધા મુદાઓ એક સાથે જોડીને એક આંદોલન કરશે ત્યારે બધાને ન્યાય મળશે..

પંજાબ અને હરીયાણાના ખેડૂતોનું આંદોલન વિશ્વવ્યાપી બન્યુ છે બ્રિટન, કેનેડા, અમેરીકાની સરકારો પણ સમર્થન કરે છે કારણ કે એક એક ખેડૂત બીજા ખેડૂતોને વફાદાર છે અને સમર્પિત છે, ગુજરાતમાં ખેડુત આંદોલન સફળ થતા નથી કે ખેડૂતોને કરવામાં આવતાં અન્યાયનો ઉકેલ આવતો નથી કારણ કે ગુજરાતના ખેડૂત બીજા ખેડૂતોને વફાદાર અને સમર્પિત નથી,

પંજાબ હરીયાણા ખેડૂતો પોતાના ખર્ચે ટ્રેકટરો, ટ્રકો, લોરીઓમાં રાશન પાણી ગાંદલા ધાબળા તલવારો, લાઠીઓ લઈને આંદોલનમાં સામેલ થાય છે, દરેક ખેડૂતો અનાજ અને પૈસા દાન કરે છે શીખ ખેડૂતો અને ખેડુત સિવાયના લાખો શીખ લોકોએ પોતાની આવકમાંથી ૧૦% રકમ અથવા અનાજ હકક અધિકારની લડતમાં દાન કરેલુ છે, ગુજરાતના ખેડૂતોએ એક રૂપિયો પણ કિસાનોના હકકની લડાઈમાં આપ્યો નથી,

ગુજરાતમાં ૫૫,૦૦,૦૦૦ પંચાવન લાખ ખેડૂતોનો પાક વિમો ચુકવાયો નથી તેની રકમ ૭૦,૦૦૦ કરોડ થાય છે છતાં ખેડૂતોએ પાક વિમો જતો કરવો પડે છે કારણ કે ૫૦૦-૧૦૦૦ નો ખર્ચ કરવાને બદલે હકકના લાખ રૂપિયા જતા કરવાની તૈયારી ગુજરાતી ખેડૂતોની છે,

ગુજરાતનો ખેડુત બે પાંચ લાખની નુકસાની ભોગવી લેશે પણ ખીસ્સામાં આવી ચુકેલા પૈસામાંથી ૫૦૦-૧૦૦૦ ખર્ચશે નહી, ૧,૭૦,૦૦,૦૦૦ એક કરોડ સીતેર લાખ ખેડૂતો છે બધા એક સાથે ફકત ૧૦૦૦ રૂપીયા ખેડુત આંદોલનમાં દાન આપે તો આશરે ૧૭,૦૦,૦૦,૦૦,૦૦૦- સતરસો કરોડ રૂપીયા જેવી ગંજાવર રકમ થાય આ ૧૭૦૦ કરોડથી આખે આખી સરકાર ઘર ભેગી. કરી શકાય,

ગુજરાતમાં સંપૂર્ણ રાજકીય બુદ્ધિ ધરાવતો કોઈ ખેડુત નેતા કે રાજકીય લોકનેતા નથી, ખેડૂતોને જમીન સંપદનના વળતર, પાક વિમો, ટેકાના ભાવ, ખાતર, પાણી, વિજળી, બિયારણ, વગેરેના કાયમી પ્રશ્નો અને અન્યાય ચાલતા રહે છે કારણકે ખેડૂતોમાં કટ્ટર જાતીવાદ પણ છે તેથી જાતીવાદી ખેડૂત આગેવાનો કયારેય ખેડૂત આંદોલનોમાં સફળ થતા નથી,

સરકાર સામે ન્યાય મેળવવા માટે વિશાળ અને જાહેર જન સમર્થન જોઈએ આજે ગુજરાતમાં એકપણ લોકનેતા એવો નથી કે જેને જાહેર જનસમર્થન મળતુ હોય,

ખેડૂતો, વાલીઓ વગેરેને પ્રતિ વર્ષ વ્યકિત રીતે હજારો લાખો રૂપિયાનું નુકસાન થાય છે બધા સમજે છે છતાં વર્ષે નુકસાન ભોગવે છે ખર્ચા ભોગવે છે પરંતુ ખેડૂતો કે વાલીઓએ ખીસ્સામાંથી ૫૦૦-૧૦૦૦ ખર્ચીને સમુહ આંદોલન કર્યુ નથી, સાચા આંદોલન થતા નથી તેનું કારણ સાચો કોઈ નેતા પણ નથી, જેટલા પણ નેતા બન્યા છે તે એક એક વિષય ઉપર બનેલા તકસાધુ નેતાઓ છે એક વિષય ઉપર ચક્કી પીસે છે પણ બીજા અનેક વિષયો ઉપર તેને કોઈ ખબર હોતી નથી, પાક વિમો, ટેકાના ભાવ, ખાતર, બિયારણ, વિજળી, પાણી, વગેરેની કાયમી સમસ્યાઓના કારણે પીડાતા ખેડૂતોએ એક સમુહમાં એક દિશામાં કાર્ય કરવું પડશે, દરેક ખેડુતે એક સાથે ૫૦૦-૧૦૦૦-૫૦૦૦-૧૦,૦૦૦ જેવી રકમ દાન કરવી પડશે, પૈસા અને વ્યવસ્થા વિના દાન અને પરીવર્તનો આવતા નથી, તન મન ધનથી બધા એક સાથે ઉભા થાય તો બધા અન્યાય પણ કાયમી ધોરણે નાબુદ થશે. ખેડૂતો અને વાલીઓ જ્યારે ગજવામાંથી થોડો ખર્ચ કરીને ન્યાય માંગશે ત્યારે શિક્ષણ મફત થશે અને ખેડૂતોની સમસ્યાઓનું કાયમી નિવારણ થશે.

> પંજાબ હરીયાણા ખેડૂતો પોતાના ખર્ચે ટ્રેકટરો, ટ્રકો, લોરીઓમાં રાશન પાણી ગાંદલા ધાબળા લઇને આંદોલનમાં સામેલ થાય છે, દરેક ખેડૂતો અનાજ અને પૈસા દાન કરે છે શીખ ખેડૂતો અને ખેડુત સિવાયના લાખો શીખ લોકોએ પોતાની આવકમાંથી ૧૦% રકમ અથવા ૧૦ % અનાજનું ખેડુતોના હકક અધિકારની લડતમાં દાન કરેલુ છે, ગુજરાતમાં ૫૫,૦૦,૦૦૦ પંચાવન લાખ ખેડૂતોનો પાક વિમો ચુકવાયો નથી તેની રકમ ૭૦,૦૦૦ કરોડ થાય છે છતાં ખેડૂતોએ પાક વિમો જતો કરવો પડે છે કારણ કે ૫૦૦-૧૦૦૦ નો ખર્ચ કરવાને બદલે હકકના લાખ રૂપિયા જતા કરવાની તૈયારી ગુજરાતી ખેડૂતોની છે,ગુજરાતનો પીડીત ખેડુત અને વાલી કે રોજમદાર વગેરે બે પાંચ લાખની નુકસાની ભોગવી લેશે પણ ખીસ્સામાં આવી ચુકેલા પૈસામાંથી ૫૦૦-૧૦૦૦ ખર્ચશે નહી,ગુજરાતમાં કુલ ૧,૭૦,૦૦,૦૦૦ એક કરોડ સીતેર લાખ ખેડૂતો છે બધા એક સાથે ફક્ત ૧૦૦૦ રૂપીયા ખેડુત આંદોલનમાં દાન આપે તો આશરે ૧૭,૦૦,૦૦,૦૦,૦૦૦- સતરસો કરોડ રૂપીયા જેવી ગંજાવર રકમ થાય, પોણા બે કરોડ ખેડૂતો, સવા કરોડ વાલીઓ વગેરેને પ્રતિ વર્ષ વ્યકિત રીતે હજારો લાખો રૂપિયાનું નુકસાન થાય છે બધા સમજે છે છતાં વર્ષે નુકસાન ભોગવે છે ખર્ચા ભોગવે છે પરંતુ ખેડૂતો કે વાલીઓએ ખીસ્સામાંથી ૫૦૦-૧૦૦૦ ખર્ચીને સમુહ આંદોલન કર્યુ નથી, પાક વિમો, ટેકાના ભાવ, ખાતર, બિયારણ, વિજળી, પાણી, મફ્ત શિક્ષણ, પુરતુ વેતન, રોજગાર, વગેરેની કાયમી સમસ્યાઓના કારણે પીડાતા ખેડૂતો, વાલીઓ, રોજમદારોએ એક સમુહમાં એક દિશામાં કાર્ય કરવું પડશે, દરેક પીડીત નાગરીકે ૫૦૦-૧૦૦૦-૫૦૦૦-૧૦,૦૦૦ જેવી રકમ દાન કરવી પડશે, પૈસાથી વ્યવસ્થા ઉભી કર્યા વગર પરીવર્તનો આવતા નથી, તન મન ધનથી બધા એક સાથે ઉભા થાય તો બધા અન્યાય પણ કાયમી ધોરણે નાબુદ થશે. ખેડૂતો અને વાલીઓ જ્યારે ગજવામાંથી થોડો ખર્ચ કરીને ન્યાય માંગશે ત્યારે શિક્ષણ મફ્ત થશે, રોજમદારોને પુરતો પગાર મળશે, અને ખેડૂતોની સમસ્યાઓનું કાયમી નિવારણ થશે.

# અનેક પર્વતો સર કર્યા બાદ હવે માઉન્ટ એવરેસ્ટ સર કરશે ગુજરાતી યુવાન

## ધવલ પટેલ Seven Summit Challenge સ્વિકારી આગળ વધી રહ્યા છે ત્યારે તેમને મદદરૂપ થવા જાહેર જનતાને અપીલ

વહાલા ભારતીયો,

મારું નામ ધવલ પટેલ (સાદરિયા) છે, હું જામનગર જિલ્લાના જામજોધપુર ગામના એક સામાન્ય ખેડૂત પરીવારમાંથી આવું છું અને છેલ્લા બાર વર્ષથી રાજકોટમાં રહીને મારો ઈલેક્ટ્રીકલ કોન્ટ્રાકટનો નાનકડો વ્યવસાય ચલાવું છું. નાનપણથી જ મને સાહસિક પ્રવૃતિઓમાં ખુબ જ રસ હતો. ત્યારે સમયની સાથે સાહસિક ક્ષેત્ર એવું પર્વતારોહણમાં મને વધારે રસ જાગ્યો. આ ક્ષેત્રમાં ઉંડા ઉતરીને જોયું તો જાણવા મળ્યું કે પર્વતારોહણનું ક્ષેત્ર સાહસ અને ખડતલતાથી ભરપૂર છે, ઉપરાંત હિમાલયના દુર્ગમ પહાડો સર કરવા માટે હર હંમેશ મોત સાથે બાથ ભિડવી પડતી હોય છે. મિનિટોમાં બદલાતા કપરાં વાતાવરણ અને કડકડતી ઠંડી વચ્ચે પર્વતારોહણ કરવું ખરેખર અકલ્પનીય સાહસ માગી લે છે. ત્યારે આ ક્ષેત્રમાં આગળ વધવા માટે મેં ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશના હિમાલયમાં ટ્રેકિંગની શરુઆત કરી. ત્યાર બાદ પર્વતારોહણની તાલીમ આપતી સંસ્થાઓ વિશે મને જાણકારી મળી. એ જાણકારીના આધારે મેં પર્વતારોહણ અંગેની આકરી તાલીમ બે તબક્કામાં પૂર્ણ કરી અને ભારત સરકાર દ્વારા પ્રમાણિત પર્વતારોહી બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. જો કે મારા માટે ખરી સફરની શરુઆત હવે જ કરવાની છે. પર્વતારોહણ ક્ષેત્રે દેશ અને રાજયનું નામ રોશન થાય તેમજ મારા જેવા સાહસિક યુવાઓને જોઈને દેશના યુવાઓ આ પ્રકારની સાહસિક પ્રવૃતિઓમાં વધારેને વધારે જોડાય તેવા હેતુથી આગામી સમયમાં હું વિશ્વના સૌથી ઉંચા શીખર માઉન્ટ એવરેસ્ટને સર કરવાની ઈચ્છા ધરાવું છું.

● માઉન્ટ એવરેસ્ટ અંગે થોડીક માહિતી અને ખર્ચની વિગતો.

નેપાળ અને તિબેટ વચ્ચે સ્થિત વિશ્વનું સૌથી ઉંચું શીખર એટલે માઉન્ટ એવરેસ્ટ. દુનિયાના તમામ સાહસિકો આ શીખર સર કરવાની અદમ્ય ઈચ્છા ધરાવતા હોય છે. નેપાળમાં ૫૫૦૦ મીટરની ઉંચાઈએ સ્થિત એવરેસ્ટ બેઈઝ કેમ્પ દર વર્ષે એપ્રિલ - મે મહિના દરમિયાન પર્વતારોહીઓનું ઘર બનતું હોય છે. બેઈઝ કેમ્પથી શીખર સુધીનો કઠિન માર્ગ સાક્ષાત મોતનો રસ્તો કહેવાય છે, જેમાં નાની સરખી ભુલ પર્વતારોહીને મોતના મુખમાં ધકેલી આપે છે. આ ઉપરાંત ૭ હજાર મીટરથી વધારે ઉંચાઈ સર કર્યા બાદ પર્વતારોહીઓ માટે ઓક્સિજન સીલીન્ડર સાથેના માસ્ક પહેરવા ફરજિયાત બને છે, ૮



હજાર મીટરની ઉંચાઈએ પહોંચ્યા પછી શરુ થાય છે ખરાખરીની કસોટી, કેમ કે આ વિસ્તારને ડેથ ઝોન કહેવાય છે જયાં ઉંચાઈના કારણે શરીરમાં આવતા ફેરફારોને કારણે પર્વતારોહીનું ગમે ત્યારે મૃત્યું થઈ શકે છે. એ સિવાય બરફનું તોફાન, કયારેક અચાનક બરફ ધસી પડવો, હાજા ગગડાવતી ઠંડી હવા, અતિ ઠંડીના કારણે શરીરના અમુક અંગો થીજી જવા વગેરે જેવી કઠિન પરિસ્થિતીઓમાંથી પસાર થઈને પર્વતારોહીઓ શીખર સુધી પહોંચે છે.

કોઈ પણ વ્યક્તિ માટે માઉન્ટ એવરેસ્ટ સર કરવા માટે સૌથી મોટો પડકાર હોય છે તેનો ખર્ચ. આશરે ૩૫-૪૦ લાખ રુપિયા જેટલો ખર્ચ બે મહિનાના સમયગાળા દરમિયાન થાય છે. આ ખર્ચની રકમ કોઈ પણ સામાન્ય વ્યક્તિ માટે ઉભી કરવી લગભગ અશક્ય હોય છે, ત્યારે દેશની યુવા સાહસિક પ્રતિભાઓને જીવંત રાખવા અને સફળ બનાવવા માટે કેટલીક મોટી કંપનીઓ કે દાનવીર ભામાશાઓ આવી યુવા પ્રતિભાઓને સ્પોન્સરશીપ અથવા યથાયોગ્ય આર્થિક સહાય આપતા હોય છે. જેના અનુસંધાને હું પણ દેશના દાનવીર ભામાશાઓ કે મોટી કંપનીઓ પાસેથી સાહસિક પ્રતિભા માટે પ્રોત્સાહનની આશા રાખી રહયો છે. માઉન્ટ એવરેસ્ટ સર કરવા માટે થતાં ખર્ચની અંદાજિત વિગતો નીચે મુજબ છે.

૧) પર્વતારોહણ એજન્સીનો ખર્ચ - ૨૩ થી ૨૫ લાખ ૨) પર્વતારોહણનો ખાસ પહેરવેશ અને ચઢાણ માટેના ખાસ સાધનો - ૫ લાખ ૩) વીમો અને રેસ્કયું માટે - ૩ લાખ ૫) પ્રવાસ અને રહેવાનો ખર્ચ - ૪૦ હજાર ૬) એવરેસ્ટ પહેલા જરુરી એવું ભારતનું ૭ હજાર મીટરનું કોઈ એક શીખર સર કરવાનો ખર્ચ - ૩ લાખ ૭) અન્ય પરચૂરણ ખર્ચ - ૨૦ હજાર, ટોટલ અંદાજિત ખર્ચ - ૩૫ લાખ

● શા માટે એવરેસ્ટ સર કરવો છે...?

આમ તો મારું સપનું એવરેસ્ટ કર્યા પછી વિશ્વના અન્ય ખંડોમાં આવેલા સૌથી ઉંચા શીખરો પર દેશ અને રાજયનું ગૌરવ બનીને તિરંગો લહેરાવવાનું છે. આ વિશ્વના સાતેય ખંડના સાતેય ઉંચા શીખરોને **Seven Summit Challenge** કહેવામાં આવે છે જેના ભાગ રુપે હું પ્રથમ ડગલું એવરેસ્ટ સર કરીને શરુ કરવા માગું છું. સાહસના ક્ષેત્રમાં દેશનો ડંકો વગાડતું યુવાધન નિહાળવું છે, તો ગુજરાતના દાનવીર ભામાશાઓને મારી નમ્ર વિનંતી કે સાહસિક પ્રતિભાઓને પ્રોત્સાહિત કરવા માટે અને ફુલ નહિ તો ફુલની પાંખડી સમાન આર્થિક સહાય કરવા માટે આગળ આવે.

● એવરેસ્ટ સર કરવા માટેના પ્રથમ પગથિયા વિશે.

કોરોના મહામારીના કારણે એવરેસ્ટનું સપનું એક વર્ષ આમ પણ પાછું ઠેલાયુ છે, ત્યારે એવરેસ્ટ સર કરવા માટે સૌથી જરૂરી છે કોઈપણ એક ૭ હજાર મીટરની ઉંચાઈનું શીખર સર કરવું અને એ શીખર માટે હું આ ૨૦૨૧ ના વર્ષમાં મે-જૂન મહિનામાં ઉત્તરાખંડ સ્થિત માઉન્ટ સતોપંથ અથવા તો લદ્દાખમાં સ્થિત માઉન્ટ નુન બંનેમાંથી કોઈ એક શીખર સર કરવા વિચારી રહ્યો છું. આ શીખર સર કરવા માટે ઉપરોક્ત વિગતમાં જણાવ્યા અનુસાર અંદાજિત ૩ લાખનો ખર્ચ થાય છે. જેના અનુસંધાને શરુઆતમાં મારે ૩ લાખનો ખર્ચ જ એકઠો કરવાની જરૂર છે. આવા દુર્ગમ શીખરો સર કરવા માટેની એજન્સીઓની વેબસાઈટ લીંક અને એવરેસ્ટના મુખ્ય ખર્ચના કવોટેશન આ પોસ્ટની સાથે મોકલેલા છે. તો તમામ મિત્રો અને લોકોને મારી નમ્ર અપીલ છે કે નીચે આપેલા બેંક ખાતામાં, **Google Pay** અથવા **BHIM UPI** પર આપની ઈચ્છા અનુસાર આર્થિક યોગદાન મોકલી શકો છો. સંજોગોવસાત તમે કદાચ યોગદાન ના આપી શકો તો આ પોસ્ટને વધારેમાં વધારે લોકો સુધી પહોંચાડવા મારી નમ્ર અપીલ છે.

• Bank : Bank Of Baroda
Name : Dhaval K Sadaria
A/C : 15010100036148
IFSC : BARB0KALAWA
Branch : Kalawad Road, Rajkot
• Google pay & paytm : +91 9978537234
• BHIM UPI : 9978537234@barodampay

સત્ય માટે, સત્ય સાથે સતત.. ચક્રવાત

# રાજ્યના અનેક શહેરોમાં બર્ડ ફ્લૂ ફેલાયો

**જૂનાગઢ, પોરબંદર, ગીર સોમનાથ, ભાવનગર, અમરેલી, વડોદરા, ભરૂચ, વલસાડ, નવસારી અને સુરત જિલ્લામાં શંકાસ્પદ રીતે પક્ષીઓના મોત**

(જી.એન.એસ.)વડોદરા,તા.૧૧

ગુજરાત રાજ્યના અનેક જિલ્લાઓમાં શંકાસ્પદ હાલતમાં ટપોટપ પક્ષીઓ મોત પામી રહ્યા છે અને મૃત્યુ પામનાર પક્ષીઓના સેમ્પલને શંકાસ્પદ બર્ડ ફ્લૂ મામલે લેબોરેટરીમાં રવાના કરતા કેટલાકના રિપોર્ટ પોઝિટિવ આવેલ છે. આ મામલે પશુપાલન વિભાગ દ્વારા જૂદા-જૂદા સ્થળે આવેલ પોલ્ટ્રી ફાર્મની આસપાસના ૧થી ૧૦ કિ.મી.ના વિસ્તારને પ્રતિબંધીત જાહેર કરી પોલ્ટ્રી ફાર્મના માલિકો માટે માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે.

રાજ્યમાં જૂનાગઢ જિલ્લાના માણાવદર અને સુરત જિલ્લાના બારડોલીના મઢી બાદ હવે બર્ડ ફ્લૂનો ત્રીજો કેસ વડોદરાના સાવલીમાં સામે આવ્યો છે.?? વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના વસતંપુરા ગામમાં ૩૦ કાગડાના ટપોટપ મૃત્યુ થયા બાદ સેમ્પલ ભોપાલ ખાતે રિપોર્ટ માટે મોકલવામાં આવ્યા હતા. જ્યાં કાગડાના રિપોર્ટ બર્ડ ફ્લૂ પોઝિટિવ આવ્યા છે. જેને પગલે પશુપાલન વિભાગની ટીમ દોડતી થઈ ગઈ છે અને પશુપાલન વિભાગના અધિકારીઓએ કલેક્ટર સાથે બેઠક યોજી છે અને પશુપાલન વિભાગની ટીમે સાવલી તાલુકાના મરઘા ઉછેર કેન્દ્રોને સાવચેતીના પગલા લેવા માટે સૂચનાઓ આપી છે.

સાવલી તાલુકાના વસંતપુરા ગામમાં ગુરૂવારે સાંજના સમયે ૩૦ જેટલા કાગડાઓ ભેદી રીતે મૃત્યુ થયા હતા. જેથી બર્ડ ફ્લૂના કારણે તો આ કાગડા



નથી મર્યાને તેની શંકાએ લોકોમાં ફફડાટ વ્યાપી ગયો હતો. ગ્રામજનોએ આ કાગડાઓને ભેગા કરીને મીઠુ ભભરાવી ખાડામાં દાટી દીધા હતા. આ અંગેની જાણ થતાં પશુપાલન વિભાગની ટીમ ઘટના સ્થળે પહોચી હતી અને મૃત કાગડાના સેમ્પલ લઈ લીધા હતા અને ભોપાલ તપાસ માટે મોકલી આપ્યા હતા. જેનો રિપોર્ટ આજે બર્ડ ફ્લૂ પોઝિટિવ આવ્યા છે.

વડોદરા જિલ્લા પશુપાલન નાયબ નિયામક ડો. પ્રકાશ દરજીએ જણાવ્યું હતું કે, વડોદરા જિલ્લા પશુપાલન ખાતુ વસંતપુરા ગામમાં વેરાઈ માતાના મંદિરની બાજુમાં ૩૦ જેટલા કાગડાના મોત થયા હતા. અમારી ટીમ દ્વારા મૃત કાગડાના સેમ્પલ લેવાયા હતા અને ભોપાલની હાઈસિક્યુરીટી એનિમલ ડિસીઝ લેબમાં મોકલી આપવામાં આવ્યા હતા. જેના રિપોર્ટ પોઝિટિ આવ્યા છે. આ ઉપરાંત કરજણ તાલુકાના કીયા ગામમાંથી મળેલા કબૂતર અને વડોદરાની રિલાયન્સ ટાઉનશિપમાંથી મળેલા ૨ મોરના સેમ્પલ પણ તપાસ માટે ભોપાલ મોકલવામાં આવશે.

વધુમાં તેઓએ જણાવ્યું હતું કે, મરઘા ફાર્મમાં તપાસ હાથ ધરી હતી. જેમાં અમે સાવચેતીને લગતી કેટલીક સૂચના આપી હતી. માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સિંગ ઉપરાંત ગ્લોવ્ઝ અને સેનેટાઈઝરનો ઉપયોગ તથા વ્યક્તિઓની અવરજવર પર પ્રતિબંધો મૂક્યાં છે.

# ક્રાઈમ સિટી સુરત : એક દિવસમાં ત્રણ ત્રણ ઘટનાઓથી સમગ્ર રાજ્યમાં ચકચાર

(જી.એન.એસ.)સુરત,તા.૧૧

ડાયમંડ સિટી સુરતમાં ક્રાઈમની ઘટનામાં સતત વધારો થઈ રહ્યો છે. શહેરમાં એક જ દિવસમાં હત્યાની ત્રણ ઘટનાઓ સામે આવી છે, જેને પગલે પોલીસ દોડતી થઈ છે. મળતી માહિતી પ્રમાણે રવિવારે શહેરના સહરા દરવાજા પાસે એક મહિલા, લિંબાયતમાં એક યુવક તેમજ ગોડાદરામાં યુવાનની હત્યાથી ચકચાર મચી ગઈ છે. હત્યાના બનાવને પગલે પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

સ્થાનિક મીડિયા રિપોર્ટ મુજબ શહેરના સહારા દરવાજા પાસે ઝુંપડપટ્ટીમાં ૬ લોકોના ટોળાએ એક મહિલાની તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકીને હત્યા કરી હતી. ઝુંપડપટ્ટીમાં ૫૪ વર્ષીય ગૌરીબેન તેમના પુત્ર સાથે રહેતા હતા. ૫ મહિના પહેલા ગૌરીબેનની ત્યાં જ રહેતા તરૂણ નામના શખ્સ સાથે બબાલ થઈ હતી. ગૌરીબેન ગઈકાલે બપોરે તરૂણ સાથે વાતચીત કરવા ગયા ત્યારે તેણે તેના સાગરીતો સાથે મળીને ગૌરીબેનની હત્યા કરી નાખી.

મળતી માહિતી પ્રમાણે ગોડાદરામાં માનસરોવર સોસાયટીમાં રહેતા સુરેશ ચૌધરીની રવિવારે ગોડાદરા સંકટ મોચન હનુમાન મંદિરની પાસે ચપ્પુના ઘા ઝીંકીને હત્યા કરાઈ હતી. પોલીસને પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું કે, સુરેશ મંદિર પાસેથી પસાર થઈ રહ્યો હતો ત્યારે ગોલુ અને તેની ટોળકીએ સુરેશ પર ચપ્પુ વડે હુમલો કરીને મોતને ઘાટ ઉતાર્યો હતો. માહિતી મુજબ જૂની અદાવતમાં હત્યા કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે. હાલ પોલીસે ગુનો નોંધીને આરોપીઓની શોધખોળ હાથ ધરી છે.

શહેરના લિંબાયત વિસ્તારમાં પણ મોડીરાત્રે એક યુવકની હત્યા થતાં પોલીસ દોડતી થઈ હતી. પ્રાપ્ત માહિતી પ્રમાણે બે અજાણ્યા શખ્સોએ એક યુવકને ચપ્પાના ઘા મારીને રહેંસી નાખ્યો હતો. પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ લિંબાયતના જલશા બાવાની દરગાહ પાસે મોહસીન સલીમ ખાનની તીક્ષ્ણ હથિયારથી હુમલો કરીને હત્યા કરવામાં આવી છે.

# રૂા. ૬૧૩ કરોડના ખર્ચે છોટા ઉદેપુરમાં વિકાસના કાર્યોનું લોકાર્પણ કરતા રૂપાણી

(જી.એન.એસ)છોટાઉદેપુર,તા.૧૧

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું છે કે, સમગ્ર વિશ્વમાં કોરોના મહામારીને કારણે વિકાસની ગતિ થંભી ગઈ છે, પણ ગુજરાતે આ મહામારીનો મજબૂતાઈથી સામનો કરીને વિકાસની ગતિ અવિરત રાખી છે. કોરોના કાળ ચાલતો હોવા છતાં પણ છેલ્લા પાંચ માસમાં રાજ્યમાં રૂ. ૨૫ હજાર કરોડના વિકાસ કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરી લોકસુવિધાને બહેતરીન બનાવવામાં આવી છે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ આજે છોટાઉદેપુર જિલ્લાના બોડેલી ખાતે જિલ્લાના નાગરિકોની જનસુવિધા અને સુખાકારી માટે રૂ. ૬૧૩.૧૯ કરોડના વિકાસકામોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કર્યું હતું.



છોટાઉદેપુર જિલ્લાના નાગરિકોને પીવાનું શુદ્ધ પાણી મળી રહે તે માટે રૂ. ૬૦૧.૮૮ કરોડના વિકાસ કામોનો પણ આ વિકાસકામોમાં સમાવેશ થાય છે. રાજ્યના તમામ ઘરોમાં વર્ષ ૨૦૨૨ સુધીમાં નલ સે જલ પહોંચાડવાના દૃઢ સંકલ્પને દોહરાવતા મુખ્યમંત્રીએ જણાવ્યું કે, ગુજરાતને પાણીદાર રાજ્ય બનાવવું છે. રાજ્યમાં વીજગ્રિડ અને ગેસની ગ્રિડની જેમ જ પાણી વિતરણ માટે એક લાખ કિલોમિટર લાંબી પાઈપ લાઈનની વોટર ગ્રિડ ઉભી કરી છેવાડાના ઘર સુધી પીવાનું શુદ્ધ પાણી પહોંચાડ્યું છે. મા નર્મદા ગુજરાતની પરિક્રમા કરવા નીકળી છે. રાજ્યમાં છેલ્લા એક માસમાં પાણી પુરવઠાની વિવિધ યોજનાઓના રૂ. ૫૭૦૦ કરોડના કામો હાથ ધરવામાં આવ્યા હોવાનું તેમણે ઉમેર્યુ હતું.

# રાજકોટમાં ૧૦ સ્થળો પર વેક્સિનેશન શરૂ એક સ્થળ પર ૧૦૦ લોકોને રસી અપાશે

(જી.એન.એસ)રાજકોટ,તા.૧૧

રાજ્યભરમાં ૧૬ જાન્યુઆરીથી કોરોના વેક્સિનેશનની શરૂઆત થવા જઈ રહી છે ત્યારે રાજકોટ માં કોરોના વેકસીનેશનને લઈને આરોગ્ય વિભાગ સજ્જ થઇ ગયુ છે. ૧૬ જાન્યુઆરીથી રાજકોટમાં વેક્સિનેશન શરૂ કરાશે. ઈસ્ઝના નાયબ આરોગ્ય અધિકારી ડો. પંકજ રાઠોડએ નિવેદન આપતા કહ્યું કે, રાજકોટમાં ૧૦ સ્થળો પર વેકસીનેશ આપવાની તૈયારીઓ રાજકોટ તંત્ર દ્વારા કરવામાં આવી છે. જેમા પ્રથમ તબક્કે અંદાજીત ૧૨૦૦૦ કરતા વધુ ફ્રન્ટ લાઈન વોરિયર્સને વેકસીન આપવામાં આવશે. દરરોજ ૧ સ્થળ પર ૧૦૦ લોકોને વેક્સિન આપવાની તૈયારી છે. રાજકોટ મનપાના નાયબ આરોગ્ય અધિકારી ડો. પંકજ રાઠોડે



જણાવ્યું હતું કે, પ્રથમ તબક્કાના વેકસીનેશન માટેની તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. આજે મ્યુ. કમિશનરની અધ્યક્ષતામાં વેક્સિનેશન માટે બેઠક બોલાવવામાં આવી હતી. રાજકોટના ૧૦ સ્થળો પર વેક્સિનેશન શરૂ કરવાનું પ્રાથમિક આયોજન ઘડવામાં આવ્યું છે. જેમાં પ્રથમ તબક્કે ૧૨૦૦૦ કરતા વધુ ફ્રન્ટ લાઈન વોરિયર્સ એટલે કે આરોગ્ય વિભાગ સાથે સંકળાયેલા કર્મચારીઓને વેક્સિન આપવામાં આવશે. જ્યારે બીજા તબક્કે ૫૦ વર્ષ કરતા વધુ ઉંમરના અને ગંભીર બીમારી વાળા લોકોને વેક્સિન આપવામાં આવશે. મહત્વનું છે કે, દરરોજ ૧ સ્થળ પર ૧૦૦ લોકોને વેક્સિન આપવાની તૈયારીઓ છે એટલે કે રાજકોટમાં એક દિવસમાં ૧ હજાર લોકોને વેક્સિન આપવામાં આવશે.

# એ હવે કોઈ સ્કૂલ ખોલો... વડોદરામાં ૯માં ધોરણના પ્રેમી વિદ્યાર્થી-વિદ્યાર્થિની ભાગ્યા

(જી.એન.એસ.)વડોદરા,તા.૧૧

વડોદરા પાસેના ગામના ૧૪ દિવસ પહેલા ધોરણ ૯ના વિદ્યાર્થી અને વિદ્યાર્થિની ઘરેથી ભાગી ગયા હતા. જેમને છાણી પોલીસે વાપીથી ઝડપી પાડ્યા છે. પોલીસ વાપીથી બંનેને પોતાની સાથે પરત વડોદરાના પદમલા ગામ લઈ આવી છે. મહત્વનું છે કે, બંને સગીરો પોતાના ઘરેથી રૂપિયા લઈને ભાગ્યા હતા. આ અંગે મળતી માહિતી પ્રમાણે, બંનેને શોધવા માટે છાણી પોલીસે ત્રણ ટીમ બનાવી હતી. જેમાં ટેકનીકલ સોર્સ તથા હ્યુમન ઈન્ટેલીજન્સ ટીમની મદદથી પોલીસ વાપી સુધી પહોંચી હતી. ૨૮મીએ ઘરેથી નીકળ્યા બાદ વિદ્યાર્થી અને વિદ્યાર્થિની સવારે સાડાઆઠ વાગ્યે રણોલી રેલવે સ્ટેશને થોડી રાહ જોયા બાદ કોઈ ટ્રેન ન મળતાં છકડામાં બેસી પહેલા સયાજીગંજ પહોંચ્યા હતા. જે બાદ તેઓએ ત્રણ હજાર રૂપિયામાં કાર ભાડે કરી વાપી ગયા હતા. જ્યાં ખડકલા નામધા રોડ પર આવેલા દેસાઈ વાડમાં તેઓ મહિને ૫૦૦ રૂપિયાના માસિક ભાડાથી એક ઓરડીમાં રહેતા હતા. રોજનો ખર્ચ ચલાવવા માટે વિદ્યાર્થી એક દુકાનમાં રોજના રૂપિયા ૩૩૬ પગાર પર નોકરી શરૂ કરી હતી. બંને જણાં જમવાનું તો બહાર જમતા હતા. વિદ્યાર્થિનીનો હોસ્પિટલમાં મેડિકલ ચેકઅપ કરાવ્યું હતું. આ સગીર વિદ્યાર્થી તેના પરિવારના સભ્યો સાથે વાપી તથા દમણ ફરવા આવ્યો હતો. એટલે તે આ વિસ્તારથી પરિચીત હતો. એટલે પોલીસ પણ એ જ દિશામાં શોધી રહી હતી વિદ્યાર્થીએ પોતાના મિત્રો સાથે વાત કરવા માટે ઈન્સ્ટાગ્રામ પર ડમી એકાઉન્ટ બનાવ્યું હતું.






# ગુજરાત હાથ ધરાયેલ મોજણીમાં પુરૂષો કરતા મહિલાઓ વધુ વ્યસનીઓ

(જી.એન.એસ.)અમદાવાદ,તા.૧૧

તાજેતરમાં આવેલા નેશનલ ફેમિલી હેલ્થ સર્વેમાં ગુજરાતની જે હકીકત સામે આવી છે તે ખરેખર ચોંકાવનારી છે. રાજ્યમાં તમાકુના સેવનમાં પુરુષોની સંખ્યા ઘટી છે પરંતુ સ્ત્રીની સંખ્યા વધી છે.



રિપોર્ટ મુજબ રાજ્યમાં તમાકુના સેવનમાં પુરુષોની સંખ્યામાં ૧૦.૩ ટકાનો ઘટાડો આવ્યો છે. જ્યારે મહિલાઓની સંખ્યામાં ૧.૩ ટકાનો વધારો આવ્યો છે.

શહેરોમાં લગભગ ૩૩.૬ ટકા પુરુષો અને ગ્રામીણ વિસ્તારોમાં ૪૬.૭ ટકા પુરુષોએ વર્ષ ૨૦૧૯-૨૦ના આંકડા મુજબ તમાકુનું સેવન કર્યું હતું. એનએફએચએસ-V મુજબ તમાકુનું સેવન કરનારી મહિલાઓની સંખ્યા ગ્રામીણ વિસ્તારોમાં ૧૧ ટકા અને શહેરી વિસ્તારોમાં ૫.૪ ટકા હતી. જોકે, એનએફએચએસ-IV મુજબ ગ્રામીણ ગુજરાતમાં ૯.૧ ટકા મહિલાઓ શહેરી વિસ્તારોમાં ૫.૨ ટકાની સરખામણીમાં તમાકુનો ઉપયોગ કરે છે.

ગુજરાતથી એક ચોંકાવનારો રિપોર્ટ સામે આવ્યો છે. આંકડાઓ મુજબ ગત પાંચ વર્ષમાં ડ્રાઈ સ્ટેટ ગુજરાતમાં દારૂનું સેવન કરતી મહિલાઓની સંખ્યા બમણી થઈ ગઈ છે. જ્યારે પુરુષોના દારૂ પીવાના મામલા ઘટીને અડધા થઈ ગયા છે. હાલમાં જાહેર થયેલ રાષ્ટ્રીય પરિવાર સ્વાસ્થ્ય સર્વેક્ષણ, ૨૦૧૯-૨૦ના રિપોર્ટમાં આ ખુલાસો થયો છે.

ગુજરાતમાં કુલ ૩૩,૩૪૩ મહિલાઓ અને ૫,૩૫૨ પુરુષોનું સર્વેક્ષણ કરવામાં આવ્યું હતું. જેમાંથી ૨૦૦ મહિલાઓ (૦.૬%) અને ૩૧૦ પુરુષો (૫.૮%)એ દાવો કર્યો કે તેઓ દારૂ પીવે છે. જ્યારે ૨૦૧૫ના એનએફએચએસ સર્વેક્ષણ દરમ્યાન ૬૮ મહિલાઓ (૦.૩%) અને ૬૬૮ પુરુષો (૧૧.૧)એ દારૂ પીવાની વાત સ્વીકારી હતી. ૨૦૧૫માં ૬,૦૧૮ પુરુષો અને ૨૨,૯૩૨ મહિલાઓનું સર્વેક્ષણ કરવામાં આવ્યું હતું. બંને આંકડાઓની સરખામણી કરીએ તો માલૂમ પડે છે કે ૨૦૧૫માં માત્ર ૦.૧ ટકા શહેરી મહિલાઓએ દારૂ પીવાની વાત સ્વીકારી હતી. જ્યારે ૨૦૨૦ના સર્વેક્ષણમાં ૦.૩ ટકા મહિલાઓ દારૂનું સેવન કરતી હોવાનું પ્રકાશમાં આવ્યું છે. જ્યારે ગ્રામીણ ક્ષેત્રોમાં દારૂનું સેવન કરતી મહિલાઓના ટકા ૨૦૧૫માં ૦.૪ ટકાથી વધીને ૨૦૨૦માં ૦.૮ ટકા થઈ ગયા. દારૂ પીતા પુરુષોની સંખ્યા ૨૦૧૫માં ૧૧.૪ ટકાથી ઘટીને ૨૦૨૦માં ૬.૮ ટકા થઈ ગઈ છે.















Chakrvat (morning Daily): owner, publisher & printer : kalavadia jignesh Bhimjibhai,published at : 301/D, jivrajnagari, Ambika township,nr. Nana mava, Rajkot.printed at : Azad sandesh printing press, Navagam, Rajkot.,Editor : Yakub rahemanbhai badi*(responsible for news editing)